# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

થલપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન વચ્ચે ડેટિંગની અફવા



પેજ-09

શુભમન ગિલ: નવી પેઢી બોલને જુએ છે, બોલરોને નહીં

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 27.00 | 14.00 |
| વડોદરા | 28.00 | 13.00 |
| સુરત | 30.00 | 17.00 |

પેજ 5



ભારતે 5 ટ્રિલિયન GDPનો આંકડો પાર કર્યો, 1 ટ્રિલિયન ડૉલર FDIથી આવ્યા

15 DECEMBER-2024 SUNDAY

કાર્યકાળના અંત પહેલા જતા જતા જો બાઈડેને 1500 લોકોની સજા ઘટાડી



પેજ 10

.....સુવિચાર.....

વ્યક્તિએ છેલ્લા શ્વાસ સુધી પ્રયત્ન કરવો જોઈએ, કાં તો લક્ષ્ય પ્રાપ્ત થશે અથવા અનુભવ બંને સારો છે !


વર્ષ-14 । અંક-028 । વિક્રમ સંવત-2081 । માગશર સુદ-પૂનમ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિપક્ષ પર ગર્જ્યા

# સત્તા સુખ, સત્તાની ભૂખ આજ એક માત્ર કોંગ્રેસનો ઈતિહાસ

**1** અમે સોદાબાજી પણ કરી શકત, પરંતુ અમે બંધારણનો રસ્તો પસંદ કર્યો: પીએમ મોદી

**2** નેશનલ એડવાઇઝરી કાઉન્સિલને PMOથી ઉપર રાખવામાં આવી હતી: PM મોદી

**3** 'બંધારણની પ્રક્રિયાથી મને પણ મુખ્યમંત્રી બનવાનો મોકો મળ્યો'

### અમે પણ બંધારણમાં ફેરફારો કર્યા, પરંતુ દેશની એકતા માટે

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

બંધારણના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે આજે, એટલે કે (14 ડિસેમ્બર) શનિવારે લોકસભામાં બંધારણ પર ચર્ચાનો બીજો દિવસ છે. વડાપ્રધાન મોદીનું ભાષણ શરૂ થઈ ગયું છે. મોદીએ કહ્યું- આપણા બધા અને તમામ દેશવાસીઓ માટે આ જ નહીં, વિશ્વના લોકતાંત્રિક દેશોના નાગરિકો માટે આ ગૌરવનો તહેવાર છે. લોકશાહીના પર્વને ગર્વ સાથે ઉજવવાનો આ એક અવસર છે. આજની શરૂઆત સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કરી હતી. આ પછી DMK સાંસદે કહ્યું કે, ભાજપ હિંદુ રાષ્ટ્ર બનાવવા માગે છે. આ અંગે વિવાદ થયો હતો. ભાજપે કહ્યું કે તમે પુરાવા આપો. રાહુલ ગાંધીનું ભાષણ થયું. તેમણે લગભગ 25 મિનિટ સુધી બોલ્યા. રાહુલે સાવરકર પર વાત કરી, એકલવ્ય-દ્રોણાચાર્યની કહાની સંભળાવી. ભાજપ સરકાર પર યુવાનોના અંગૂઠા કાપવાનો આરોપ લગાવ્યો. રાહુલે કહ્યું- જે રીતે દ્રોણાચાર્યએ અંગૂઠો કાપીને એકલવ્યની પ્રતિભા છીનવી લીધી હતી. તેવી જ રીતે ભાજપ સરકાર અગ્નિવીર સાથે યુવાનોનો અંગુઠો કાપી રહી છે.



**▪ કોંગ્રેસ સત્તામાંથી બહાર હતી ત્યારે બાબા સાહેબને ભારત રત્ન આપી શકાયો**

પીએમ મોદીએ કહ્યું કે બાબા સાહેબને ભારત રત્ન આપવાનું કામ પણ ત્યારે શક્ય બન્યું જ્યારે કોંગ્રેસ સત્તામાંથી બહાર હતી. વોટ બેંકની રાજનીતિમાં ડૂબેલા લોકોએ અનામતની અંદર નીટપિકીંગ કરવાનું કામ કર્યું છે અને તેનાથી સૌથી વધુ નુકસાન એસસી-એસટી અને ઓબીસીને થયું છે. પીએમ મોદીએ કહ્યું કે મંડલ કમિશનનો રિપોર્ટ દાયકાઓ સુધી એક બોક્સમાં રાખવામાં આવ્યો હતો.

**▪ કોંગ્રેસના લોકો પણ સુપ્રીમ કોર્ટની લાગણીનો અનાદર કરી રહ્યા છે**

આજે કોંગ્રેસના લોકો પણ સુપ્રીમ કોર્ટની લાગણીનો અનાદર કરી રહ્યા છે. બંધારણનો ઉપયોગ લોકોને ડરાવવા માટે થાય છે. જેઓ તેમના પક્ષના બંધારણનું પાલન કરતા નથી. જેમની નસોમાં આ નથી તેઓ માત્ર સરમુખત્યારશાહી અને ભત્રીજાવાદથી ભરેલા છે. જેઓ પોતાના પક્ષના બંધારણને સ્વીકારતા નથી તેઓ દેશના બંધારણને કેવી રીતે સ્વીકારી શકે?

**બંધારણની તાકાતથી 3 વખત PM બન્યો**

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આ બંધારણ જ છે જેમણે મને અને અન્ય લોકોને અહીં સુધી પહોંચાડવાનો મોકો આપ્યો. એક વાર નહીં, બે વાર નહીં, ત્રણ વાર વડાપ્રધાન બનવું બંધારણની શક્તિ વગર સંભવ ન હતું. દેશે અનેક ઉતાર-ચઢાવ જોયા, પરંતુ જનતાએ તમામ પડકારોમાં લોકશાહીને મજબૂત કરી. આ બંધારણ તમામ ભારતીયો માટે એક વિશેષ આદરનો વિષય છે.'

**લોકસભામાં રાહુલ ગાંધીનું સંબોધન**

## સરકારે અગ્નિવીર યોજનાથી દેશના યુવાનોનો અંગૂઠો કાપ્યો : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

રાહુલ ગાંધીએ એકલવ્યનું દ્રષ્ટાંત આપતા કહ્યું હતું, કે 'અભય મુદ્રામાં હુનરના કારણે શક્તિ આવે છે. જેમ દ્રોણાચાર્યએ એકલવ્યનો અંગૂઠો કાપ્યો હતો, એ જ રીતે તમે (સરકાર) દેશનો અંગૂઠો કાપી રહ્યા છો. જ્યારે તમે ધારાવી અદાણીને આપો છો ત્યારે તમે ધારાવીના યુવાનોનો અંગૂઠો કાપો છો. તમે 70 વખત પેપરલીક કરાવી, ભારતના યુવાનોનો અંગૂઠો કાપ્યો. તમે અગ્નિવીર યોજનાથી દેશના યુવાનોનો અંગૂઠો કાપ્યો.' લોકસભાની કાર્યવાહી આજે (14 ડિસેમ્બર)થી શરૂ થઈ ગઈ છે. લોકસભામાં બંધારણ પરની ચર્ચાના પ્રથમ દિવસે સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન સંવિધાન પર બોલતા વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર વીર સાવરકર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું હતું કે, 'જ્યારે આપણે બંધારણને જોઈએ છીએ અને તેને ખોલીએ છીએ ત્યારે આપણને ડો. આંબેડકર, મહાત્મા ગાંધી અને જવાહર લાલ નેહરુના અવાજો અને વિચારો સાંભળવા મળે છે. આ બધા વિચારો ક્યાંથી આવ્યા? તે બધા વિચારો આ દેશની જૂની પરંપરામાંથી આવ્યા છે. આ વિચાર શિવથી લઈને ગુરુ નાનક, બસવનાથ, બુદ્ધ, મહાવીર, કબીર સુધીના દરેક વ્યક્તિ પાસેથી આવ્યો છે. એક લાંબી યાદી છે.'



**અનુરાગ ઠાકુરે કર્યો પલટવાર**

## અંગૂઠા કાપવાવાળાની વાત કરનારાના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

લોકસભામાં બંધારણ પર ચાલી રહેલી ચર્ચામાં હવે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે રાહુલ ગાંધી પર પલટવાર કરતા જડબાતોડ જવાબ આપ્યો છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે, 'રાહુલ ગાંધી સતત બંધારણ બતાવી રહ્યા છે પરંતુ મેં અગાઉ કહ્યું તેમ તેમને એ પણ નથી ખબર કે બંધારણમાં પાના કેટલા છે. આજે આ લોકો બંધારણને બચાવવાની વાત કરે છે, ભાજપ પર અંગૂઠો કાપવાના મનઘડત આરોપો લગાવે છે. તેઓ ભૂલી જાય છે કે, તેમના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા હતા. ત્યારે કોંગ્રેસ પાર્ટીની જ સરકાર હતી જ્યારે દેશના લોકતંત્રનું ગળું દબાવીને કટોકટી લાદવામાં આવી હતી.' લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સીધો પ્રહાર કરતા ઠાકુરે કહ્યું કે, 'આજે તમે બંધારણને ખિસ્સામાં લઈને ફરો છો, પરંતુ માત્ર તેને લઈને ફરવાથી કંઈ નથી થવાનું. હું તે તમને કહું છું કે, તેને વાંચીને પણ જુઓ, ત્યારે તમને સમજાશે કે ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટીએ કેવી રીતે બંધારણના ધજિયા ઉડાવવાનું કામ કર્યું છે.' રાહુલ ગાંધીની એકલવ્યની સ્ટોરીનો જવાબ આપતા ઠાકુરે કહ્યું કે, 'આજે આ લોકો ભાજપ પર મનઘડત આરોપો લગાવે છે. પરંતુ હું એ યાદ અપાવવા માંગુ છું કે, કોંગ્રેસ પાર્ટીના રાજમાં જ શીખોના ગળા કાપવામાં આવ્યા હતા. ભારતના ઈતિહાસમાં સૌથી વધુ રમખાણો કોંગ્રેસ પાર્ટીના શાસન દરમિયાન જ થયા છે.



### મહારાષ્ટ્રમાં આજે ફડણવીસ કેબિનેટનું વિસ્તરણ થશે

**32 મંત્રીઓ હાજરી આપશે**

(એજન્સી) મુંબઈ । તા. 14

મહારાષ્ટ્રમાં ફડણવીસ સરકારનું કેબિનેટ વિસ્તરણ 15 ડિસેમ્બરે થશે. આમાં સામેલ થનાર મંત્રીઓનો શપથ ગ્રહણ સમારોહ નાગપુરમાં યોજાશે. મહારાષ્ટ્રમાં મંત્રી પરિષદમાં મુખ્યમંત્રી સહિત વધુમાં વધુ 43 સભ્યો હોઈ શકે છે. સૂત્રોનું કહેવું છે કે ભાજપને 20-21 મંત્રી પદ મળવાની શક્યતા છે. જ્યારે શિવસેનાને 11-12 મંત્રી પદ અને નેશનલ કોંગ્રેસ પાર્ટીને 9-10 મંત્રી પદ મળી શકે છે. સીએમ ફડણવીસ પોતે સંભવિત મંત્રીઓને બોલાવશે.

## સોમવારે સંસદમાં 'વન નેશન વન ઈલેક્શન' બિલ રજૂ કરશે સરકાર, ચર્ચા માટે JPCમાં મોકલવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં 'વન નેશન વન ઈલેક્શન' (one nation one election) બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, આ બિલને ચર્ચા માટે JPC પાસે મોકલવામાં આવશે. લાંબી ચર્ચા અને સર્વસંમતિ માટે સરકાર આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલશે. JPC તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે.



**વિરોધમાં વિપક્ષ** દેશમાં અલગ સમયે ચૂંટણી યોજાય છે. કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારી છે. સરકારના આ પગલાનો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી ઘણી I.N.D.I.A. બ્લોકની પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તારુઢ પાર્ટીને ફાયદો થશે. નીતિશની JDU અને ચિરાગ જેવા પ્રમુખ NDA સહયોગીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે.

**▪ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરી હતી અધ્યક્ષતા :** 'વન નેશન વન ઈલેક્શન' પર વિચારણા માટે બનેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ જણાવ્યું કે, આ પ્રસ્તાવને લઈને 32 રાજકીય પાર્ટીઓએ સમર્થન આપ્યું છે, જ્યારે 15 પાર્ટીઓએ તેનો વિરોધ કર્યો છે. આ ઉચ્ચ સ્તરીય સમિતિની અધ્યક્ષતા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરી હતી.

**▪ 'વન નેશન વન ઈલેક્શન' રિપોર્ટ કેવી રીતે થયો તૈયાર :** પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 'વન નેશન વન ઈલેક્શન' સાથે જોડાયેલી અનેક મહત્વપૂર્ણ બાબતો જણાવી છે. તેમણે જણાવ્યું કે, આ રિપોર્ટ તૈયાર કરવામાં લગભગ 6 મહિનાનો સમય લાગ્યો છે. 3 મહિના તો ઈન્વિટેશનમાં લાગી ગયા. ત્યારબાદ અમે ઈન્ટરેક્શન શરૂ કર્યું.

ઓવૈસીના કેન્દ્ર સરકાર પર પ્રહાર

## મસ્જિદો હવે ખતરામાં છે, વક્ફની સંપત્તિ જપ્ત કરવાના પ્રયાસ

(એજન્સી) હૈદરાબાદ । તા. 14

હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. જેમાં બંધારણના 75 વર્ષ પૂરા થવા પર સંસદમાં ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન આજે બંધારણ પર ચર્ચા દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી લોકસભામાં વિપક્ષના આરોપોનો જવાબ આપશે. પીએમ મોદી પહેલા રાહુલ ગાંધીએ લોકસભામાં કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. આ દરમિયાન AIMIMના વડા અને લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પણ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે, 'મુસ્લિમોની મસ્જિદો હવે ખતરામાં છે.' આ દરમિયાન તેમણે વક્ફ અને મુસ્લિમોને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. અસદુદ્દીને લોકસભામાં કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે વક્ફનો સંવિધાન સાથે કોઈ સંબંધ નથી. તમે સંવિધાનનો અનુચ્છેદ 26 વાંચી લો. તમે તમારી શક્તિના જોર પર તેને છીનવી લેવા માંગો છો. ઉર્દૂને નાબૂદ કરી દેવામાં આવી. ભાજપનું કલ્ચરલ રીવોલ્યુશન એ હિન્દુત્વ છે. વધમાં તેમણે જણાવ્યું હતું કે, 'વક્ફની સંપત્તિ છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મુસ્લિમો ચૂંટણી જીતી શકતા નથી. મુસ્લિમ દીકરીઓને હિજાબ પહેરવાથી રોકવામાં આવી રહી છે.



### અલ્લુ અર્જુનની ધરપકડ મામલે કોંગ્રેસ પર ભડકી ભાજપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ફિલ્મ સ્ટાર અલ્લુ અર્જુનની તાજેતરની ફિલ્મ 'પુષ્પા 2'ના પ્રીમિયર દરમિયાન એક મહિલાના મોતના મામલામાં ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજકીય ખળભળાટ મચી ગયો છે. ભાજપ સહિત વિપક્ષી દળોએ તેલંગાણામાં સત્તાધારી કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને ફિલ્મ સ્ટાર સાથે કરવામાં આવતા વ્યવહાર પર સવાલો ઉઠાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઘટના માટે રાજ્ય સરકાર અને વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે X પર લખ્યું કે, 'સંધ્યા થિયેટરમાં બનેલી ઘટના સ્પષ્ટપણે વહીવટી બેદરકારીનું પરિણામ હતું.

પૂર્વ સીજેઆઇ ચંદ્રચૂડનો જવાબ

## અયોધ્યાનો ચુકાદો સત્ય આધારિત, સિદ્ધાંતોનું પણ પાલન કરાયું હતું

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે ન્યાયાધીશ રોહિંનટન નરીમનના અયોધ્યા કેસ અંગેના ચુકાદા મુદ્દે કરેલી ટિપ્પણીથી અસહમતિ વ્યક્ત કરી હતી. પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે કહ્યું હતું કે જે લોકો અયોધ્યા કેસના ચુકાદાની ટિકા કરી રહ્યા છે તેમણે ૧૦૦૦ પેજનો પુરો ચુકાદો નહીં વાચ્યો હોય. આ ચુકાદો હકીકતો આધારિત હતો. સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશ નરીમને કહ્યું હતું કે અયોધ્યા કેસના ચુકાદામાં બિનસાંપ્રદાયિક્તાને ન્યાય નથી અપાયો, આ ચુકાદાને તેમણે વાંધાજનક ગણાવ્યો હતો સાથે જ ન્યાયની મજાક તરીકે ચુકાદાને મુલવ્યો હતો. અને કહ્યું હતું કે સુપ્રીમે પણ સ્વીકાર કર્યો હતો કે બાબરી મસ્જિદ પહેલા ત્યાં કોઇ મંદિર હોવાના પુરાવા નથી. હવે જસ્ટિસ નરીમનના આ નિવેદન બાદ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે ટિપ્પણી કરી હતી. પૂર્વ સીજેઆઇ ચંદ્રચૂડે કહ્યું હતું કે આ ચુકાદો હવે લોકો સમક્ષ છે, જસ્ટિસ નરીમન એક સ્વતંત્ર દેશના નાગરિક છે, તેમણે આ ચુકાદાની ટિકા કરી તે પરથી સાબિત થાય છે કે ભારતમાં બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત જીવિત છે. અમે આ ચુકાદા પર મક્કમ છીએ, આ ચુકાદો તથ્યો અને હકીકતોના આધારે જ અપાયો હતો.



MSP સહિતની વિવિધ માગણીઓને લઈને દિલ્હી તરફ કૂચ કરી રહેલા 101 ખેડૂતો અને પોલીસ વચ્ચે શંભુ બોર્ડર પર ઘર્ષણ

# શંભુ બોર્ડર પર ખેડૂતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો : દિલ્હી કૂચ પર મોકલવામાં આવેલી ટીમને પરત બોલાવી લીધી

### હવે 16 ડિસેમ્બરે ટ્રેક્ટર માર્ચ કાઢશે

(એજન્સી) શંભુ બોર્ડર । તા. 14

હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર શનિવારે એક ખેડૂતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ વાતની પુષ્ટિ ખેડૂતનેતા તેજવીર સિંહે કરી હતી. તેમણે કહ્યું હતું કે એવું જાણવા મળ્યું છે કે ખન્નાના ખેડૂતે સલ્ફાસ ગળી લીધી હતી. તેને હોસ્પિટલ લઈ ગયા છે. અમારી ટીમ નીકળી રહી છે. ખેડૂતની ઓળખ લુધિયાણાના ખન્નાના રહેવાસી જોધ સિંહ તરીકે થઈ છે. તે શનિવારે જ મોરચા પર પહોંચી ગયો હતો. ખેડૂતોને દિલ્હી જવા ન દેવાથી દુ:ખી થતાં તેણે આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. હાલ CID પણ આ અંગે તપાસ કરી રહી છે. આ પહેલાં બપોરે 12 વાગે 101 ખેડૂતો દિલ્હી જવા રવાના થયા હતા, પરંતુ પોલીસે તેમને ઘગ્ગર નદી પરના પુલ પર બેરિકેડ્સ પર રોક્યા હતા. પોલીસ સાથે 40 મિનિટ સુધી દલીલબાજી બાદ ખેડૂતોએ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી પોલીસે ટિયરગેસના શેલ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. જેમાં 10 ખેડૂત ઘાયલ થયા હતા.



ખેડૂતે સલ્ફાસ ગળી લીધી હતી

**રાહુલ ગાંધીએ લોકસભામાં મુદ્દો ઉઠાવ્યો**

રાહુલ ગાંધીએ લોકસભામાં ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કેન્દ્ર સરકારને કહ્યું- દિલ્હીની બહાર તમે ખેડૂતો પર લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસ છોડ્યો. તમે અદાણી-અંબાણીને ફાયદો કરો છો અને ખેડૂતોને નુકસાન કરો છો.

**સેલજાએ કહ્યું- સરકારે ખેડૂતોની માંગણી પૂરી કરવી જોઈએ**

સિરસાથી કોંગ્રેસના સાંસદ કુમારી સેલજાએ કેન્દ્ર સરકાર પાસે ખેડૂતોની માંગણીઓ સ્વીકારીને રાહત આપવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ખેડૂતો તેમની માંગણીઓ માટે લાંબા સમયથી આંદોલન કરી રહ્યા છે, પરંતુ સરકાર તેમની માંગણીઓ સ્વીકારવાને બદલે તેમના પર ટીયર ગેસના શેલ અને લાઠીનો વરસાદ કરી રહી છે. ખેડૂતો સાથે આવું વર્તન કરવું યોગ્ય નથી.

**પંઢેરે કહ્યું- અમારો અવાજ દેશના દરેક ઘર સુધી જઈ રહ્યો છે**

ખેડૂત નેતા પંઢેરે પત્રકાર પરિષદમાં કહ્યું કે અમને જણાવવું જોઈએ કે 100 લોકોનું જૂથ કાયદા માટે કેવી રીતે ખતરો છે. ભલે અમે સરહદની આગળ જઈ શકતા નથી, પરંતુ અમારો અવાજ દેશના દરેક ઘર સુધી પહોંચે છે.

*ખેડૂત નેતા સર્વન પંઢેરે કહ્યું કે 16 ડિસેમ્બરે પંજાબ સિવાય સમગ્ર દેશમાં ટ્રેક્ટર માર્ચ થશે. 18 ડિસેમ્બરે સમગ્ર પંજાબમાં બપોરે 12 થી 3 વાગ્યા સુધી રેલ રોકો અભિયાન ચલાવવામાં આવશે.*

**શંભુ બોર્ડરને પાકિસ્તાન બોર્ડર જેવી બનાવી દીધી**

## ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડવા પર ભડક્યા બજરંગ પૂનિયા

હવે આ ઘટનાને લઈને પહેલવાન અને કોંગ્રેસ કિસાન મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બજરંગ પૂનિયાએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, એક તરફ સરકાર કહી રહી છે કે, અમે ખેડૂતોને રોકી નથી રહ્યા પરંતુ બીજી તરફ તેઓ ટીયર ગેસના શેલ અને વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છે. બજરંગ પૂનિયાએ આગળ કહ્યું કે, શંભુ બોર્ડર પર એવું કરવામાં આવી રહ્યું છે જેવું પાકિસ્તાન બોર્ડર પર કરવામાં આવે છે. જ્યારે નેતાઓ વિરોધ કરવા માટે દિલ્હી જાય છે તો શું તેઓ મંજૂરી લે છે? ખેડૂતો માત્ર પોતાના પાક માટે MSP ઈચ્છે છે. અમે હંમેશા ખેડૂતોનું સમર્થન કરીશું.



# બહારનું પનીર અને બટર ખાતા ચેતજો

## અમદાવાદમાં હોટલ અને રેસ્ટોરન્ટના પનીર અને બટર અપ્રમાણિત સાબિત થયા

(એજન્સી) અમદાવાદ | તા.14

જો હવે તમે હોટલ-રેસ્ટોરન્ટમાં પનીર કે બટરવાળી ચીજવસ્તુઓ ખાતા હોવ તો સાવધાન રહેજો. કારણ કે, તે નકલી અથવા હલકી ગુણવત્તાવાળું પનીર કે બટરનો ઉપયોગ કરતા હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાંથી પનીર અને બટરના સેમ્પલો લેવામાં આવ્યા હતા જે અપ્રમાણિત સાબિત થયા છે. શહેરના શાહીબાગ, ગીતામંદિર અને વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી રેસ્ટોરન્ટમાંથી લેવામાં આવેલા પનીર અને બટરના સેમ્પલોમાં દૂધની માત્રા અને અન્ય ફૂડ સેફ્ટી મુજબની માત્રા ન હોવાથી તેના સેમ્પલ અપ્રમાણિત સાબિત થયા છે.



### 14 દિવસમાં 1208 ખાદ્ય એકમોની તપાસ

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનો, હોટલો, ફૂડ કોર્ટ, રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ કરી નમુના લેવામાં આવતા હોય છે. 1 ડિસેમ્બરથી 14 ડિસેમ્બર સુધીમાં 1208 ખાદ્ય એકમોની તપાસ કરી હતી. ફૂડ વિભાગ દ્વારા સૌથી વધુ પાણીપુરીના પાણીના સેમ્પલો પણ લેવામાં આવ્યા છે. બેકરી પ્રોડક્ટ્સના 19, ખાદ્યતેલના 16, આઈસ્ક્રીમના 13, નમકીનના 12, પાણીપુરીના પાણીના સેમ્પલ 26, પનીર-બટરના 8, મસાલાના 9, મીઠાઈના 6 અને અન્ય 114 એમ કુલ 228 નમૂના લેવામાં આવ્યા હતા.

### 1.21 લાખ વહીવટી ચાર્જ વસૂલ કર્યો

377 જગ્યાને નોટિસ આપી છે. 673 કિલો અને 622 લિટર બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોનો નિકાલ કર્યો છે. જ્યારે 1.21 લાખ વહીવટી ચાર્જ વસૂલ કર્યો છે. ફૂડ વિભાગ દ્વારા વિવિધ ફરસાણ અને મીઠાઈની દુકાન સહિત 457 જગ્યાએ TPC તપાસ્યા હતા. જોકે, આ ચેકિંગ દરમિયાન કેટલી જગ્યાએ સૌથી વધારે તેલ એકથી વધુ વાર વાપરવામાં આવ્યુ અને કેટલાને તેના કારણે દંડ અથવા સીલ કરવામાં આવ્યા છે તેની વિગતો જાહેર કરવામાં આવી નથી.

# કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા સર્કિટ હાઉસ જામનગર ખાતે લોકસંપર્ક યોજાયો

વિશાલ જે હરવરા: જામનગર



રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી ઉપસ્થિત રહેલ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળી હતી.તેમજ નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.મંત્રીશ્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્ક કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓએ પોતાની રજૂઆત મંત્રીશ્રી સમક્ષ મૂકી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે,કૃષિમંત્રીશ્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા આ પ્રકારના લોક સંપર્કનું દર અઠવાડિયે શહેરના લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવે છે. કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ પણ એટલી જ સહૃદયતાથી નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટે સ્થળ પર જ લગત વિભાગો તથા સંબંધિતોને ટેલિફોનિક સૂચના આપી અથવા તો લેખિત કાર્યવાહી કરી લોક પ્રશ્નોના નિરાકરણનું માધ્યમ બને છે.

# હરિયાણા વિધાનસભા અધ્યક્ષ હરવિંદર કલ્યાણે ગુજરાત વિધાનસભાની કરી મુલાકાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ હરવિંદર કલ્યાણે આજે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવેલા હરિયાણા વિધાનસભા અધ્યક્ષનું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભાની કામગીરી તથા તેના નિયમો ઉપરાંત ધારાસભ્યઓને અપાતી વ્યવસ્થા-સુવિધા અંગે હરવિંદર કલ્યાણને વિગતો આપી હતી. ગુજરાત વિધાનસભા મુલાકાત દરમિયાન અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા ગૃહમાં મંત્રીઓ અને ધારાસભ્યઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા સહિત સમગ્ર કામગીરી અંગે હરિયાણા વિધાનસભા અધ્યક્ષને માહિતગાર કર્યા હતા. વિધાનસભા અધ્યક્ષ અને મંત્રીઓ સહીત ધારાસભ્યઓ ઓનલાઈન કઈ રીતે ભાગ લે છે તેનાથી અવગત કરાયા હતા. હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ હરવિંદર કલ્યાણે ગુજરાત વિધાનસભાના NeVA સેવા કેન્દ્રની મુલાકાત કરી હતી. જેમાં તેમણે ગુજરાત વિધાનસભામાં ચાલતી પેપરલેસ કામગીરીની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

# 16 ડિસેમ્બરના સોમવારે સવારે 11 વાગ્યે ગાંધીધામમાં આવેલા ઓસ્લો બ્રિજ સર્કલ બહુજન આર્મી દ્વારા બંધ કરાશે

મહેશ સોની : નખત્રાણા

ગાંધીધામ ઓસ્લો બ્રિજ સર્કલ પાસે આવેલી ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હટાવવામાં આવી હતી. જે બાબતે ડો.બાબા સાહેબ આંબેડકરને માનનારા બહુજન સમાજના વિવિધ સંગઠનો દ્વારા વિરોધ કરાયો હતો.જેને ધ્યાને રાખીને બાદ તંત્ર દ્વારા હૈયાધારણ આપવામાં આવી હતી કે પ્રતિમા પાછી લગાડવામાં આવશે પરંતુ આજે એક વર્ષ પૂર્ણ થયા છતાં પ્રતિમા લગાડવામાં આવી નથી જો કે પ્રતિમા લગાડવા માટે ટેન્ડરને પણ બે મહિના જેટલો સમય વિતી ગયો છે.



છતાં પણ કોઈ કામગીરી થઈ નથી તેવા આક્ષેપો બહુજન આર્મીના લખનભાઈ ધુવાએ કર્યા છે. વહેલી તકે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા લગાડવામાં આવે તેવી માંગ અગાઉ પણ કરાઈ છે. છતાં આ મામલે કોઈ કામગીરી થઈ નથી ત્યારે બહુજન આર્મી દ્વારા ચક્કા જામ કરી વિરોધ કરાશે તેવું લખનભાઈ ધુવાએ જણાવાયું છે.

# કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે ધ્રોલ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રની મુલાકાત લીધી

વિશાલ જે હરવરા : જામનગર



રાજ્યના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના ધ્રોલ માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ ટેકાના ભાવે મગફળી વેચવા આવેલ ખેડુતો સાથે ચર્ચા કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે પ્રાઈઝ સપોર્ટ સ્કીમ PSS અન્વયે ખેડૂતોને તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુસર રાજ્યમાં ૧૬૦થી વધુ કેન્દ્રો દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા શરૂ કરાઈ છે. ગુજરાતના ખેડૂતોને તેમની ઉપજ ના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના ઉત્પાદનને ધ્યાને લઈ કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારે કેન્દ્રીય નોડલ એજન્સીના માધ્યમથી ટેકાના ભાવે ખરીદીનું વિશેષ આયોજન કર્યું છે. ધ્રોલ માર્કેટીંગ યાર્ડ ખાતે અત્યાર સુધીમાં ૧૮૮૦ ખેડુતોને મેસેજથી બોલાવવામાં આવ્યા હતા જેમાંથી ૧૭૬૦ ખેડૂતો પોતાની મગફળી વેચવા માટે હાજર રહ્યા હતા.

# સુબીરના ખૂબ જ અંતરિયાળ વિસ્તાર ડાંગનું ગૌરવ મહેન્દ્ર પવાર PHD થયા



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં અંતરિયાળ વિસ્તારનાં ઉગા ગામનાં વતની મહેન્દ્રભાઈ આઈ.પવાર સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી થયા,તેમણે B.A. સરકારી વિનયન કોલેજ આહવાથી વર્ષ-2014માં પૂર્ણ કર્યુ ,ત્યારબાદ M.A.જે.પી શ્રોફ કોલેજ વલસાડથી 2016 માં પૂર્ણ કર્યુ.વર્ષ 2019માં ગાંધીનગરથી B.Ed.પૂર્ણ કર્યુ, પિતાજીનું અવસાન થતા ઘરની આર્થિક પરિસ્થિતિ અને ઘરની જવાબદારી માથે આવી છતા પણ ભણવાની તરસ ન પૂર્ણ થતાં પ્રોફેસર માટેની વિવિધ પરીક્ષાઓની તૈયારી કરી, તેમાં GSET, NET(JRF)જેવી શ્રેષ્ઠ પરીક્ષાઓ પાસ કરવામાં સફળતા મેળવી.અંતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં Ph.D. માટેની એન્ટ્રસ પરીક્ષા પાસ કરી Ph.D.માં પ્રવેશ લીધો.જ્યાં માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજ અમરેલીના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. બી.આર.ચુડાસમાનાં માર્ગદર્શન હેઠળ 'વિષય ઉપર શોધકાર્ય સંપન્ન કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટમાંથી Ph.D.ની ગૌરવપૂર્ણ પદવી મેળવી છે. આદિવાસી અંતરિયાળ વિસ્તારમાં રહેતા ઘણાં વિદ્યાર્થીઓ કે, જે પોતાના ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ભણતર અધ વચ્ચે છોડી દેતા હોય છે.

# તેરા તુજ કો અર્પણ : ગુજરાત પોલીસની એક અનન્ય પહેલ

## બે વર્ષમાં 2802 કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે રૂ. 180.37 કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના નાગરિકોની સલામતી અને તેમની સુવિધાને કેન્દ્રમાં રાખીને ગુજરાત પોલીસે શરૂ કરેલી 'તેરા તુજકો અર્પણ' પહેલ રાજ્યભરમાં સુખદ પરિણામો આપી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં બે વર્ષમાં ૨૮૦૨ કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે રૂ. ૧૮૦.૩૭ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો છે. એટલુ જ નહિ, મંદિર ચોરીના ગુનાઓમાં ૬૫ કેસ ડિટેક્ટ કરીને ૧૩૦ આરોપીઓને પકડવામાં આવ્યા છે અને રૂ. ૧.૫૭ કરોડનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરવામાં પોલીસે સફળતા મેળવી છે. 'તેરા તુજકો અર્પણ'નો મુખ્ય ઉદ્દેશ છે કે, પોલીસ સ્ટેશનમાં ચોરી, લુંટ સહિતના વિવિધ ગુનાઓમાં રિકવર કે કબજે કરવામાં આવેલા મુદ્દામાલને



કોર્ટના માર્ગદર્શન હેઠળ ઝડપથી મુળ માલિકોને પરત કરવો. આ માટે ફરીયાદી અને અરજદારોને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર ન પડે અને નાગરિકોનો સમય અને શક્તિનો વ્યય ન થાય. આ કાર્યક્રમ અંતર્ગત લોકો માટે જાહેર કાર્યક્રમ-લોક દરબાર યોજીને મૂળ માલિકોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવી રહ્યો છે. બે વર્ષમાં રાજ્યમાં કુલ ૨૮૦૨ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમો યોજવામાં આવ્યા છે, જેમાં રૂ. ૧૮૦.૩૭ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરવામાં આવ્યો છે. મંદિરમાં ચોરીની ઘટના લોકોની આસ્થા સાથે જોડાયેલી છે ત્યારે ગુજરાત પોલીસે મંદિર ચોરીના ગુનાઓમાં ૬૫ કેસ ડિટેક્ટ કરીને ૧૩૦ આરોપીઓને પકડ્યા છે અને આ કાર્યક્રમ અંતર્ગત રૂ. ૧.૫૭ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કર્યો છે. 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ ઓછામાં ઓછા સમયગાળામાં મૂળ માલિકોને તેમની ચોરાયેલી-ખોવાયેલી કે રિકવર/કબજે કરેલી ચિજવસ્તુ પરત મળી રહે તેવા પ્રયત્નની ફલશ્રૃતિ છે.

# અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં એક વ્યક્તિનું મોત

કિશન રોહિડા : જરોદ

જરોદ પોલીસ સ્ટેશન ના હદમાં આવતા આસોજ ના રાજ્ય ધોરીમાર્ગ પર આવેલ રેલીશ હોટલ સામે વડોદરા થી પાવાગઢ તરફ પોતાની મોટરસાયકલ નંબર જીજે ૬ એફ બી ૫૧૮૯ પર અતરખાન કામિલખાન



પઠાણ ઉ વર્ષ ૩૬ રહે ૧૭૨ -૭૩ રોશન પાર્ક નવા યાર્ડ વડોદરા જતી વેળાએ કોઈ અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં મોઢા ના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા જરોદ રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા વધુ સારવાર માટે વડોદરા એસ એસ જી હોસ્પિટલ ખાતે પહોંચે તે પહેલાં અતરખાન પઢાણ નું મૃત્યુ નીપજ્યું હતું અકસ્માત ની જાણ જરોદ પોલીસ ને થતાં ઘટનાસ્થળે પહોંચી અકસ્માત મોત નો ગુન્હો નોંધી ને જરોદ પોલીસ સ્ટેશન ના પી એસ આઈ એસ જી ડામોરે આગળ ની તપાસ હાથ ધરી છે.

# આપત્તિ વ્યવસ્થાપન વિશે જાણીએ



આજરોજ ચાણસ્મા પ્રાથમિક કન્યાશાળા માં શાળાકીય આપત્તિ વ્યવસ્થાપન સમિતિ દ્વારા આપત્તિ વ્યવસ્થાપનને જાણવાનો પ્રોજેક્ટ કરવામાં આવ્યો. આ આયોજનના ભાગરૂપે 10 શિક્ષકશ્રીઓને એક એક આપત્તિ વ્યવસ્થાપન વિશે ચર્ચા તથા પોતાના વર્ગની 2 બાળાઓ સાથે પ્રેઝન્ટેશન રજૂ કરવાનું કાર્ય આપવામાં આવ્યુ. જાનકીબેનની તથા ચંદ્રિકાબેનની ટીમ દ્વારા ભૂકંપ , ભાઈલાલભાઈની ટીમ દ્વારા વાવાઝોડુ., જીજ્ઞાબેનના જૂથ દ્વારા પૂર , સુરેખાબેનના જૂથ દ્વારા માનવસર્જિત આફત , કમળાબેનની ટીમ દ્વારા હુલ્લડ,ચિરાગભાઈના જૂથ દ્વારા આગ, હસુમતીબેનની ટીમ દ્વારા રાસાયણિક આપત્તિ, સ્વીટીબેન અને હેતલબેનના જૂથ દ્વારા અતિવૃષ્ટિ, લાસીબેનના જૂથ દ્વારા દુષ્કાળ .આમ કુદરતી આપત્તિઓની તથા માનવસર્જિત આપત્તિઓની આ પ્રોજેકટ માં આપત્તિ પહેલાં.આપત્તિ સમયે અને આપત્તિ પછી રાખવાની કાળજીની દરેક જૂથે ચાર્ટ દ્વારા ઊંડાણથી સમજ આપી.દરેક જૂથ દ્વારા જનરલ સેશનમાં પોતાને ફાળે આવેલ આપત્તિની વિગતે ચર્ચા કરવામાં આવી. અને શાળાકીય આપત્તિ વ્યવસ્થાપન ની વિવિધ સમિતિઓના કાર્ય ની સમીક્ષા શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ દ્વારા કરવામાં આવી તથા આગામી સમયે કરવાની થતી પ્રવૃત્તિઓ ની વિશદ ચર્ચા કરવામાં આવી. દરેક આપત્તિના ચાર્ટનું પ્રદર્શન ગોઠવી, વારાફરતી બાળાઓને નિહાળવાની તક આપવામાં આવી.આમ આપત્તિ વ્યવસ્થાપન બાબતે સજ્જતા કેળવી.

# નર્મદામાંથી ફાગવેલ, પાવાગઢ જવા મોટી સંખ્યામાં સંઘ નીકળ્યા

ભરત શાહ : નર્મદા

નર્મદા જીલ્લામાંથી તારીખ 14/12/2024 ના રોજ ફાગવેલ, પાવાગઢ જવા મોટી સંખ્યા મા સંઘ અને વરઘોડા નીકળ્યા, તમામ ભક્તો પગપાળા સંઘ લઈને



જાય છે અને પૂનમ ના દિવસે ભાથીજી દાદા ને ઘોડો ચઢાવે છે, ડેડીયાપાડા ના પાડા, મોજરા ખાતે થી પણ પગપાળા સંઘ નીકળ્યો આ સંઘ ગામે ગામ ફરી ફાગવેલ પહોંચશે. આખા વર્ષ દરમિયાન આ વખતે નર્મદા જિલ્લા માંથી ખુબ મોટી સંખ્યા માં ભક્તો ઉમટી પડ્યા છે, અમુક પોતાના વાહન દ્વારા અને અમુક ભક્તો ખાનગી વાહનો લઈ પૂનમેં દર્શન કરવા જાય છે. જોકે સાંસદ મનસુખભાઈ વસાવા એ આ માટે હર્ષ સંઘવી ને પત્ર લખી જાણ કરી છે કે, ફાગવેલ પાવાગઢ જતા યાત્રિકો ને કોઈ પોલીસ અથવા ટ્રાફિક પોલીસ રોક ટોક ના કરે.

# દેવભૂમિ દ્વારકાના જિલ્લાના ખંભાળિયા ખાતે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં 'વંચિતો વિકાસની વાટે' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખંભાળિયા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વિકસતી જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા પ્રભાગ તેમજ સંલગ્ન નિગમોની યોજનાઓના સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ઝોનના ૧૯ જિલ્લાના લાભાર્થીઓનેલોન/સહાય વિતરણનો "વંચિતો વિકાસની વાટે" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રીસહિતના મહાનુભાવોએ ૧૯ જિલ્લાના ૩,૫૩,૪૦૭ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ રૂ. ૧૭૪.૨૫ કરોડની



લોન/સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ સમાજમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ કઈ રીતે થઈ શકે તે આપણને શીખવાડ્યું છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ વંચિતોનું સશક્તિકરણ કરવાનું તેમણે શરૂ કર્યું હતું. વંચિતોને વિકાસની રાહમાં કઈ રીતે જોડી શકાય એ તેમણે સૌને શીખવાડ્યું છે. મંત્રી ભાનુબેન બાબરીયાએ ઉમેર્યું હતું કે, ભગવાન દ્વારકાધીશની ભૂમિ પરથી આજરોજ સૌરાષ્ટ્ર કચ્છ તેમજ ઉત્તર ઝોનના ૧૯ જિલ્લાના ૩.૫૩ લાખ કરતા વધારેલાભાર્થીઓને રૂ.૧૭૪.૨૫ કરોડથી વધુ રકમના લાભ પારદર્શીતા સાથે સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે જેના માટે હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. રાજ્યના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાભ પહોંચાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર સતત પ્રયત્નશીલ છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે,તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાભ પહોચાડવામાં આવી રહી છે.

# મોરબી જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિકાસ તથા વિવિધ પ્રશ્નોની સમીક્ષા અર્થે સંકલન સમિતિની બેઠક યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

મોરબી જિલ્લા પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવા તથા જિલ્લાના વિવિધ પ્રશ્નોની સમીક્ષા અર્થે સંકલન સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં મોરબી જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ શહેરથી લઈ ગ્રામ્ય કક્ષા સુધી લોકોના વિવિધ પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ આવે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતું. મંત્રીએ વિકાસ કાર્યોની સાથે સામાન્ય નાગરિકોના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવે તે રીતે આ બાબતને પ્રાથમિકતા આપવા પણ ઉપસ્થિત અધિકારીઓને તાકિદ કરી હતી.

# CRC કક્ષાની વાર્તા કથનમાં નાગવીરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની ઝળકી



મહેશ એલ.સોની નખત્રાણા

CRC કક્ષાની વાર્તા કથનમાં નાગવીરી પ્રા. શાળામાં અભ્યાસ કરતી ધોરણ ૧ ની વિદ્યાર્થિની ફિરદોસ જાવેદભાઈ લુહારે crc કક્ષાએ વાર્તા કથન માં પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ શાળાનાં આચાર્યા શ્રીમતી છાયાબેન મોદી તેમજ શાળા પરીવારે અભિનંદન આપ્યા હતા. ધોરણ 1માં અભ્યાસ કરતી ફીરદોસે વાર્તા કથનમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળા તેમજ સમાજનું નામ રોશન કર્યું છે.

# નિમુબેન બાંભણીયાના માર્ગદર્શન હેઠળ ભાવનગરમાં દિવ્યાંગજનો માટે ADIP શિબિરનું આયોજન કરાયું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દિવ્યાંગજનો માટે ADIP (એડ્સ એન્ડ એપ્લાયન્સીસની ખરીદી/ફીટીંગ માટે દિવ્યાંગજનોને સહાય) યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં મૂલ્યાંકન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 2047 સુધીમાં 'વિકસિત ભારત' માટેના વિઝનને સાકાર કરવા માટે અનુરૂપ છે. જે ખાતરી આપે છે કે દરેક દિવ્યાંગજનોને સમાજમાં યોગદાન આપવાની તક મળે. સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી ADIP યોજના હેઠળ દિવ્યાંગજનોને મૂલ્યાંકન કર્યા પછી જરૂરી સહાયક ઉપકરણો નિઃશુલ્ક આપવામાં આવે છે. તા. 5 ડિસેમ્બરથી તા. 18 ડિસેમ્બર સુધી ચાલનારી આ મૂલ્યાંકન શિબિરનું આયોજન ઉજ્જૈનની ALIMCOના સહયોગથી કરવામાં આવ્યું છે. આ શિબિરની વ્યાપક જાગૃતિ દરેક દિવ્યાંગજનો સુધી પહોંચે તે માટે વધુમાં વધુ પ્રયાસ કરવામાં આવ્યા છે.ભાવનગરના સંસદસભ્ય નિમુબેન બાંભણિયાએ આ પહેલમાં વિશેષ રસ લીધો છે. તેમણે દિવ્યાંગજન માટે કામ કરતી વિવિધ NGOને એકત્ર કરી અને તમામ જનપ્રતિનિધિઓને જાગરૂત કર્યાં છે. જિલ્લા વહીવટીતંત્રે પણ લાભાર્થીઓને ગૌરવપૂર્ણ અને આરામદાયક અનુભવની બાંયધરી આપવા માટે વિવિધ વ્યવસ્થાઓ સાથે સરળ અને અડચણ મુક્ત સેવા વિતરણની ખાતરી આપી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

બેભાન થયેલી યુવતીએ લગ્નના બે દિવસ પહેલાં દમ તોડ્યો; મૃતકોના વિસ્તારોમાં એપિડેમિક સેલનો સર્વે

# સુરતમાં 36 કલાકમાં તાવથી 5નાં મોત...

(એજન્સી) સુરત | તા.14

સુરત શહેરમાં છેલ્લા 36 કલાકમાં તાવથી પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં એક ચાર વર્ષની બાળકી અને દુલ્હન પણ સામેલ છે. છેલ્લા ત્રણ દિવસથી તાવમાં પીડાતી યુવતીએ પીઠીના દિવસે એકાએક બેભાન થયા બાદ દમ તોડતાં પરિવાર માટે ખુશીનો માહોલ માતમમાં ફેરવાયો હતો.

તાવ અને ઝાડા-ઊલટીને કારણે થયેલાં આ પાંચ મોતને ધ્યાને લઈ હવે આરોગ્ય વિભાગનો એપિડેમિક સેલ સક્રિય થયો છે, જેમાં અલગ-અલગ ટીમો બનાવીને મૃત્યુ પામનારા લોકોના અમરોલી, બમરોલી, પાંડેસરા સહિતના વિસ્તારોમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ટીમ દરેક વિસ્તારમાં 150 ઘરની તપાસ કરશે.

### ‘150 ઘરનો સર્વે કરવામાં આવશે’

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મલેરિયા, ડેન્ગ્યૂ, સાથેસાથ ઝાડા-ઊલટીની ઘરે કઈ રીતે સારવાર કરી શકાય એની માહિતી આપવામાં આવશે. આ સર્વેમાં અમારા 472 સર્વેલેન્સ વર્કર દરરોજ ઝાડા-ઊલટીના સર્વે કરતા હોય છે. એપેડેમિક સેલની ટીમ જેમાં બે એસઆઇ, બે સ્ટાફના લોકો, ચાર સર્વેલન્સ વર્કર સાથે લીડર તરીકે ડોક્ટરની ટીમ ગઈ છે. એમાં તમામ રોગોના સર્વે થશે. દર્દીને સ્થળ પર સારવાર આપવામાં આવશે. હાલ આ સર્વે ચાર વિસ્તારમાં ચાલુ છે. અમરોલી વિસ્તારમાં બે જગ્યાએ સર્વે ચાલુ છે, પાંડેસરા અને બમરોલીમાં સર્વે ચાલુ છે. ઓછામાં ઓછાં 150 ઘરનો સર્વે કરવામાં આવશે. તમામની ગુણવત્તા ચકાસવામાં આવશે.



**1. લગ્નના બે દિવસ પહેલાં યુવતીનું દુઃખદ મોત**
મૂળ મહુવાના વતની અને ગોડાદરાના મણિભદ્રા કોમ્પ્લેક્સમાં રહેતા હકાભાઈ રાઠોડનો પરિવાર સમૂહલગ્ન માટે તૈયારીઓમાં વ્યસ્ત હતો. હકાભાઈની દીકરી કાજલના આજે (14 ડિસેમ્બર) આહીર સમાજ સેવા સમિતિ આયોજિત સમૂહલગ્નમાં લગ્ન થવાના હતા. આ વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી કાજલ તાવથી પીડાઈ રહી હતી, જેમાં ગુરુવારે પીઠીની વિધિના દિવસે કાજલની તબિયત વધુ ખરાબ થતાં ઝાડા અને ઊલટી શરૂ થયાં હતાં. આ સ્થિતિમાં પરિવારજનો તેને તાત્કાલિક સ્મિમેર હોસ્પિટલ લઈ જઈ રહ્યાં હતાં, પરંતુ રસ્તામાં જ કાજલે દમ તોડ્યો હતો.

**2. પાંડેસરાની ચાર વર્ષીય બાળકીનું મોત**
મૂળ અયોધ્યાના વતની અને પાંડેસરા ગીતાનગરમાં રહેતા માબનલાલ નિષાદની ચાર વર્ષની પુત્રી પ્રિયાંશુને ડેન્ગ્યૂનો ચેપ લાગ્યો હતો. વતનમાં સારવાર બાદ સુરત આવ્યા પછી બાળકીની તબિયત લથડતાં ખાનગી અને ત્યાર બાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં તેનું મોત નીપજ્યું છે.

**3. ડેન્ગ્યૂમાં 20 વર્ષીય યુવતીનું મોત**
પાંડેસરાના આનંદ હોમ્સમાં રહેતી રિતુ શર્મા છેલ્લા કેટલાક દિવસથી ડેન્ગ્યૂથી પીડાઈ રહી હતી. બુધવારે માતાએ તેને ઉઠાડવા પ્રયત્ન કર્યો ત્યારે તે બેભાન હતી. એ બાદ પરિવારે 108 એમ્બ્યુલન્સ બોલાવતાં ફરજ પરના તબીબે તેને તપાસી મૃત જાહેર કરી હતી.

**4. 21 વર્ષીય યુવાનનું મૃત્યુ**
મૂળ ઉત્તરપ્રદેશના સુલતાનપુરના વતની સુલેહ ઈદ્રીશી અમરોલીમાં રહેતો અને કાચ કટિંગ કારખાનામાં કામ કરતો હતો. તાવને કારણે બુધવારે સાંજે તેનું મોત નીપજ્યું હતું.


**5. 35 વર્ષના મજૂરનું શ્વાસની તકલીફ બાદ મોત**
અમરોલી કોસાડ આવાસમાં રહેતા સંજય સોલંકીને તાવ અને શ્વાસની તકલીફ થતાં સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત થયું હતું.

## ત્રણ ગેંગે કારસ્તાન કર્યાની શક્યતા: છેલ્લા છ વર્ષમાં જ દસ્તાવેજમાં ચેડાંનું કૌભાંડ આચરાયું

(એજન્સી) રાજકોટ | તા.14

રાજકોટ શહેરમાં 17 બોગસ દસ્તાવેજો બનાવવાનું કારસ્તાન બુધવારે પ્રકાશમાં આવ્યા બાદ તેમાં કૌભાંડી ત્રિપુટીનું નામ ખુલ્યું હતું. આ કૌભાંડી ત્રિપુટીઓએ પોતાનું કારસ્તાન છતું ન થાય તે માટે રાજકોટ શહેર આસપાસની કિંમતી જમીનના બોગસ દસ્તાવેજો બનાવવા 52 વર્ષ જૂના મિલકતોના માલિકોને શિકાર બનાવ્યા હતા.

કૌભાંડીઓએ રૈયા સર્વે નંબરમાં આવેલી 3663.70 ચોરસવાર બિનખેતી થયેલી જમીન કે જેની અંદાજિત કિંમત રૂ.15 કરોડ થાય છે તેના 9 જેટલા દસ્તાવેજો બનાવી લીધા હતા. આ ઉપરાંત રાજકોટ શહેરના રેવન્યૂ સર્વે નં.66ની રૂ.335 કરોડની કિંમતની 22 એકર 17 ગુંઠા ખેતીની જમીન, મવડીની રૂ.120 કરોડની અંદાજિત કિંમતની 8 એકર 10 ગુંઠા ખેતીની જમીન, માંડા ડુંગરની રૂ.21 કરોડની 3 એકર 15 ગુંઠા ખેતીની જમીન, રૈયાની રૂ.65 કરોડની 4 એકર 15 ગુંઠા ખેતીની જમીનના પણ આરોપીઓએ બોગસ દસ્તાવેજો બનાવ્યા હતા. તેમજ રાજકોટ શહેરમાં આવેલી બે કિંમતી મિલકત કે જેની કિંમત અંદાજે રૂ.4 કરોડ થાય છે તેવા બે મકાનોના દસ્તાવેજો પણ બનાવી નાખ્યા હતા. કૌભાંડી ત્રિપુટીએ મોટાભાગે રાજકોટ શહેરની બહાર રહેતા લોકોની કરોડો રૂપિયાની મિલકતના બોગસ દસ્તાવેજો બનાવ્યાની શંકા સેવાઇ રહી છે. આમ કૌભાંડી ત્રિપુટીએ રૂ.560 કરોડથી વધુ મિલકતના બોગસ દસ્તાવેજો બનાવી નાખ્યાની હકીકત પ્રકાશમાં આવી છે. આઉટ સોર્સિંગથી સરકારી કામ આપવું કેટલું જોખમી અને ખતરનાક છે તેની વિગતો પણ હવે સ્પષ્ટ થઇ ગઇ છે. સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-1માં અગાઉ કામ કરતો હર્ષ સોની અને જયદીપ ઝાલા માત્ર 11 હજાર રૂપિયામાં નોકરી કરતા હતા.



### અહીંયા ભૂલ કરાઇ ને કારસ્તાન બહાર આવ્યું

સરોજબેન રુદ્રદત્તભાઇ રાવલનો રૈયા સર્વે નં.277/1માં 42 નંબરનો 344.45 ચોરસ મીટરનો 1970ની સાલથી પ્લોટ આવેલો હતો. આ પ્લોટના દસ્તાવેજમાં ચેડાં કરવામાં આવ્યા પરંતુ ચેડાં કરનારે એક ભૂલ કરી. દસ્તાવેજના તમામ કાગળો સ્કેન કરીને યથાવત રાખવામાં આવ્યા, મુખ્ય પેજ કે જે રૂ.100ના સ્ટેમ્પ પેપર પર લખવાનું હોય તેમાં સરોજબેનને વેચનાર તરીકે જ્યારે મનહરલાલ નૌતમલાલ કોટેચાને ખરીદનાર તરીકે બતાવ્યા. પણ છેલ્લા પાનામાં જે સહીઓ કરવાની હોય તે કરવાનું ભૂલી ગયો અને આ ભૂલના કારણે આખું કારસ્તાન બહાર આવ્યું ત્યારબાદ તપાસ થઇ તે પછી એકમાત્ર દસ્તાવેજ નહીં પરંતુ 17માં ચેડાં થયાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું છે.

## કેનાલમાં કાર ખાબકી, યુવકનું મોત : કેનાલમાં ખાબકેલી કારને પોલીસે બહાર કાઢી

(એજન્સી) પાટણ | તા.14

પાટણ જિલ્લાના સાંતલપુરના મઢુત્રા નજીકથી પસાર થતી KBC કેનાલમાં આજે વહેલી સવારે ઈનોવા કાર ખાબકી હતી. કાર ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર કેનાલમાં ખાબકતાં પાણીમાં ગરક થઈ હતી. બનાવની જાણ પોલીસ તાત્કાલીક આવી પહોંચી હતી અને શોધખોળ હાથ ધરી હતી. જેમાં ગાડી ચાલકનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગાડી અને યુવાનની લાશને કેનાલમાંથી બહાર કાઢી લીધી છે. આ બનાવની મળતી માહિતી મુજબ શનિવારે સવારે સાંતલપુરનો શખ્સ રાપરના ફતેહગઢ ગામે ગયો હતો. જ્યાથી પોતાની ગાડી લઈને પરત સાંતલપુર ફરી રહ્યો હતો, ત્યારે સાંતલપુર-મઢુત્રા માર્ગ પર ગાડીના સ્ટેયરિંગ પરથી તેને કાબુ ગુમાવતા ઈનોવા ગાડી કેનાલમાં ખાબકી હતી. જેથી ગાડી ચાલકનું મોત થયું છે.
સાંતલપુર પી આઈ નિકુલ પંચાલે જણાવ્યું હતું કે, આ હિતેશ કોડી તે રાપરના ફતેગઢથી તેના માસીના ઘરે થી રાત્રે 11 વગાયા આસપાસ સાંતલપુર ઘરે આવવા નીકળ્યો હતો. રાત્રી હોવાના કારણે અને ગાડી પર સ્પીડમાં હોવાના કારણે તે ગાડી સાથે કેનાલમાં ઉતરી ગયો હોવાનું અનુમાન છે.

## આણંદમાં દબાણ હટાવવા ગયેલી ટીમ પર પથ્થરમારો, પોલીસે લાઠીચાર્જ કર્યો

(એજન્સી) આણંદ | તા.14

આણંદ શહેરની બોરસદ ચોકડી પાસે ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી દરમિયાન સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. મામલો ઉગ્ર બનતા સ્થાનિકોએ પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસે વળતો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

આણંદ શહેરની બોરસદ ચોકડી પાસે કૈલાસભૂમિ નજીક શુક્રવારે (13મી ડિસેમ્બર) પાલિકા દ્વારા દબાણ કરનારા ઝુપડપટ્ટીઓના 371 કાચા-પાકા મકાનોના વીજ અને પાણીના જોડાણો કાપી નાખવામાં આવ્યા હતા. જેના કારણે સ્થાનિક મહિલાઓ દ્વારા વિરોધ કરાયો હતો. પરંતુ પાલિકાની સમજાવટ બાદ મામલો થાળે પડયો હતો. પાલિકા દ્વારા આજે આ તમામ દબાણો ઉપર બૂલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે.

આણંદ પાલિકાના ચીફ ઓફિસર એસ.કે. ગરેવાલે જણાવ્યું જણાવ્યું હતુ કે, પાલિકા દ્વારા તમામ ગેરકાયદે ઝુપડપટ્ટીઓના વીજ અને પાણી કનેક્શન કાપવામાં આવ્યા છે. શનિવારે પાલિકાની ટીમ જેસીબી અને



### પોલીસે લાઠીચાર્જ કરીને લોકોને ભગાડ્યા

બોરસદ ચોકડી નજીક કૈલાસભૂમિ પાસે આવેલા 50 વર્ષ જૂના દબાણો દૂર કરવા માટે પાલિકા દ્વારા અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. જ્યારે તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી દરમિયાન સ્થાનિકોએ પથ્થરમારો કર્યો હતો. મંદિર તોડવાની શરૂઆત થતા જ લોકો ઉશ્કેરાયા હતા અને દબાણ હટાવવાની કામગીરી કરનાર તંત્ર પર પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન પોલીસે લાઠીચાર્જ કરીને પથ્થરમારો કરતા લોકોને ભગાડ્યા હતા.

## ડુંગર પર ગામના જ આધેડની લાશ ડિકમ્પોઝ થઈ હતી : માનસિક બીમારીમાં પગલું ભર્યાની શક્યતા

(એજન્સી) વલસાડ | તા. 14

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલા મધુબન જૂથ ગ્રામ પંચાયતમાં આવતા રાયમલ ગામના આલય ટેકરી ઉપર 8મી ડિસેમ્બરના રોજ ડુંગર પાસેથી પસાર થતાં સ્થાનિક લોકોને ડિકમ્પોઝ હાલતમાં અજાણ્યા ઈસમની લાશ સ્થાનિકોને જોવા મળી હતી. ડુંગર વિસ્તારમાં ફાંસો ખાધેલી હાલતમાં ડિકમ્પોઝ થયેલી લાશનો નાનાપોંઢા પોલીસે કબ્જો મેળવી FSLની મદદ લઈને લાશનું PM કરાવ્યું હતું. નાનાપોંઢા પોલીસની ટીમે વલસાડ LCB, SOGની ટીમ મળી કુલ 5 જેટલી અલગ અલગ ટીમો બનાવી આગળની તપાસ હાથ ધરી છે.
વલસાડ SP ડો. કરનરાજ વાઘેલાએ સ્થળ મુલાકાત લઈને ઘટના ક્રમ જાણવાનો પ્રયાસ કર્યો હતો. નાનાપોંઢા પોલીસની ટીમે સ્થાનિક લોકોને સ્કેચ બતાવી પ્રાથમિક પૂછપરછ કરતા મૃતક રાયમલ ગામનો સ્થાનિક આધેડ હોવાનું જાણવા મળ્યું હતું. રખડતો ભટકતો જીવન જીવતો હોવાથી પરિવારના સભ્યોએ પોલીસ મથકે મિસિંગની ફરિયાદ કરવી ન હોવાનું જણાવ્યું હતું. ગામના અગ્રણીઓ અને મૃતકના દીકરાએ લાશની ઓળખ અને ફાંસો ખાધેલા દોરડાની પણ ઓળખ કરી હતી.
વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મધુબન જૂથ ગ્રામપંચાયતની રાયમલ ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલા એક ડુંગર ઉપરથી પસાર થતાં સ્થાનિક લોકોને દુર્ગંધ આવતા હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ગામના આગ્રણીઓ અને નાનાપોંઢા પોલીસની ટીમને ઘટનાની જાણ કરી હતી. નાનાપોંઢા પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી છે. FSLની ટીમની મદદ લઈને અજાણ્યા યુવકની ડિકમ્પોઝ હાલતમાં મળેલી લાશનો કબ્જો મેળવી આજુબાજુના વિસ્તારમાં પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. લાશ પાસે આવેલા ઝાડ ઉપર ફાંસો ખાધેલાનું દોરડું મળ્યું હતું.

## તાલાલા-સાસણ રોડ ઉપર અકસ્માતમાં ચાલકનું મોત

ગીર સોમનાથ | તાલાલા-સાસણ રોડ ઉપર પાંચ પીરની દરગાહ પાસે વળાંકમાં બાઈક ચાલકે કાબૂ ગુમાવતા ગંભીર અકસ્માત થતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું. તાલાલા તાલુકાનાં બોરવાવ ગીર ગામે આવેલ નેચર સ્ટડી કેમ્પમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા પ્રમોદભાઈ હેગડે (ઉ.વ.44 રે.કર્ણાટક) પોતાની બાઈક લઈને ગત મોડીરાત્રે કામ અર્થે તાલાલા આવ્યા હતા.
કામકાજ પુરૂ કરી પરત રીસોર્ટે જઈ રહ્યા હતા તે દરમિયાન તાલાલા-સાસણ રોડ ઉપર પાંચ પીરની દરગાહ પાસેના વળાંકમાં પ્રમોદભાઈએ સ્ટેયરીંગ પર કાબુ ગુમાવતા બાઈક રોડની બાજુના ઉંડા ખાડામાં પડ્યું હતું.
જેથી બાઈકચાલકને માથામાં ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું. તેમના મૃતદેહ એમ્બ્યુલન્સ મારફતે તાલાલા સરકારી હોસ્પિટલે લાવી હતી.
જ્યાં ફરજ પરના તબીબે પી. એમ. કર્યું હતું. આ અકસ્માત અંગે પોલીસે અરૂણકુમાર મંગલસિંઘની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## કરકોલીયામાં ગાંજાના છોડનું વાવેતર કરનાર શખ્સને SOGની ટીમે ઝડપી લીધો

(એજન્સી) અમરેલી | તા.14

અમરેલી જિલ્લાના નવ નયુક્ત SP સંજય ખરાટના માર્ગદર્શન હેઠળ સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચની ટીમે લાઠી તાલુકાના કરકોલીયા ગામ નજીક આવેલા ભુપતભાઈ ઉર્ફે ભોપાલભાઈ કાનાભાઈ ડેરની વાડીમાંથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર ઝડપી પાડ્યું હતું. લીલા ગાંજાના છોડના જથ્થા સાથે આરોપી ભુપતભાઈ ઉર્ફે ભોપલાભાઈ ડેરને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરી છે. લાઠી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.
ખેતરમાંથી આરોપી પાસેથી મળી આવેલા ગેરકાયદેસર માદક પદાર્થ લીલા ગાંજાના છોડ નંગ આશરે 22 જેનું કુલ વજન 18.26 કિલોગ્રામ જેની કિંમત 1,80,260નો મુદામાલ સાથે કબ્જે લઈ આરોપી સાથે લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી



કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચના પી.આઈ.આર.ડી.ચૌધરીની ટીમના સંજયભાઈ પરમાર, યુવરાજ સિંહ સરવૈયા, નાજભાઈ પોપટ, રફીકભાઈ રાઠોડ, નિષદાન ગઢવી, જયરાજભાઈ વાળા, અરવિંદભાઈ ચૌહાણ, દેવાંગભાઇ મહેતા સહિત પોલીસ કર્મચારીની ટીમે ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાને ઝડપી પાડ્યો છે.

## કાતિલ ઠંડીમાં માઉન્ટ આબુ થીજી ગયું:સતત ચોથા દિવસે તાપમાનનો પારો માઇનસ 4 ડિગ્રી, પાર્ક કરેલા વાહનો પર બરફ જામ્યો...

(એજન્સી) બનાસકાંઠા | તા. 14

કાતિલ ઠંડા પવનની અસરથી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. તો રાજસ્થાનમાં કડકડતી ઠંડી પડી રહી છે. બનાસકાંઠા જિલ્લાના અડીને આવેલા માઉન્ટ આબુમાં આજે સતત ચોથા દિવસે તાપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયું છે, જેને લઈ મેદાની વિસ્તારો અને ખેતરોમાં બરફ જામી ગયો છે. અહીંની સૌથી ઊંચા પહાડની ચોટી ગુરુશિખર પર પણ બરફ જામી ગયો છે. ફરવા ગયેલ સહેલાણીઓ ઠંડીમાં ઠુંઠવાયા છે.



ઉત્તર ભારતમાંથી આવી રહેલી ઠંડી હવાઓના કારણે હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં થોડાક દિવસોથી તાપમાનના પારામાં તીવ્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે લઘુતમ તાપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયું છે.
તાપમાનનો પારો ગગડતાં મેદાની વિસ્તારો, ઘરો-હોટલોની બહાર પાર્ક કરેલી કાર અને ટૂ-વ્હીલર પર અને રેસ્ટોરાંમાં રાખવામાં આવેલાં ટેબલો પર બરફ જામી ગયો છે. આબુમાં સહેલાણીઓ ઠંડાગાર તાપમાનમાં પણ ઊમટી રહ્યા છે. ચારેબાજુ બરફ જોતાં સહેલાણીઓ એનો આનંદ માણી રહ્યા છે.

રાજસ્થાનથી સુરત આવતી અરવલ્લી એક્સપ્રેસની ઘટના, RPFએ ફરિયાદ ન નોંધી...

## ટ્રેનના AC કોચમાંથી 7 મુસાફરનો સામાન ચોરાયો : 2500ની ટિકિટ છતા સેફ્ટી નહીં



(એજન્સી) સુરત | તા.14

સુરતના મુસાફરો અરવલ્લી એક્સપ્રેસમાં રાજસ્થાનથી પરત સુરત આવી રહ્યા હતા, તે સમયે રાજસ્થાન વિસ્તારના રીંગસ રેલવે સ્ટેશન પાસે સેકન્ડ એસી કોચમાંથી છ યુવતી સહિત સાત મુસાફરનો સામાન ચોરી થયાની ઘટના સામે આવી હતી. ટિકિટના 2500 રૂપિયા ચૂકવ્યાં બાદ પણ સામાન સલામત ન હોવાથી મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો. જો કે, આરપીએફ જવાનો સાથે એક કલાકની માથાકૂટ બાદ આ પેસેન્જરોની ફરિયાદ નોંધવામાં આવી હતી.
આ અંગે સુરતના રિશીવિહારમાં રહેતા અને ટ્રેનમાં મુસાફરી કરી રહેલ રાજેન્દ્રભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, હું રાજસ્થાનથી સુરત આવી રહ્યો હતો, ત્યારે સવારે સાડા સાત વાગ્યે અરવલ્લી એક્સપ્રેસ ટ્રેન રિંગસ સ્ટેશન પર પહોંચી હતી. ત્યારે એ 2 કોચમાં બેસેલી યુવતીઓએ અચાનક હોબાળો મચાવવાનું શરૂ કર્યું હતું. ત્યાં જતા જાણવા મળ્યું કે, કોચમાં બેસેલી છ યુવતીનો સામાન ચોરી થઈ ગયો હતો. મેં મારો સામાન ચેક કર્યો તો મારો સામાન પણ ચોરી થયો હતો. ત્યારબાદ પેસેન્જરે ચેન પુલિંગ કરી હતી, જેથી આરપીએફના જવાનો પેસેન્જરની વચ્ચે પહોંચ્યા હતા. આરપીએફના જવાનોએ અમારી ફરિયાદ લેવાના બદલે અમારી સાથે જીભાજોડી પર ઉતરી ગયા હતાં અને ટ્રેન જવા દો તમારે ફરિયાદ કરવી હોય તો આગળના સ્ટેશન ઉપર કરી દો એવું કહ્યું હતું. પરંતુ જે લોકોનો સામાન ચોરી થયો હતો, તે લોકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો.
બાદમાં જીઆરપીનો જવાન દોડી આવ્યો હતો અને તેઓ જણાવ્યું હતું કે, અમે એક વ્યક્તિને પકડ્યો છે, જેની પાસેથી 3 બેગ મળ્યા છે. ત્યારબાદ બે-ત્રણ વ્યક્તિના સામાન મળ્યા હતા. અમે ત્યાં એફઆઈઆર કરી હતી, જેથી અન્ય લોકોના પણ સામાન મળી શકે. આ તમામ ઘટનામાં આરપીએફની કામગીરી ખૂબ જ નબળી જોવા મળી હતી. તેમણે ફરિયાદ લેવાના બદલે અમારી જોડે માત્ર જીભાજોડી કરીને ટાઈમ વેસ્ટ કર્યો હતો, જ્યારે જીઆરપીએ એક જ કલાકમાં ચોરને પકડી પડ્યો હતો.
આ સમગ્ર ઘટનામાં રેલવેની ખૂબ બેદરકારી સામે આવી હતી, જ્યારે એક વ્યક્તિ 2500 રૂપિયાથી વધુની ટિકિટ લઈ સેકન્ડ ક્લાસમાં ટ્રાવેલ કરતો હોય એ છતાં એની કોઈ સેફ્ટી હોતી નથી. મુસાફરો અને આરપીએફના જવાનો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ખબર પડે છે કે ચોર પકડાઈ ગયો. કેવી રીતે આટલા સમયમાં ચોર પકડાય છે તે પણ એક વિચારવાની વાત છે. એક તરફ રેલવે વિભાગ મહિલા સુરક્ષા બાબતે વાત કરે છે, તો બીજી તરફ છથી વધુ મહિલાઓના સામાન ચોરી થવાની ઘટના સામે આવી છે. આ રેલવે વિભાગ સામે એક મોટો સવાલ છે.

### એક સપ્તાહમાં બીજી વખત ડુંગળીની આવકથી યાર્ડ છલકાયું

# મહુવા યાર્ડમાં લાલ કાંદાની પોણા 3 લાખ કટ્ટાની આવક નોંધાઈ

**સૌરાષ્ટ્રમાંથી ખેત જણસીકની ધુમ આવકનો સિલસિલો જારી, યાર્ડમાં લાલ અને સફેદ કાંદાના સૌથી ઉંચા ભાવ બોલાયા**

(એજન્સી) ભાવનગર । તા.14

મહુવા માર્કેટીંગ યાર્ડમાં એક સપ્તાહમાં સતત બીજી વખત લાલ અને સફેદ કાંદાની વિક્રમજનક આવક યથાવત રહેવા પામી હતી. શુક્રવારે ફરી વખત મહુવા યાર્ડ લાલ ડુંગળીની બે લાખ અને ૭૫ હજાર કટ્ટાની આવકથી છલકાઈ જવા પામ્યુ હતુ.સમગ્ર સૌરાષ્ટ્રમાં એક માત્ર ભાવનગર જિલ્લાના મહુવા યાર્ડ ખાતે કાંદાની આવકમાં દિન પ્રતિદિન ઉત્તરોત્તર વધારો યથાવત રહ્યો છે. ગત લાભ પાંચમના પર્વથી મહુવા માર્કેટીંગ યાર્ડમાં વિવિધ ખેતજણસીઓની આવકમાં વધારો થઈ રહ્યો છે. ગત પખવાડીયાથી મહુવા યાર્ડમાં મગફળી અને લાલ અને સફેદ કાંદાની આવકમાં વિક્રમજનક આવક થવા લાગી હતી. એક તબકક્કે ગત બુધવારે તો મગફળીની ચોતરફથી ધૂમ આવક થતા યાર્ડના સત્તાધીશોને મગફળીની આવક બંધ



કરવાની ફરજ પડી હતી અને ત્યારબાદ છેક શુક્રવારે સાંજથી ફરી મગફળીની આવક શરૂ કરવામાં આવી હતી.મહુવા યાર્ડમાં મગફળી અને કાંદાની ચોતરફથી થતી ધૂમ આવકનો સિલસિલો યથાવત જારી રહ્યો હતો. શુક્રવારે મહુવા યાર્ડને સાંકળતા આસપાસના હાઈવે પર દિવસ દરમિયાન નાના મોટા અનેક હેવી લોડેડ ખાનગી વાહનોની કતારો દ્રશ્યમાન થઈ હતી. લાલ ડુંગળીની બે લાખ અને ૭૫ હજાર કટ્ટાઓની જંગી આવક થતા મહુવા યાર્ડની પ્રોપર જગ્યા ડુંગળીના કટ્ટાઓથી ભરાઈ જતા દેવળીયા ખાતે યાર્ડ દ્વારા ભાડે રાખવામાં આવેલી જગ્યાએ ફરી વખત ડુંગળીના જથ્થા ઉતારવાની ખેડૂતોને ફરજ પડી હતી.મહુવા યાર્ડમાં સરેરાશ ૪૫૦ થી ૯૦૦ ના ભાવ મળી રહ્યા હોય સૌરાષ્ટ્રભરના ખેડૂતભાઈઓમાં ઉત્સાહ વધી રહ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, મહુવા યાર્ડમાં તા.૧૩ ડિસે.ને શુક્રવારે લાલ ડુંગળીની ૭૭,૨૭૨ થેલીઓનું વેચાણ કરવામાં આવ્યુ હતુ. જેના સૌથી ઉંચા રૂા ૭૬૮ ભાવ બોલાયા હતા. જ્યારે સફેદ ડુંગળીની ૨૦,૯૭૮ થેલીઓનું વેચાણ કરાયુ હતુ. જેના સૌથી ઉંચા ૬૭૨ ભાવ બોલાયા હતા. મહુવા યાર્ડમાં કાંદાની વિક્રમજનક આવક થઈ રહી હોય અન્ય રાજયોના ૨૦ થી વધુ વેપારીઓ મહુવા પંથકમાં ડુંગળીની ખરીદી માટે સતત રોકાણનો સમયગાળો સતત વધારી રહ્યા છે.

### સાડા 16 વર્ષ પૂર્વેની ઘટનામાં ગારિયાધાર કોર્ટનો દાખલારૂપ ચુકાદો

# સુરનિવાસ ગામના તત્કાલિન સરપંચ અને તલાટી મંત્રીને 5 વર્ષ સખત કેદની સજા

(એજન્સી) ગારિયાધાર । તા.14

ગારિયાધારના સુરવિલાસ ગામે કાકડિયાએ ગ્રામ પંચાયતની ઓપન પ્લોટ (ઓ.પી.)ની હરાજી કરેલી જમીનની રકમમાંથી ભાવનગર જિલ્લા પંચાયતની વહીવટી મંજૂરી લીધા વિના સરપંચ તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી ૮૨,૦૦૦ રૂપિયા બેન્કમાંથી ઉપાડી નાણાંનો અંગત કામમાં ઉપયોગ લઈ ઉચાપત કરી હતી. આ નાણાંકીય ઉચાપતમાં તે સમયે સુરવિલાસ ગામના તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતો પ્રકાશ લલ્લુભાઈ સોલંકીએ મદદગારી કરી હતી. જે અંગે ગારિયાધારના તત્કાલિન તાલુકા વિકાસ અધિકારી એમ.કે. સવૈયાએ વર્ષ ૨૦૦૮માં ગારિયાધાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.ને ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮ (૨) અન્વયે આઈપીસી ૪૦૬ સાથે વાંચતા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ પ્રત્યેક આરોપીને એક-એક વર્ષ સાદી કેદની સજા અને પાંચ-પાંચ હજારનો દંડ, જો દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સજા તેમજ ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮ (૨) અન્વયે આઈપીસી ૪૦૯ સાથે વાંચતા ૧૧૪ મુજબના શિક્ષા પાત્ર ગુના સબબ પ્રત્યેક આરોપીને પાંચ-પાંચ વર્ષ સખત કેદની સજા અને ૧૫-૧૫ હજારનો દંડ, જો દંડની રકમ ન ભરે તો વધુ બે-બે માસ કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. વધુમાં કોર્ટે તેના ચુકાદામાં એવું પણ ટાંક્યું છે કે, આરોપીઓ હાલ જામીન મુક્ત હોય, દોષી ઠેરવવામાં આવ્યા છે. જેથી બન્નેને તાત્કાલિક જ્યુડીશિયલ કસ્ટડીમાં લેવા તેમજ આરોપીઓએ તમામ સજા એક સાથે ભોગવવા કોર્ટે હુકમ કર્યો છે.

**તલાટી મંત્રીની સંડોવણી પાછળથી બહાર આવતા નામ ઉમેરાયું હતું**

ગ્રામ પંચાયતની ઓ.પી.ની જમીનની રકમમાંથી ૮૨ હજાર ચાઉં કરવામાં પ્રથમ સરપંચ સામે જ ગુનો દાખલ કરાયો હતો. પરંતુ તપાસ અને પૂછતાછમાં તલાટી મંત્રી પણ સરકારી રકમની ઉચાપતમાં સંડોવાયેલો હોવાનું બહાર આવતા તલાટી મંત્રી પ્રકાશ સોલંકીને આરોપી તરીકે જોડવા સરકારી વકીલ તરફથી અરજી થઈ હતી. જેના આધારે અદાલતના પુરોગામી ન્યાયમૂર્તિએ અરજી લગત હુકમ કરતા આરોપી તરીકે તલાટીને જોડવામાં આવ્યો હતો. તેમજ અગાઉ આ ગુનામાં કોર્ટે આઈપીસી ૪૦૯નો પણ ઉમેરો કર્યો હતો.

### યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરનાર 2 શખ્સ ઝબ્બે

ભાવનગર | કાળીયાબીડ, જૂની દરબારી સાગવાડી, પારિજાત સ્કૂલવાળા ખાંચામાં રહેતા રત્નકલાકાર પ્રદીપભાઈ ઉર્ફે ઘૂઘો ઝવેરભાઈ ડાભીને પૈસાની જરૂરિયાત ઊભી થતા તેમણે વિશાલ ભગાભાઈ ચોહલા પાસેથી રૂપિયા ૫૦ હજાર વ્યાજે લીધા હતા. વ્યાજે આપેલા રૂપિયાની ઉઘરાણી કરવા વિશાલ અવાર નવાર પ્રદીપભાઈ પાસે આવતો હતો ત્યારે હાલમાં હીરા બજારમાં મંદી હોવાથી પ્રદીપભાઈએ હીરાના કારખાના ખુલે પછી બાકી રકમ ચૂકવી આપીશ તેમ જણાવ્યું હતું. ગત તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રાત્રિના સમયે વિશાલ ભગાભાઈ ચોહલા અને નીરવ દિનેશભાઈ ગોહિલ પ્રદીપભાઈના ઘરે આવ્યા હતા અને બાકી રૂપિયાની ઉઘરાણી કરી તેમને મોટરસાઈકલ પર બેસાડીને લઈ ગયા હતા અને કાળીયાબીડ નજીક આવેલ બોરતળાવની ખુલ્લી અવાવરું જગ્યામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી પ્રદીપભાઈની હત્યા કરીને ફરાર થઈ ગયા હતા.

### સુરતમાં તાપી નદીમાંથી ચાર દિવસે પ્રેમીનો મૃતદેહ મળ્યો, પ્રેમિકા હજુ પણ લાપત્તા

# બ્રિજ પરથી પરિણીત પ્રેમીપંખીડા નદીમાં કૂદી ગયા

(એજન્સી) સુરત । તા.14

સુરતમાં એક પરિણીત પ્રેમી પંખીડા ઘરેથી ભાગી જઈને બ્રિજ પરથી તાપી નદીમાં કૂદી ગયા હતા. આ અંગેની જાણ થતા બંનેની શોધખોળ કરવામાં આવી હતી. જોકે, કોઈ પતો લાગ્યો ન હતો. આ દરમિયાન પ્રેમીનો મૃતદેહ તાપી નદીમાંથી ચાર દિવસે મળી આવ્યો હતો. જ્યારે પ્રેમિકાનો હજુ સુધી કોઈ પતો લાગ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, બંને પ્રેમી પંખીડાઓ પરિણીત છે. પ્રેમીને એક પાંચ મહિનાનો દીકરો પણ છે.

મળતી માહિતી પ્રમાણે મૂળ ભાવનગર અને સુરતમાં પર્વત પાટિયા વિસ્તારમાં અમેજિયા વોટરપાર્ક પાસે ખુલ્લા પ્લોટમાં 18 વર્ષીય રાકેશ ભુપતભાઈ પરમાર પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં પત્ની અને એક પાંચ મહિનાનો દીકરો છે. રાકેશ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો. પાંચ મહિના પહેલા જ રાકેશની પત્નીએ દીકરાને જન્મ આપ્યો હતો. જેથી, પરિવારમાં ખુશીનો પણ માહોલ હતો.

રાકેશ અને તેની 22 વર્ષીય પ્રેમિકા મહિલા જેના પણ લગ્ન થઈ ગયાં છે, તે તેના પતિ સાથે રાકેશની નજીકમાં રહેતી હતી. તેના લગ્ન 3 વર્ષ પહેલાં થઈ ગયા છે. એક કે દોઢ વર્ષ પહેલાં રાકેશ અને આ મહિલા સંપર્કમાં આવ્યા હતા અને બંનેનો પ્રેમસંબંધ બંધાયો હતો. જોકે, આ બાબતે પરિવારજનોને પણ જાણ થઈ ગઈ હતી. આ દરમિયાન રાકેશના ઘરે દીકરાનો જન્મ થયા બાદ બંનેને એવું હતું કે, હવે બંને સાથે રહી શકે એવી સ્થિતિ ન હોવાની મની રહ્યા હતા.



મૃતક



લાપતા

**બાઈક - મોબાઈલ ફોન બ્રિજ પર જ મૂકી બંને કૂદી ગયા**

ગત 10 ડિસેમ્બરના રોજ રાકેશ અને તેની પ્રેમિકા સાથે બપોરે બાઈક પર ઘરે કંઈપણ કહ્યા વિના નીકળી ગયા હતા. ત્યારબાદ બંને મગદલ્લા બ્રિજ પર પહોંચી ગયા હતા. જ્યાં બાઈક અને મોબાઈલ ફોન બ્રિજ પર જ મૂકી બંને તાપી નદીમાં કૂદી ગયા હતા. જે અંગે પરિવારને પણ જાણ કરવામાં આવી હતી. આ સાથે જ ફાયર વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગ દ્વારા બંનેની શોધખોળ હાથ ધરી હતી. જોકે, ચાર દિવસ કોઈ પત્તો લાગ્યો ન હતો. આ સાથે જ પરિવાર અને સંબંધીઓ પણ શોધખોળ કરતા હતા.

**તેની પ્રેમિકાનો કોઈ પત્તો લાગ્યો નથી**

રાકેશની મૃતદેહ સરદાર બ્રિજ નીચે દરિયા સંકુલ નજીક રાકેશનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી ફાયર વિભાગ દ્વારા રાકેશના મૃતદેહને નદીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હજુ સુધી તેની પ્રેમિકાનો કોઈ પત્તો લાગ્યો નથી.

### ટ્રેક્ટર ચાલકે કારને ઓવરટેક કરી, છકડા સાથે અથડાવતાં આધેડનું મોત

ભાવનગર | બરવાળા તાબેના બેલા ગામ નજીક ઘાસના પૂળા ભરેલ ટ્રેકટરના ચાલકે કારને ઓવરટેક કરવા જતાં સામેથી આવતાં છકડાને અડફેટે લેતાં છકડા ચાલક આધેડનું ગંભીર ઈજા થતાંસ્થળ પર જ મોત નિપજ્યું હતું જ્યારે તેમના કૌટુંબિક ભાઈને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે ટ્રેકટરના ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધાયો છે. આ ગમ્ખ્વાર અકસ્માતમાં છકડો પલટી ખાઈ જતાં ચાલક રઘુભાઈ છકડાના ટાયરના નીચે દબાઈ જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જયારે, તેમના સાથે છકડામાં સવાર રાજદીપભાઈ સાઈડમાં ફેંકાઈ જતાં તેમને ઈજા પહોંચી હતી.

### રાપરના ડાભુંડાનાં ત્રણ રસ્તા પાસે ચોરીની બાઈક સાથે ત્રણ ઝડપાયા

ગાંધીધામ | માહિતી અનુસાર રાપર પોલીસે તપાસ દરમિયાન રાપરનાં ડાભુડા ત્રણ રસ્તા પાસે નંબર પ્લેટ વગરની બાઈક પર જતા ત્રણ શખ્સો ૧૯ વર્ષીય ગોવિંદસિંગ સત્કારસિંગ સરદાર, ૨૩ વર્ષીય કરીમશા મામદશા શેખ અને ભચુખાન સાયબખાન બલોચને ઝડપી પાડયા હતા. જેમાં તેમની બાઈકનાં ચેસીસ નંબર પોકેટકોપ મોબાઈલની મદદ વડે સર્ચ કરતા બાઈક રાપર વિસ્તારમાંથી ચોરી થઈ હોવાનું સામે આવ્યુ હતુ. જેથી પોલીસે બાઈક કબ્જે કરી પકડાયેલા શખ્સોની પૂછપરછ કરતા માલુમ પડયું હતુ કે, તેમણે આ બાઈક સાથે પૂર્વ કચ્છ, અમદાવાદ અને મહેસાણા વિસ્તારમાંથી અલગ અલગ કુલ ૭ બાઈક ચોરી હોવાનું સામે આવ્યુ હતુ.

### એસ.ટી. સ્ટેન્ડ માટે જમીન જોવાય છે પણ નક્કર કામગીરી થતી નથી

# જેસરથી ભાવનગર બસ ફ્રિકવન્સી નહીં મળતા ભારે હાલાકી

(એજન્સી) જેસર । તા.14

જેસર તાલુકામાં નવા એસ.ટી. સ્ટેન્ડ માટે જમીન જોયા બાદ પણ હજુ સુધી સ્ટેન્ડની કોઈ કામગીરી થઈ નથી તો પાલિતાણા જેસર-ભાવનગર વાળી એસ.ટી. બસને પણ પાલિતાણા સુધી સીમીત રખાતા હજારો પેસેન્જરોને મુશ્કેલી ભોગવવી પડી રહી છે. જ્યારે ભાવનગર જવા બપોરે ૨.૩૦ પછીની એકપણ બસ નહીં મળતા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જેસરને તાલુકો બન્યો ઘણા વર્ષો વિતવા છતાં હજુ સુધી એસ.ટી. ડેપોના ઠેકાણા નથી. અધિકારીઓ તેમજ પદાધિકારીઓ અવાર-નવાર જેસર આવી જમીનો જોઈ ચાલ્યા જતા હોય પણ એસ.ટી. ડેપો પ્રત્યે નક્કર નિરાકરણ આવ્યું નથી જેસરને આજુબાજુના તાલુકા જેવા કે મહુવા, પાલિતાણા, ગારિયાધાર, સાવરકુંડલાની બસોની અવર જવરથી ગાડુ ગબડાવાય છે.



વધારે મુશ્કેલી પાલિતાણા ડેપો દ્વારા જેસરને થઈ રહ્યો છે.

જેસર તાલુકાના ગ્રામજનોને ભાવનગર જવા માટે ૧૦.૩૦ વાગ્યા પછી એકપણ બસ મળતી નથી અને છેક બપોરના ૨.૩૦ કલાકે પાલિતાણા ભાવનગર બસ જો ડ્રાઈવર અને કંડક્ટર હોય તો આવે છે તેમજ છેલ્લા ૧૫ થી ૨૦ દિવસથી પાલિતાણા ભાવનગર બસને પાલિતાણા સુધી કરી નાખેલ હોય જેથી રોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તથા જેસરથી ભાવનગર જતા દર્દીઓ અને ભાવનગરથી જેસર અપડાઉન કરતા નોકરીયાતને ફરજિયાત પાલિતાણા ઉતારી દેવામાં આવે છે. આ બસ આજથી ૨૦ દિવસ પહેલા છેક ભાવનગર સુધી જતી હતી અને અચાનક ૧૫ થી ૨૦ દિવસથી આ બસને પાલિતાણા સુધી કરતા દર્દીઓ, વિદ્યાર્થીઓ તથા રત્નકલાકારો અને નોકરીયાતો રજળી પડે છે તેમજ ભાવનગર જવા માટે બપોરના ૨.૩૦ કલાક પછી એકપણ બસ ન હોવાથી પેસેન્જર હેરાન થાય છે. આમ પાલિતાણા ડેપો દ્વારા જેસર પ્રત્યે ઓરમાયુ વર્તન રાખવામાં આવતું હોય જેથી ભાવનગર ડિવિઝનલ કન્ટ્રોલર દ્વારા જેસરથી ઉપડતી પાલિતાણા જેસર ડાયરેક્ટ ભાવનગર સુધી આ બસ ચાલુ રાખવામાં આવે તેવી જેસર તાલુકાની જનતા તેમજ તાલુકાના પેસેન્જરોની માંગ છે.

### મધ્યપ્રદેશથી દારૂ ભરીને કારમાં ભાવનગરમાં લાવતો હતો

# વિદેશી દારૂ ભરેલી ઈકો સાથે આડોડિયાવાસનો શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર । તા.14

મધ્યપ્રદેશથી કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ભાવનગર આવેલા આડોડીયાવાસના શખ્સને પોલીસે ઝડપી લઈ વિદેશી દારૂ તેમજ કાર મળી કુલ રૂ.૨.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ એલસીબીનો સ્ટાફ ગત મોડી રાત્રિના પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના ડાયમંડ ચોક, ડોક્ટર હોલ પાસેથી પસાર થઈ રહેલ સફેદ કલરની ઈકો કાર નં.જી.જે.૦૪ - સી.આર. ૮૮૮૩ ને અટકાવી કારની તલાશી લેતા કારની અંદર વિદેશી દારૂના ચપટા નંગ-૪૮૦,



કિં. રૂ.૬૯,૬૦૦ મળી આવ્યા હતા. એલસીબી પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ કાર મળી કુલ રૂ.૨,૬૯,૬૦૦ ના મુદ્દામાલ સાથે વિક્રમ રણુભાઈ પરમારની ધરપકડ કરી તેની વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો. આ શખ્સની પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો પોતે મધ્યપ્રદેશના અલીરાજપુરમાંથી વેચાણ માટે લાવ્યો હોવાનું જણાવ્યું હતું.

### ૨.30 કરોડનો મુદ્દામાલ જપ્ત: રોયલ્ટી પાસ વગર અને ઓવરલોડેડ ગેરકાયદે

# રેતીની હેરાફેરી કરતા અઠવડિયામાં દસ ડમ્પર જપ્ત

(એજન્સી) ગાંધીનગર । તા.14

ભુસ્તર તંત્ર દ્વારા રેતીચોરોને પકડવા માટે નદીના પટ્ટની સાથે હવે રોડ-હાઈવે ઉપર પણ ચેકીંગ શરૂ કર્યું છે જ્યાં રોયલ્ટી પાસ વગર, ઓવરલોડેડ માટી-રેતીની હેરાફેરી કરતા ડમ્પરો પણ પકડવામાં આવી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં દસ ડમ્પર પકડીને કુલ ૨.૩૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. એટલુ જ નહીં, જપ્ત કરેલા વાહનોના માલિકો સામે પણ કાયદેસરની તથા વધુ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર ભુસ્તર તંત્ર દ્વારા રેતી-માટીનું ગેરકાયદે ખનન-વહન કે સંગ્રહ કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. જે અંતર્ગત ઓક્ટોબરથી આજ દિન સુધી ખનિજના બિનઅધિકૃત ખનન-વહન કે સંગ્રહના કુલ ૧૦૩ કેસો કરી ૭૯.૩ લાખની વસુલાત કરવામાં આવી છે. તેમજ નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કુલ ૨૧૯ કેસો કરી ૨.૧૭ કરોડની વસુલાત કરવામાં આવી છે. તેમજ ૧૫.૯૯ કરોડની દંડનીય રકમની ખનિજના બિનઅધિકૃત ખનન માટેની કુલ બે પોલીસ ફરીયાદ પણ દાખલ કરવામાં આવી છે. ત્યારે છેલ્લા અઠવાડિયા દરમ્યાન જિલ્લા કલેક્ટર મેહુલ દવેની સુચના પ્રમાણે, જિલ્લા ભુસ્તર અધિકારી પ્રણવ સિંહ અને તેમની ટીમ દ્વારા માર્ગો ઉપર પણ ચેકીંગ વધારવામાં આવ્યું છે.

ગાંધીનગર જીલ્લામાં છેલ્લા અઠવાડિયામાં વાહન ચેકીંગની સઘન કામગીરી અલગ-અલગ વિસ્તારમાં રાત્રિ-દિવસના સમયે હાથ ધરી સાદીરેતી અને સાદીમાટી ખનિજના બિનઅધિકૃત વહન કરતાં છ વાહનો અને ઓવરલોડ ખનિજના વહન કરતાં ચાર વાહનો એમ કુલ ૧૦ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. એટલુ જ નહીં,આશરે ૨.૩૦ કરોડનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરેલા વાહનોના વાહનમાલિકો વિરૂધ્ધ ગુજરાત મિનરલ નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.







ભુસ્તર તંત્ર દ્વારા અઢી મહિનામાં રેતી-માટીની બિનઅધિકૃત ખનન,વહન કે સંગ્રહના ૧૦૩ કેસ, ૭૯.૩ લાખની વસુલાત કરવામાં આવી છે

### 385 લીટર ચોરાઉ સોયાબીન તેલનાં જથ્થા સાથે બે ઝડપાયા


ગાંધીધામ | ગાંધીધામમાં મીઠીરોહરની સીમમાં આવેલી ખાનગી કંપનીનાં બાવળોની ઝાડીમાંથી પોલીસે બે શખ્સોને આધાર પુરાવા વગરનાં ૩૮૫ લીટર સોયાબીન તેલનાં જથ્થા સાથે પોલીસે ઝડપી લીધા હતા.જ્યારે વરસામેડીનો શખ્સ પોલીસને હાથ આવ્યો ન હતો. પોલીસે તેમના પાસેથી કુલ ૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામનાં મીઠીરોહર સીમમાં રુચિસોયા કંપની નજીક બાવળોની ઝાડીમાં પૂર્વ કચ્છ એલ સી બી ની ટીમે બાતમી આધારે દરોડો પાડી બે શખ્સો મુકેશ કાનજીભાઈ મારાજને ૩૮૫ લીટર સોયાબીન તેલ જેની કિંમત રૂ. ૩૪,૬૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

### મહાપાલિકાના ફાયર વિભાગની પ્રેકટીકલ પરીક્ષામાં 366 ઉમેદવાર પાસ થયા

**98 ખાલી જગ્યા માટે 3 દિવસ પ્રેકટીકલ પરીક્ષા લેવાઈ**


ભાવનગર | ભાવનગર મહાપાલિકા દ્વારા ફાયર વિભાગની ખાલી જગ્યા માટે તાજેતરમાં ત્રણ દિવસ પ્રેકટીકલ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં ઘણા ઉમેદવારોએ પ્રેકટીકલ પરીક્ષા આપી હતી અને કેટલાક ઉમેદવારો ગેરહાજર રહ્યા હતાં. ફાયર વિભાગની પ્રેકટીકલ પરીક્ષામાં ૩૬૬ ઉમેદવાર પાસ થયા છે અને ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી દિવસોમાં લેવામાં આવશે.ભાવનગર મહાપાલિકાના ફાયર વિભાગમાં ફાયરમેન, સબ ફાયર ઓફીસરપ્સબ ફાયર ઓફીસર વિંગ, ફાયર ટેકનીશ્યન, ફાયરમેન કમ ડ્રાઈવર વગેરેની ૯૮ ખાલી જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી છે. આ પરીક્ષા માટે ૧,૭૪૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. ગત તા. ૧૦ થી તા. ૧૨ ડિસેમ્બર દરમિયાન ફાયર વિભાગની ભરતી માટે ઉમેદવારોની પ્રેકટીકલ પરીક્ષા લેવામાં આવી, જેમાં મહાપાલિકાના નિલમબાગ સર્કલ ખાતે આવેલ સ્વિમીંગ પુલમાં સ્વિમીંગ, ડીપ ડ્રાઈવીંગ વગેરે લેવામાં આવશે, જયારે હાઈ જમ્પ, લોંગ જમ્પ, રસ્સાથી ઉપર ચડવુ, હોજપાઈપ રનીંગ વગેરે પ્રેકટીકલ પરીક્ષા સિદસર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે લેવામાં આવી હતી.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**

સાંજે થોડીક હળવાશ માણો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.




**મિથુન (ક,છ,ઘ)**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે.




**કર્ક (ડ,હ)**

તમે જીવનમાં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે. તાણનો અનુભવ થાય.




**સિંહ (મ,ટ)**

તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે. તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.




**કન્યા (પ,ઠ,ણ)**

પ્રિય સપનું સાકાર થશે. તમારો આવેશ કાબૂમાં રાખજો. વધુ પડતી ખુશી સમસ્યાઓ સર્જી શકે છે. પક્ષીઓને ચણ ખવડાવા થી આર્થિક વિકાસમાં મદદ થશે.




**તુલા (ર,ત)**

જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**

પ્રિયપાત્રની નફરત છતાં તમારે પ્રેમ દેખાડવો જોઈએ. સમયને તમારા હૃદયની નજીકના લોકો સાથે વિતાવવાનું અનુભવો છો, તમે તે કરી શકશો નહીં.




**ધન (ભ,ધ,ફ)**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.




**મકર (ખ,જ)**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**

તમે ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.

### ધિરાણ વૃદ્ધિ સાધારણ મંદ પડી 10.64 ટકા સામે થાપણ વૃદ્ધિ 10.72 ટકાની સપાટીએ રહી

# લોનના મંદ ઉપાડને પગલે ધિરાણ તથા થાપણમાં ફરીથી સમાન વૃદ્ધિ જોવા મળી

(એજન્સી) મુંબઈ | તા 14

૨૯ નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ સાધારણ મંદ પડી ૧૦.૬૪ ટકા સાથે થાપણ વૃદ્ધિને લગભગ સમાન રહી હતી. આ ગાળામાં થાપણ વૃદ્ધિ ૧૦.૭૨ ટકા રહી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ધિરાણ તથા થાપણ વૃદ્ધિ ફરી એક વખત સમાન જોવા મળી છે. ૨૯ નવેમ્બરના પખવાડિયાના અંતે બાકી પડેલી થાપણનો આંક રૂપિયા ૨૨૦.૧૭ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે બાકી પડેલી ધિરાણનો આંક રૂપિયા ૧૭૫.૦૯ ટ્રિલિયન રહ્યો હતો.




આ અગાઉ ૧૫ નવેમ્બરના પખવાડિયામાં બાકી થાપણનો આંક રૂપિયા ૨૧૮.૫૫ ટ્રિલિયન જ્યારે બાકી પડેલી ધિરાણ આંક રૂપિયા ૧૭૩.૬૨ ટ્રિલિયન રહ્યો હતો. ૧૫ નવેમ્બરના પખવાડિયામાં બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનું સ્તર વાર્ષિક ધોરણે મંદ પડી ૧૧.૧૫ ટકા રહ્યું છે જ્યારે થાપણ વૃદ્ધિનું સ્તર ૧૧.૨૧ ટકા રહ્યું છે. અઢી વર્ષના ગાળા બાદ ૧૮ ઓકટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા ઊંચી રહ્યા બાદ થાપણ વૃદ્ધિ ૧લી નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિને લગભગ સમાન રહ્યાનું જોવા મળ્યું હતું. એક સમયે થાપણ વૃદ્ધિ કરતા ધિરાણ વૃદ્ધિ સાત ટકા જેટલી ઊંચી જોવા મળી હતી. દેશના શેરબજારોમાં રેલીને કારણે ઘરેલું બચતો ઈક્વિટીસ તરફ વળવા લાગતા બેન્કોમાં થાપણ તરફના આકર્ષણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ઘરેલુ બચતની ઈક્વિટીમાં ફાળવણી જે ૨૦૨૦માં ૧૫ ટકા હતી તે ૨૦૨૪માં વધી ૨૫ ટકા પહોંચી ગઈ હોવાનું તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર હાલમાં ઘટી જવા પાછળનું એક કારણ ધિરાણ ઉપાડમાં મંદ ગતિ જણાવાઈ રહી છે. રિઝર્વ બેન્ક દ્વારા રિસ્ક વેઈટમાં વધારા ઉપરાંત અનસિકયોર્ડ લોન્સ પર અંકૂશને કારણે ધિરાણ વૃદ્ધિ મંદ પડી હોવાનું કહી શકાય છે. અગાઉ માત્ર અનસિક્યોર્ડ લોનમાં મંદ વૃદ્ધિ જોવા મળી હતી જ્યારે હવે સિક્યોર્ડ લોનની વૃદ્ધિ પણ ધીમી પડી રહ્યાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. બેન્કોમાં ધિરાણ ઉપાડ વધારવાના ભાગરૂપ રિઝર્વ બેન્કે તેની તાજેતરની નાણાં નીતિની સમીક્ષામાં કેશ રિઝર્વ રેશિઓ ૪.૫૦ ટકાથી ઘટાડી ૪ ટકા કર્યો છે, જેથી ધિરાણ પૂરા પાડવા બેન્કોના હાથમાં વધુ લિક્વિડિટી ઉપલબ્ધ રહે.

# એક્સિસ બેંક SMS માટે પૈસા વસૂલશે

### બેંક ત્રિમાસિક SMS સેવા માટે પ્રતિ SMS 25 પૈસા અથવા વધુમાં વધુ 15 રૂપિયા ચાર્જ કરશે

(એજન્સી) મુંબઈ | તા 14

Axis બેંકે તેની SMS સેવા માટેના શુલ્કમાં વધારો કર્યો છે, જેમાં હવે Axis બેંક ત્રિમાસિક SMS સેવા માટે પ્રતિ SMS 25 પૈસા અથવા વધુમાં વધુ 15 રૂપિયા ચાર્જ કરશે. ઘણા ખાતાધારકોને લાગે છે કે બેંકના ગ્રાહકો દ્વારા તેમના મોબાઈલ પર મળતા SMS મફત છે, પરંતુ એવું બિલકુલ નથી. ખરેખર, ચેક ક્લિયર, પેમેન્ટ ડેબિટ અથવા પેમેન્ટ ક્રેડિટ જેવી માહિતી મોબાઈલ પર SMS દ્વારા આવે છે. તેના માટે, બેંકો પ્રતિ SMS અથવા દર ત્રિમાસિક ચાર્જ વસૂલે છે. તાજેતરમાં, એક્સિસ બેંકે તેની SMS સેવા માટેના શુલ્કમાં સુધારો કર્યો છે, જેમાં હવે એક્સિસ બેંક ત્રિમાસિક SMS સેવા માટે પ્રતિ SMS 25 પૈસા અથવા વધુમાં વધુ 15 રૂપિયા ચાર્જ કરશે. જો તમે આ સેવાને બંધ કરવા માંગો છો તો અમે તમને તેના વિશે જણાવી રહ્યા છીએ.




#### અગાઉ SMS માટે રૂ.25 ચાર્જ વસુલવામાં આવતો હતો

Axis Bank એ TRAI ના નિયમો મુજબ ત્રણ વર્ષ પહેલા 2021 માં SMS સેવાના નિયમોમાં ફેરફાર કર્યો હતો. આ ફેરફાર પછી, એક્સિસ બેંક ખાતાધારક પાસેથી પ્રતિ ક્વાર્ટર દીઠ 25 પૈસા અથવા વધુમાં વધુ 25 રૂપિયા ચાર્જ કરતી હતી. આ દર 1 જુલાઈ, 2021 થી લાગુ કરવામાં આવ્યો હતો, પરંતુ ફરી એકવાર એક્સિસ બેંકે તેના ચાર્જમાં ફેરફાર કર્યો છે અને હવે 15 ડિસેમ્બર, 2024 થી, એક્સિસ બેંક ખાતાધારક પાસેથી પ્રતિ SMS 25 પૈસા અથવા ત્રિમાસિક મહત્તમ 15 રૂપિયા ચાર્જ કરશે.

#### આ ચાર્જ બેંકના આ ગ્રાહકોને ચૂકવવો પડશે નહીં

પ્રીમિયમ ખાતા ધારકો, બેંક સ્ટાફ, પગાર ખાતા ધારકો, પેન્શન ખાતા ધારકો, એક્સિસ બેંકના નાના અને મૂળભૂત ખાતાઓ પર SMS ચાર્જ લાગુ થશે નહીં. જો તમે આમાંથી કોઈ પણ એકાઉન્ટ ઓપરેટ કરો છો તો તમારે SMS શુલ્ક વિશે ચિંતા કરવાની જરૂર નથી. કોઈપણ માહિતી અથવા OTP મેસેજ માટે બેંક તરફથી કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં.

# જાન્યુઆરી 2025 થી UAEમાં નવો ટેક્સ નિયમ લાગુ થશે

(એજન્સી) મુંબઈ | તા 14

સંયુક્ત આરબ અમીરાત (UAE) જાન્યુઆરીથી મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ પર 15% લઘુત્તમ ટોપ-અપ ટેક્સ લગાવવા જઈ રહી છે, નાણા મંત્રાલયે સોમવારે જાહેરાત કરી હતી. આ પગલું OECDના વૈશ્વિક લઘુત્તમ કોર્પોરેટ ટેક્સ કરારનો એક ભાગ છે, જેમાં UAE સહિત 136 દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય મોટા કોર્પોરેશનો 15%નો લઘુત્તમ કર એટલેકે ટેક્સ દર ચૂકવે છે અને કરચોરીને અટકાવે છે તેની ખાતરી કરવાનો છે. પરિણામે, યુએઈમાં કાર્યરત વ્યવસાયો માટે નવા પડકારો તેમજ તકો ઊભી થશે. કર સુધારણા એ UAE ની બિન-તેલ આવક વધારવા અને તેની કર નીતિઓને વૈશ્વિક ધોરણો સાથે સુસંગત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. AED 3,75,000 કરતાં ઓછી વાર્ષિક આવક ધરાવતી કંપનીઓને UAEમાં કોર્પોરેટ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.પ્રતિ વર્ષ AED 3,75,000 થી વધુ આવક ધરાવતી કંપનીઓ પર 9% ના દરે કર લાદવામાં આવશે. નવા કરવેરા નિયમો ફક્ત ત્યારે જ લાગુ થશે જો UAE માં વ્યવસાયોનું વાર્ષિક ટર્નઓવર AED 1 મિલિયનથી વધુ હોય. UAE માં 9% નો પ્રમાણભૂત કોર્પોરેટ ટેક્સ 1 જૂન, 2023 થી અમલમાં આવશે. મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે વધારાનો 15% લઘુત્તમ ટેક્સ 1 જાન્યુઆરી, 2025 થી શરૂ થશે.

# મમતા મશીનરી લિમિટેડનો આઈપીઓ ગુરુવાર, 19 ડિસેમ્બર, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) મુંબઈ | તા 14

મમતા મશીનરી લિમિટેડ ગુરુવાર, 19 ડિસેમ્બર, 2024ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ ઓફર સમયગાળો ખોલવા જઈ રહી છે. ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના) ની કુલ ઓફર સાઈઝમાં પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા 73,82,340 (73.82 લાખ ઈક્વિટી શેર્સ) સુધીના શેર્સની વેચાણ માટેની ઓફર નો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં મહેન્દ્ર પટેલ દ્વારા 5,34,483 સુધીના ઈક્વિટી શેર્સ, નયના પટેલ દ્વારા 19,67,931 સુધીના ઈક્વિટી શેર્સ, ભગવતી




પટેલ દ્વારા 12,27,042 સુધીના ઈક્વિટી શેર્સ, મમતા ગ્રુપ કોર્પોરેટ સર્વિસીઝ એલએલપી દ્વારા 21,29,814 સુધીના ઈક્વિટી શેર્સ અને મમતા મેનેજમેન્ટ સર્વિસીઝ એલએલપી દ્વારા 15,23,070 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 230થી રૂ. 243 ફિક્સ કરવામાં આવી છે. કિંમતમાં એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડ કરી રહેલા લાયક કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. 12ના ડિસ્કાઉન્ટનો સમાવેશ થાય છે. બિડ્સ લઘુતમ 61 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 61 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો બુધવાર, 18 ડિસેમ્બર, 2024ના રોજ ખૂલશે અને બંધ થશે. ઈક્વિટી શેર્સ અમદાવાદ ખાત રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાતમાં 12 ડિસેમ્બર, 2024ના રોજ ફાઈલ કરાયેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાતા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા જેવા શેરબજારો પર લિસ્ટ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે બીએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે.

# ભારતે 5 ટ્રિલિયન GDPનો આંકડો પાર કર્યો, 1 ટ્રિલિયન ડૉલર FDIથી આવ્યા

(એજન્સી) મુંબઈ | તા 14

નાણામંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે વર્ષ 2019-20 માટે બજેટ ભાષણ આપતાં અનેક વખત આગામી પાંચ વર્ષમાં દેશને 'ફાઈવ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી' બનાવવાની વાત કરી હતી. ત્યારે કેટલાક લોકોએ આના પર સવાલો ઉઠાવ્યા હતા, પરંતુ એપ્રિલ 2000થી ગ્રોસ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)નો પ્રવાહ 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. આ ઐતિહાસિક સિદ્ધિને ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં એફડીઆઈમાં લગભગ 26% વૃદ્ધિ દ્વારા પ્રોત્સાહન મળ્યું છે અને તે $42.1 બિલિયન સુધી પહોંચી ગયું છે. સક્રિય નીતિ માળખા, ગતિશીલ વ્યાપાર વાતાવરણ અને વધતી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા દ્વારા સંચાલિત વૈશ્વિક રોકાણ સ્થળ તરીકે આ પ્રકારની વૃદ્ધિ ભારતની વધતી અપીલને પ્રતિબિંબિત કરે છે. FDI એ પર્યાપ્ત બિન-દેવા નાણાકીય સંસાધનો પ્રદાન કરીને, ટેક્નોલોજી ટ્રાન્સફરને પ્રોત્સાહન આપીને અને રોજગારીની તકોનું સર્જન કરીને ભારતના વિકાસમાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી છે. "મેક ઈન ઈન્ડિયા", ઉદાર પ્રાદેશિક નીતિઓ અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) જેવી પહેલોએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે, જ્યારે સ્પર્ધાત્મક શ્રમ ખર્ચ અને વ્યૂહાત્મક પ્રોત્સાહનો બહુરાષ્ટ્રીય કોર્પોરેશનોને આકર્ષવાનું ચાલુ રાખે છે.

### માંગ વૃદ્ધિને જાળવવા કંપનીઓ વધેલી કિંમતનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નહિં નાંખે

# કાચા માલના ભાવમાં વધારો થઇ જતા FMCG કંપનીઓએ ભાવમાં વધારો કર્યો

(એજન્સી) મુંબઈ | તા 14

કન્ઝયુમર ગૂડ્ઝ કંપનીઓએ (એફએમસીજી) તેમના ઉત્પાદનોની કિંમતોમાં વધારો કર્યો છે, પરંતુ શહેરી બજારોમાં સ્થિર માંગ અને ગ્રામીણ બજારોમાં સુધારાના સંકેતોને જોતા, કંપનીઓ વધેલી કિંમતનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નાંખી નથી રહી. પેકેજ્ડ પ્રોડક્ટ્સનું વેચાણ કરતી કંપનીઓએ તેમના ઉત્પાદનોના ભાવ સિંગલ ડિજિટમાં વધાર્યા છે જેથી માંગને અસર ન થાય. આ ક્ષેત્રની કંપનીઓના સુત્રોએ જણાવ્યું હતું કે, અમે ભાવમાં થોડો વધારો કર્યો છે. અમે ત્રીજા અને ચોથા ક્વાર્ટરની વચ્ચે કિંમતોમાં ૩ થી ૫ ટકા વધારો થવાની શક્યતા જોઈ રહ્યા છીએ. ડિસેમ્બરમાં કિંમતોમાં થોડો વધારો કરવામાં આવ્યો છે પરંતુ ચોથા ક્વાર્ટરમાં કિંમતો વધુ વધારવી પડશે પામ ઓઈલના ભાવમાં થોડી નરમાઈની રાહ જોવાઈ રહી છે, ત્યારબાદ કંપની



ભાવ વધારશે. જો કે સમગ્ર ભાવ વધારાનો બોજ ગ્રાહકો પર નાખવા માંગતા નથી. અમે ખર્ચ કાર્યક્ષમતા કાર્યક્રમના સંદર્ભમાં ઘણા પગલાં લઈ રહ્યા છીએ જેથી કંપની કાચા માલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને તેના ઉત્પાદનોની કિંમતોમાં અંદાજે ૫ થી ૭ ટકાનો વધારો કરી શકે. કાચા માલના ભાવમાં ૧૮થી ૨૦ ટકાનો વધારો થયો છે. ગ્રામીણ બજારો હમણાં જ રિકવર થવા લાગ્યા છે અને શહેરી બજારોમાં હાલમાં માંગ સ્થિર છે. આવી સ્થિતિમાં, અમે કિંમતોમાં ખૂબ વધારો કરીને માંગ વૃદ્ધિને અસર કરવા માંગતા નથી. પામ ઓઈલના ભાવમાં વધારાને કારણે સાબુના ભાવમાં વધારો થયો છે. ખાદ્ય તેલની વાત કરીએ તો તેમાં સ્ટોકના આધારે ભાવમાં વધારો અથવા ઘટાડો કરાશે. ચામાં પણ ૨૫ ટકાનો વધારો થયો છે.

## PF ખાતા ધારકોને વર્ષ 2025ની શરૂઆતમાં મળશે એક ખાસ ભેટ

મુંબઈ | EPFO તેની IT સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યું છે જેથી રોજગારી મેળવનારા લોકો હવે બેંક ખાતામાં જમા નાણાંની જેમ એટીએમમાંથી તેમના પીએફને યોગદાને ઉપાડી શકશે. પરંતુ ચાલો જાણીએ કે આ કેવી રીતે થશે અને કોણ તેનો લાભ લઈ શકશે.જો તમે પણ કામ કરતા વ્યક્તિ છો અને તમારા પગારમાંથી PFનું યોગદાન કાપવામાં આવે છે, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. હાલમાં લોકોને પીએફ ઉપાડવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.કેટલીક વાર તો ક્લેમ પણ REJECT થઈ જાય છે આવી સ્થિતિમાં EPFOએ એક નવી સિસ્ટમ શરૂ કરી છે.નોકરીયાત લોકો હવે બેંક ખાતામાં જમા નાણાંની જેમ એટીએમમાંથી તેમનો પીએફ ફાળો ઉપાડી શકશે. પરંતુ ચાલો જાણીએ કે આ કેવી રીતે થશે અને કોણ તેનો લાભ લઈ શકશે.ATMમાંથી PF ના પૈસા કોણ ઉપાડી શકશે?EPFO સભ્યો અને નોમિની એટીએમનો ઉપયોગ કરીને તેમની દાવાની રકમ સીધી ઉપાડી શકે છે.

### શહેરી માર્કેટની સરખામણીએ રૂરલ માર્કેટમાં હાલ થોડી ઘણી હલચલ જોવા મળી રહી છે

# વસ્તુઓ ચૂપચાપ 5 ટકાથી 7 ટકા મોંઘી કરી દેવાઈ

(એજન્સી) મુંબઈ | તા 14

પામ ઓઈલના વધેલા ભાવો વચ્ચે ફાસ્ટ મૂવિંગ કન્ઝયૂમર ગુડ્ઝ (એફએમસીજી) કંપનીઓ મોંઘવારી કે પ્રોડક્ટ્ મોંઘી થયાની ચર્ચા ન થાય માટે હાલ વપરાશકારોને ભાવ વધારાના ધીમા ડામ આપી રહી છે. કંપનીઓના નવા કીમિયા વચ્ચે દૈનિક વપરાશની વસ્તુઓ ચૂપચાપ પાંચ ટકાથી સાત ટકા મોંઘી કરી દેવાઈ છે. ત્યારે જો પામ ઓઈલ સહિતની કાચી સામગ્રીના ભાવમાં ઘટાડો નહીં થાય તો ચાલુ નાણાંકીય વર્ષના ચોથા કવાર્ટરમાં આવી કંપનીઓ કોઈપણ શરમ વિના ગ્રાહકો પર તીવ્ર ભાવ વધારો લાગુ કરી શકે છે, એમ નિષ્ણાતોએ જણાવ્યું છે. ફાસ્ટ મૂવિંગ કન્ઝયૂમર ગુડ્ઝ (એફએમસીજી) કંપનીઓ દ્વારા પોતાની પ્રોડક્ટ્ પર ભાવ વધારો લાગુ કરવામાં આવી રહ્યો છે. અલબત્ત સંપૂર્ણ પણે ભાવ વધારો ગ્રાહકો પર લાદવામાં આવી રહ્યો નથી, તેવો દાવો કરવામાં આવ્યો હતો. એફએમસીજી ગ્રાહકો પર સંપૂર્ણ ભાવ વધારો લાગુ નહીં કરતી હોવાનું એક કારણ એ પણ છે કે, શહેરી માંગ સ્થિર છે ત્યારે ગ્રામીણ બજારોમાં ફરી હલચલ જોવા મળી રહી છે. જ્યાં ખાદ્ય તેલ કંપનીઓ સામાન્ય રીતે કિંમતોમાં વૃદ્ધિ-ઘટાડાનો બોજ પાંચથી પંદર દિવસના વિલંબ સાથે ગ્રાહકો પર નાંખે છે, જેનો આધાર જથ્થા પર રહેલો હોય છે, ત્યાં પેકેજ્ડ ફૂડ કંપનીઓ માંગને નુકસાન ન થાય તે રીતે કિંમતોમાં મધ્યમ-સિંગલ ડિજિટમાં વૃદ્ધિ



કરે છે. બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝે જણાવ્યું હતું કે, અમે પહેલાથી જ કેટલોક ભાવ વધારો લાગુ કરી દીધો છે. ત્યારે અમે ત્રીજા અને ચોથા કવાર્ટર વચ્ચે ત્રણ ટકાથી પાંચ ટકાનો ભાવ વધારો જોઈ રહ્યાં છીએ. અમુક પર ડિસેમ્બરમાં જ અમલ કરી દેવામાં આવ્યો છે. પણ મોટાભાગનો ભાવ વધારો ચોથા કવાર્ટરમાં લાગુ થશે. કેમ કે, અમે હજુ પામ ઓઈલના ભાવમાં રિવર્સ ટ્રેન્ડ મામલે થોભો અને રાહ જુઓની નીતિ હેઠળ વ્યૂહ બનાવી રહ્યાં છે. ત્યારબાદ ભાવ વધારા અંગે કોઈ નિર્ણય લેવામાં આવશે. પણ આ માર્કેટમાં લીડર હોવાથી કેટલોક ભાવ વધારો લાગુ કરવો પડશે. કંપની તરીકે અમે જાગૃત છીએ માટે અમે નથી ઈચ્છતા કે ગ્રાહકો પર સંપૂર્ણ ભાવ વધારાનો બોજો નાંખવામાં આવે. અમે ભાવ અસરકારકતા કાર્યક્રમ (સીઈપી) મુજબ ઘણાં પગલાં ભરી રહ્યાં છે. પારલેજી બિસ્કિટ નિર્માતા પારલે પ્રોડક્ટ્સે પણ રો-મટિરિયલ્સમાં વધારો થવાને કારણે પાંચથી સાત ટકા ભાવ વધારો લાગુ કર્યો છે. કંપનીના દાવા મુજબ, કાચી સામગ્રી 18 ટકાથી 20 ટકા જેટલી મોંઘી થઈ છે. શહેરી માર્કેટની સરખામણીએ રૂરલ માર્કેટમાં હાલ થોડી ઘણી હલચલ જોવા મળી રહી છે. શહેરી માર્કેટમાં હાલ માંગ સ્થિર બની રહી છે.

### ક્ષમતાનો ઉપયોગ 80 ટકાની નીચે : એપ્રિલ-ઓક્ટોબરના ગાળામાં દેશની સ્ટીલ આયાતમાં જોરદાર વધારાથી ઉદ્યોગ ચિંતીત

# ચાલુ નાણાંકીય વર્ષમાં સસ્તી આયાતને કારણે સ્ટીલ ઉદ્યોગનો ક્ષમતા વપરાશ 4 વર્ષના તળિયે

(એજન્સી) મુંબઈ | તા 14

નાણાકીય વર્ષ ૨૦૨૫માં ચાર વર્ષમાં પ્રથમ વખત સ્થાનિક સ્ટીલ ઉદ્યોગની ક્ષમતાનો ઉપયોગ ૮૦ ટકાથી નીચે ચાર વર્ષની નીચી સપાટીએ ઉતર્યો છે. કારણ કે સસ્તી આયાત બજારનો હિસ્સો મેળવે છે. બીજી તરફ જોઈએ તો વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં દેશની સ્ટીલ આયાત વાર્ષિક ધોરણે ૪૨.૧૦ ટકા વધી ૫૭.૬૮ લાખ ટન રહી છે ક્રેડિટ રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું હતું કે વાર્ષિક ૯થી ૯૫ મિલિયન ટનની ક્ષમતા વધારાની યોજના, જેમાં ૪૫થી ૫૦ બિલિયન ડોલરનું રોકાણ સામેલ છે, જ્યાં સુધી સ્થાનિક સ્ટીલ મિલોની કમાણી વર્તમાન સ્તરે ન વધે ત્યાં સુધી મંદીનું જોખમ હોઈ શકે છે.

સ્ટીલ ઉદ્યોગમાં છેલ્લા નાણાકીય વર્ષ દરમિયાન વાર્ષિક ૧૮.૨ મિલિયન ટનની ક્ષમતામાં વધારો થયો છે.ચાલુ વર્ષમાં ૧૫.૩ મિલિયન ટન પ્રતિ વર્ષ વધુ ક્ષમતા ઉમેરવામાં આવશે. 'જોકે, એવી અપેક્ષા છે કે સ્થાનિક સ્ટીલની માંગ નાણાકીય વર્ષ ૨૦૨૫માં તેનો મજબૂત વૃદ્ધિ દર ૧૦ થી ૧૧ ટકા જાળવી રાખશે. પરંતુ સ્થાનિક મિલો તેમના બજાર હિસ્સાને સસ્તી આયાતથી બચાવવા માટે સંઘર્ષ કરી રહી છે.

સ્થાનિક ફિનિશ્ડ સ્ટીલના ઉત્પાદનમાં પાંચ ટકાની અત્યંત નીચી વૃદ્ધિથી આ સ્પષ્ટ થાય છે. કંપનીઓ ચાલુ નાણાકીય વર્ષમાં પણ આવી જ સ્થિતિ જોઈ રહી છે. વિક્રમી સ્તરે ચાલી રહેલી વિસ્તરણ યોજનાઓને ઉમેરતા, ઉદ્યોગનો ક્ષમતા ઉપયોગ દર નાણાકીય વર્ષ ૨૦૨૪ માં ૮૫ ટકાથી ઘટીને ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત ૭૮ ટકા થવાની સંભાવના છે. છેલ્લા ચાર વર્ષમાં આ સૌથી નીચું સ્તર છે. વિસ્તરણની દોડમાં મોટા સ્ટીલ ઉત્પાદકો



છેલ્લા કેટલાક સમયથી સસ્તી આયાતનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. ચીન, અન્ય મુખ્ય ઉત્પાદન અને વપરાશ કેન્દ્રો સાથે, નબળા આર્થિક વિકાસના દૃષ્ટિકોણનો સામનો કરે છે. આને કારણે, વેપારનો પ્રવાહ ભારત જેવા વધુ વિકસિત બજારો તરફ વાળવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના સાત મહિનામાં ભારતમાં સ્ટીલની આયાતમાં ચીનનો હિસ્સો સૌથી વધુ ૩૦ ટકા હતો. દેશમાં સ્ટીલની આયાત ઘટાડવાની ઉદ્યોગની સતત માગ વચ્ચે આયાતમાં વધારો જોવા મળી રહ્યો છે જેને પરિણામે સ્ટીલ કંપનીઓની ચિંતામાં વધારો થયો છે. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં દેશની સ્ટીલ આયાત વાર્ષિક ધોરણે ૪૨.૧૦ ટકા વધી ૫૭.૬૮ લાખ ટન રહી છે. આયાતમાં જોરદાર વધારાથી ઘરેલું સ્ટીલ ઉત્પાદકોએ સરકારને પોતાના વેપારનું રક્ષણ કરવા અનુરોધ કર્યો હોવાનું સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. સસ્તી આયાત અટકાવવા ચોક્કસ પ્રકારના સ્ટીલ પર એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરવા માગણી કરવામાં આવી હોવાનું ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. જો કે દેશના માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ (એમએસએમઈ) ક્ષેત્ર તરફથી ડયૂટીમાં વધારા સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ડયૂટી વધવાથી ઘરઆંગણે તથા આયાતી સ્ટીલ મોંઘુ થશે જે એમએસએમઈની નિકાસને મોંઘી બનાવશે તેવી એમએસએમઈ ક્ષેત્ર તરફથી દલીલ કરવામાં આવી રહી છે. નાણાં વર્ષ ૨૦૨૦થી નાણાં વર્ષ ૨૦૨૪ના ગાળામાં સ્ટીલ આયાતમાં ૫.૨૯ ટકા ચક્રવૃદ્ધિ દરે વધારો થયો છે. ગયા નાણાં વર્ષમાં તો ભારત સ્ટીલનો નેટ આયાતકાર દેશ બની રહ્યો હતો. ભારતની સ્ટીલની મોટાભાગની આયાત ચીન, જાપાન તથા દક્ષિણ કોરિઆ ખાતેથી થાય છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર સુદ-પૂનમ

# વિપક્ષ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ કલહ વધારનાર પહેલ



રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડેના વિરોધમાં અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપ્યા બાદ વિપક્ષી નેતાઓએ સંયુક્ત સંવાદદાતા સંમેલનમાં સભાપતિ પર પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેનાથી એ સ્પષ્ટ છે કે તેઓ આ મામલાને આગળ ધરીને પોતાની એકજૂથતાનું પ્રદર્શન કરવા ઈચ્છે છે. જો કે સંવાદદાતા સંમેલન બાદ પણ એ વાત અજાણી રહી નથી કે વિપક્ષી દળ એ મુદ્દાઓને લઈને એકમત નથી, જે મુદ્દાને કોંગ્રેસ ચગાવવા ઈચ્છે છે. પોતાના પ્રસ્તાવને લઈને વિપક્ષ ભલે કેટલો પણ ગંભીર બને પરંતુ તેઓ પોતાના ઉદ્દેશમાં સફળ થાય તેવા હાલ પૂરતા અણસાર જણાતા નથી. કારણ કે સભાપતિને હટાવવા માટે રાજ્યસભાની સાથોસાથ લોકસભામાં પણ બહુમતિ હોવી જોઈએ અને તે વિપક્ષ પાસે નથી. નિ:સંદેહ વિપક્ષ આ યથાર્થ વાતથી અપરિચિત ન હોઈ શકે. પરંતુ તેઓ એવો સંદેશ ફેલાવવા ઈચ્છે કે રાજ્યસભા સભાપતિના વલણના કારણે તેઓ પોતાની વાત કહી શકતા નથી. જો કે આ સામાન્ય વાત નથી કે સંસદીય ઈતિહાસમાં સૌપ્રથમવાર સભાપતિને હટાવવા માટેની પહેલ કરવામાં આવી રહી છે. આ પહેલ સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચેનો અવિશ્વાસ અને કટુતાને પ્રકટ કરે છે, બંને વચ્ચેની સંવાદહીનતાને પણ ઉજાગર કરે છે. જો વિપક્ષ રાજ્યસભા સભાપતિના વિરોધમાં પોતાનો અવિશ્વાસ પ્રસ્તાવને આગળ ધપાવવા પર અડગ છે તો તે પારિત નહીં થઈ શકે. પરંતુ તેના કારણે સત્તા પક્ષ અને વિપક્ષના સંબંધો વધુ કડવા બની રહેશે. જેનો દુષ્પ્રભાવ સંસદના આગામી સત્રોમાં જોવા મળી શકે છે ને રાષ્ટ્રીય મહત્વ ધરાવતા અનેક કામો અટકી પણ શકે છેની અવધારણા વ્યક્ત થઈ રહી છે. જો વિપક્ષ એમ સમજતો હોય કે તે રાજ્યસભાના સભાપતિના વિરોધમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવીને કોઈ રાજનીતિક લાભ હાંસલ કરી શકશે, તો આવું થઈ શકશે નહી. કારણ કે પ્રજા જોઈ રહી છે કે વિપક્ષી દળ સદનમાં અલગ અલગ મુદ્દાઓ પર હંગામો કરી રહ્યા છે. ખાસ કરીને વિપક્ષને સભા પતિનું વલણ અનુકૂળ આવી રહ્યું નથી. જેના કારણે વિપક્ષ ફરિયાદ કરે છે પરંતુ તેઓ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવીને ન તો પદની ગરિમાને ગબડાવી શકે છે કે ન તો રાજનીતિક કલહ વધારવાનું કામ કરે છે. વિપક્ષ જે કામ કરી રહ્યો છે તે અંગે તેને જાણ હોવી જોઈએ કે ભૂતકાળમાં રાજ્યસભાના સભાપતિ હમીદ અંસારીના વલણનેલઈને ભાજપે કેટકેટલી ફરિયાદ કરી હતી? હામિદ અંસારી તો મોદી સરકારના કાર્યકાળમાં પણ રાજ્યસભાના સભાપતિ હતા. પરંતુ તેઓએ સંયમ દાખવ્યો અને સદનમાં પોતાના એક એજન્ડાને આગળ ધપાવવામાં સમસ્યા આવતી હોવા છતાંયે એક સીમાથી આગળ નહોતા વધ્યા. સારી બાબત એ રહેત કે વિપક્ષ અવિશ્વાસ પ્રસ્તાવની હદ સુધી ન પહોંચ્યો હોત અને સંસદની ગરિમાને લાંછન લગાવવાનું કામ ન કર્યુ હોત. જો કે સવાલ એ પણ છે કે સંભવિત અવિશ્વાસ પ્રસ્તાવ પારિત નહીં થાય તો વિપક્ષ શું કરશે?

## રાજપીપળામાં 2 દિવસથી કાશ્મીરી ઠંડીનો અહેસાસ

ભરત શાહ | નર્મદા

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં કાશ્મીરી ઠંડી વચ્ચે થરથરતા લોકો આખો દિવસ ઘરો માં ભરાઈ રહ્યા, જોકે સવારે દૂધ વાળા, પેપર વાળા સહિત કામ પર જતા લોકો રસ્તા પર જોવા મળ્યા પરંતુ શરીર ઉપર ગરમ વસ્ત્રો પહેરી નિકળ્યા હતા. આ કડકડતી ઠંડી માં નાના બાળકો અને વૃધ્ધો ની હાલત દયનીય બની છે. જ્યારે બીજી તરફ રાજપીપળા માં ગરમ વસ્ત્રો વેચતા વેપારીઓ ને ત્યાં ગ્રાહકો ની ભીડ જોવા મળી અને વહેલી સવારે કામકાજ માટે જતા લોકો રસ્તા માં તાપણું કરી ઠંડી ઉડાડતા નજરે પડ્યા હતા.

ચાલ મારા ઘરે તને આમલી આપું કહી...

# 14 વર્ષના બાળકે ત્રણ વર્ષની માસૂમ બાળકી પર બદકામ કર્યું

■ સગીર વયના બાળકો પણ રેપ જેવી ઘટનાને અંજામ આપતા થઇ ગયા...

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં એક માસૂમ બાળકી ને લાલચ આપી લબરમુછીયા બાળકે બદકામ કરતા ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદ આપનાર ની ત્રણ વર્ષ સાત મહિના ની દીકરી તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના અરસામાં તેના ઘરના આંગણામાં રમતી હતી તે વખતે દીકરી ના કુટુંબી સગપણ ધરાવતો ૧૪ વર્ષીય બાળક ત્યાં ઘરના આંગણા માં આવી ભોગવનાર દીકરી ને મારા ઘરે ચાલ, આમલી આપુ તેમ કહી પોતાના ઘરે લઈ જઈ ભોગ બનનાર સંમતિ આપવા અસમર્થ હોવા છતાં તેની સાથે બદકામ કરી ગુનો કરતા દેડિયાપાડા પોલીસે પોક્સો ના ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તપાસ પો.ઈન્સ. પી.જે.પંડ્યા, ડેડીયાપાડા પોલીસ સ્ટેશન નાઓ કરી રહ્યા છે. તાજેતર માં દેડિયાપાડા તાલુકામાં એક પોક્સો દાખલ થઈ હતી અને ફરી ત્રણ વર્ષની બાળકી ની આ દુખદ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હોય આજકાલ ના લબરમુછીયા મોબાઈલ જોઈ ને બગડી રહ્યા હોવાનું જણાઈ છે માટે વાલીઓ એ પણ આ બાબતે જાગૃત થવું પડશે.

કામરેજ ટોલ પ્લાઝા ખાતે વિરોધ કરવા જાય એ પહેલાં જ પોલીસે ટિંગાટોળી કરી

# ટોલ વધારાનો વિરોધ કરવા જઇ રહેલા AAP નેતાઓની અટકાયત: પોલીસમથકે લઇ જવાયા

(એજન્સી) કામરેજ | તા.14

સુરત જિલ્લાના કામરેજ ટોલ પ્લાઝા ખાતે ટોલ વધારાનો વિરોધ કરવા જઈ રહેલા AAP નેતાઓની પોલીસે ટીંગાટોળી કરી પોલીસવાનમાં બેસાડી કામરેજ પોલીસ મથક ખાતે લઈ ગઈ હતી.

કામરેજ ટોલ પ્લાઝા ખાતે થોડાં દિવસ અગાઉ ટોલ વધારો કરવામાં આવ્યો છે. ટોલ વધારાની અસર સીધી વાહનચાલકોના ખીસ્સા પર પડી છે. જેને લઈને વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ટોલ વધારો પરત ખેંચવામાં આવે તેમજ GJ 05 અને GJ 19ના વાહનોને ટોલ ફ્રી કરવામાં આવે તેવી માગ સાથે હવે વિપક્ષ મેદાને આવ્યું છે અને સતત



વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે.

આજ રોજ કામરેજ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું હતું. કામરેજ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જગદીશ કથીરીયાની આગેવાનીમાં AAPના નેતાઓ કામરેજ ટોલ પ્લાઝા નજીક એકઠા થયા હતા. તેઓ ટોલ પ્લાઝા ખાતે વિરોધ કરવા જાય એ પહેલાં જ કામરેજ પોલીસે તમામ નેતા અને કાર્યકરોની અટકાયત કરી તેમની ટિંગાટોળી કરી તેમને કામરેજ પોલીસ મથક ખાતે લઈ ગઈ હતી.

વિરોધ કરી રહેલા નેતાઓએ સરકાર અને ટોલ પ્લાઝાનું સંચાલન કરતા NHAI વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યાં સુધી તેઓની માગ નહિ સ્વીકારવામાં આવે ત્યાં સુધી આ લડત શરૂ રહેશે અને ટોલ પ્લાઝા ઓફિસ બહાર એકઠાં થશે તેવી પણ ચીમકી ઉચ્ચારી હતી.

## વાઘોડિયા તાલુકાના ગુતાલ ગામના યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના ગુતાલ ગામના યુવકે ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું જેને લઈને પરીવાર માં ગમગીની ફેલાઇ ગઈ હતી પોલીસ ને જાણ કરાતાં અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ તરસાલી ONGC કોલોનીમાં રહેતા ૧૯ વર્ષ ના કિશન રાકેશભાઈ રાઠોડીયા છેલ્લા ઘણાં સમયથી ગુતાલ ગામે રહેતા હતા અને બપોરના સમયે તે ઘરેથી નિકળ્યો હતો અને ગુતાલ ગામ ની સીમ માં સ્મશાન વાળા રસ્તા પાસે આવેલ બાવળ ની ઝાડી માં કોઈ અગમ્ય કારણોસર બાવળ ની ડાળી ને સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

# ભાયાવદરમાં સરકારની નવી ગાઈડલાઈન મુજબ જંત્રી કિંમત અને બજાર કિંમતમાં જમીન આસમાનનો તફાવત

વિજય રાડીયા | ભાયાવદર



■ ભાયાવદર ગામમાં સીમ જમીન વિસ્તારમાં જંત્રી દર એક ચોરસ મીટરના રૂા.૧૦૦/- આસપાસ છે. તેમાં નવા જંત્રી દર મુજબ એક ચોરસ મીટર ના રૂા.૬૦૦/-(એક વિઘાના દસ લાખ રૂા.૧૦,૦૦,૦૦૦/- આસ પાસ) દર્શાવવામાં આવેલ છે.

■ ગામની નજીકની સીમ જમીન વિસ્તારમાં જંત્રી દર એક ચોરસ મીટરના રૂા.૪૫૦/- આસપાસ છે. તેમાં નવા જંત્રી દર મુજબ એક ચોરસ મીટર ના રૂા.૩૨૫૦/-(એક વિઘાના બાવન લાખ રૂા. ૫૨,૦૦,૦૦૦/- આસપાસ) દર્શાવવામાં આવેલ છે.

રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામમાં ડી ગ્રેડની નગર પાલીકા આવેલ છે. ગુજરાત સરકાર ની જંત્રી દર વધારવાની નવી ગાઈડ લાઈન મુજબ જંત્રી દર માં વધારો આવવાનો છે. જયારે ભાયાવદર ગામતળ વિસ્તાર અને સીમ જમીન વિસ્તારમાં જંત્રી દરનો અસહ્ય અને કમરતોડ વધારો આવવાનો છે. ભાયાવદર ગામતળમાં હાલના જંત્રી ભાવ એક ચોરસ મીટર ના આશરે રૂા.૧૫૦૦/- આસપાસ છે. તેમાં કોઈપણ ચોકકસ સર્વે કર્યા વગર સીધે સીધો ત્રણસો ટકા જેવો વધારો કરીને આખે આખા ગામનો એક સરખો એક ચોરસ મીટરનો રૂા. ૪૮૦૦/- ભાવ વધારો નવી વિસ્તારમાં સીમ જમીનના બજાર ભાવ પાંચ લાખ આસપાસ જેવા છે. અને જો નવી જંત્રી દર લાગુ થાય તો ભાયાવદર ગામમાં બજાર ભાવ અને જંત્રી ભાવમાં જમીન-આકાશ જેવો તફાવત સ્પષ્ટ દેખાઈ છે. અને સીમ જમીનની લેવા તથા વેચવામાં નાણાકીય મુશ્કેલીઓ ઉભી થાશે અને ભાયાવદર ગામમાં જમીન લેવા તથા વેચવામાં વિપરીત અસર થાશે અને ભાયાવદર ગામનો કાયમ માટે વિકાસ રૂંધાઈ જાય તેવું ચોકકસ પણે દેખાઈ છે. નયન જીવાણી વધુ જણાવે છે કે

મારુ સ્પષ્ટ રીતે આપના પ્રેસના માધ્યમથી સરકારશ ને સુચન છે કે ભાયાવદર ગામનો સ્થાનિક જગ્યાનો પ્રેકટીકલ સર્વે કરીને નવી જંત્રીની અમલ વારી કરે જેથી કરીને ભાયાવદર ગામને ભવિષ્યમાં આ બાબતેથી મુશ્કેલી છુટકારો મળે. જંત્રી માં રહેલી વિસંગતતા ખરેખર એક ગંભીર બાબત છે તેથી સરકાર દ્વારા આ બાબતને ગંભીરતાથી વિચારણા કરીને સચોટ જંત્રી દરની અમલવારી કરે તેની અમારી ભાયાવદર ગામ વતી સ્પષ્ટ માંગ છે. ભાયાવદરના પૂર્વ નગરપાલિકા પ્રમુખ નયન જીવાણી દ્વારા જણાવેલ.

# ધનસુરા તાલુકાની જૂની શિણોલ આંગણવાડીના ભૂલકાઓને જેકેટસ્, બિસ્કીટસનું વિતરણ કરાયું

રાકેશ મહેતા | ધનસુરા

શ્રી એમ. એલ. ગાંધી સંચાલીત સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા અરવલ્લી જિલ્લાના રસાયણ વિજ્ઞાન ના દાનવીર દેવરાજ સમાજ રત્ન સમાજસેવી ગવર્મેન્ટ એજ્યુકેશન યુનિટ પંચ પ્રકલ્પ કોર્ડીનેટર અધ્યાપક શ્રી ડૉ.મનોજ પી. ગોંગીવાલા એ શિણોલ ની આંગણવાડી ના વિદ્યાર્થીઓ માટે વાલી મિત્રો ની હાજરીમાં પ્રવચન, સ્માર્ટ વ્યુ બોર્ડ પર પ્રાર્થના, ભજન, રામાયણ શ્રવણ પ્રસંગ બતાવી તમામ ભૂલકાઓ ને જેકેટ્સ, બિસ્કીટસ્ નું વિતરણ પ્રા. શાળા ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે શિણોલ પ્રા. શાળા ના આચાર્ય મુકેશભાઈ પ્રજાપતિ, મહારાજ નર્મદાશંકર પંડયાજી, આંગણવાડી કાર્યકર મેઘાબેન. આર.પરમાર, તેડાગર પિનલબેન શર્મા આ કાર્યક્રમ મા ઉપસ્થિત રહ્યા હતા.માઁ અંબે ના પુરુષાર્થી



સંકલ્પબદ્ધ સેવકે ચૈત્રી નવરાત્રી ૨૦૨૩ થી અત્યાર સુધીમાં 30 લાખ બિસ્કિટસ્ 1500 જેટલી ચર્ચાઓ સાથે જરૂરીયાત વાળા બાળકો માટે ગણવેશ સેવા સમર્પણ પોતાના સ્વખર્ચે સમાજ મા ઉમદા કાર્ય કરી રહ્યા છે.

# સાપુતારા ખાતે રોપવેનાં ડબ્બા થંભી જતા દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાતા પ્રવાસીઓનાં જીવ અધ્ધર



ડાંગ | તા.14

અગાઉ રાજકોટનો અગ્નિકાંડ,વડોદરાની હરણી લેક દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન સ્થળોએ નવી ગાઈડ લાઈન બહાર પાડી છે.ત્યારે ડાંગ જિલ્લા કલેક્ટર મહેશભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગ દ્વારા પ્રવાસન સ્થળ એવા સાપુતારા ખાતે આપાતકાલીન સમયે લેવાના પગલા અંગે નોંધ લેવામાં આવી હતી.તેમજ જિલ્લામાં ઊભી થતી અન્ય ઈમર્જન્સીને પહોંચી વળવા તથા સ્થિતિ પર કેવી રીતે કાબુ મેળવવો તેની તકેદારીના ભાગરૂપે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા એનડીઆરએફની ટીમ દ્વારા સાપુતારાનાં પુષ્પક રોપવે રાઈડમાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુ હતુ.ગુજરાત રાજ્યના એકમાત્ર ગીરીમથક સાપુતારા ખાતે આવેલ પુષ્પક રોપવેમાં ડાંગ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ અને એનડીઆરએફ ના સંયુક્ત ઉપક્રમે એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં સાપુતારા ખાતે બે પર્વતો વચ્ચે રોપવે અટકી જાય તો રેસ્ક્યુ કામગીરી કઈ રીતે કરવી તે અંગે મોકડ્રીલ યોજાઇ હતી.ત્યારે નિર્ધારિત રૂપે સાપુતારા ખાતે બે પર્વતો વચ્ચે રોપવેનાં ડબ્બા અટકાવી દેવામાં આવ્યા હતા.જે બાદ ખોટકાયેલ કેબીનમાં ફસાયેલા પ્રવાસીઓને બચાવવા માટે ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગ તથા એનડીઆરએફની ટીમ દ્વારા દિલધડક રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ.આ મોકડ્રીલ દરમિયાન પ્રવાસીઓના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તેમજ પ્રવાસીઓના જીવ તાળવે ચોંટી જવા પામ્યો હતો.



## રાજપીપળા MAM પ્રિ સ્કૂલમાં સ્પોર્ટ્સડેનું સફળતાપૂર્વક આયોજન

*બાળકોએ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં ભાગ લઈ મહાનુભાવોના હસ્તે ઈનામ મેળવ્યા*

ભરત શાહ | નર્મદા



ખુબજ ટૂંકા સમયમાં પ્રસિદ્ધિ સાથે નામના મેળવનાર રાજપીપળાની એમએએમ ઈંગ્લીશ મીડ્યમ પ્રિ સ્કૂલ માં પ્રથમ સ્પોર્ટ્સ ડે નું આયોજન કરાયું હતું જેમાં નર્સરી જુનિયર અને સિનિયર કેજી ના વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો, સ્પર્ધા માં લીંબુ ચમચી, બાસ્કેટ બોલ , પિક બોલ, બોલ બેલેંસિંગ, હોકી બોલ જેવી અનેક રમતો ના આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિજેતા થયેલા બાળકોને આમંત્રિત મહેમાનોના હસ્તે મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. બાળકોનો ઉત્સાહ વધારવા બાળકોના વાલીઓ માટે પણ ઈવેન્ટ નું આયોજન કરાયું હતું. આમ રાજપીપલા એમએએમ પ્રિ સ્કૂલમાં પ્રથમ સ્પોર્ટ્સડે નું આયોજન કરાયુ અને એ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

*જવાબદાર કોણ...? ધારીખેડા સુગર ફેક્ટરીના પ્લાન્ટમાં કામ કરતા 17 વર્ષીય બાળ મજૂરનું મશીનના પટ્ટામાં ફસાઈ જતા મોત*

# સુગર ફેક્ટરીમાં બાળ મજૂરોનો ઉપયોગ ?!!

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલા ધારીખેડા ગામની સુગર ફેક્ટરી માં કામ કરનાર એક બાળ મજૂર નું મશીન ના પટ્ટા માં આવી જતા મોત થયું હોય ત્યારે આ બાળક ના મોત માટે જવાબદાર સામે પગલા લેવાઈ એ જરૂરી જણાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુલાબ નારાયણ પાવરા, હાલ રહે.ધારીખેડા સુગરફેકટરી, મૂળ રહે.ઉમરદા તા.શિરપુર જી.ધૂળે (મહારાષ્ટ્ર) નાઓ એ આમલેથા પોલીસ ને જાણ કર્યા મુજબ છગન ગુલાબ પાવરા, ઉ.વ.૧૭ હાલ રહે. ધારીખેડા સુગરફેકટરી, મૂળ રહે.ઉમરદા તા.



શિરપુર જી.ધૂળે (મહારાષ્ટ્ર) નામનો બાળક બગાસ સાફ કરતો હતા તે વખતે આકસ્મિત રીતે બગાસ બેલીંગ મશીનના પટ્ટામાં ફસાઈ જતા માથામાં અંદરના ભાગે ઈજા થતા તેનું મોત નીપજતા આમલેથા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લામાં બાળ વિભાગ ની કચેરી કાર્યરત છે અને ભૂતકાળ માં ત્યાંના અધિકારીઓ એ કેટલાક બાળ મજૂરો બાબતે જે તે સંસ્થા સામેં પગલા લીધા છે ત્યારે સુગર ફેક્ટરી કે આવા બીજા એકમો માં પણ આકસ્મિક તપાસ કરવી જરૂરી છે. આ ઘટના માં પણ માત્ર ૧૭ વર્ષીય બાળક નું મોત થતા તંત્ર ની કામગીરી પર સવાલ ઉઠ્યા છે. તો આ ઘટના ની લાગતા વળગતા અધિકારી ઊંડાણપૂર્વક તપાસ કરી કસૂરવારો સામે પગલા લેવાશે..? કે રાજકીય દબાણ ને વસ થશે..?

## વ્યાધર ગામમાં ડેકોરેશનના બાકી નિકળતા રૂપિયા બાબતે મારમારી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વ્યાધર ગામમાં મંડપ ના રૂપિયા લેવા બાબતે મારામારી ની ઘટના બાદ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર વિનયભાઈ સતિષભાઈ તડવી, રહે. પટેલ ફળિયું. વ્યાધર તા.તિલકવાડા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ ગામના કેયુરભાઈ જશુભાઈ તડવી ના ઘરે પોતાના મંડપ ડેકોરેશનના બાકી નિકળતા રૂપીયા ૨૪,૦૦૦/-લેવા માટે ગયેલ ત્યારે કેટુરભાઈ ના પિતાજીએ જણાવેલ કે તમને હુ અડધા રૂપીયા આપીશ અને તમારા બાકી નિકળતા રૂપીયા આપવાનો નથી તેમ કહેતા તેમના ભત્રીજાની મો.સા. લઈને વિનયભાઈ પોતાના ઘરે આવતા રહેલ અને ફોન કરી કેયુરભાઈ ના પિતાને જણાવેલ કે તમો મને બાકી નિકળતા રૂપીયા નહી આપો તો હુ તમારૂ મો.સા.નહી આપુ તેવી વાત કરતા કેયૂરભાઈ તથા તેના પિતાજી વિનયભાઈ ના ઘરે મો. સા. લેવા માટે ગયા અને ત્યાં કઈ કહયા વગર ઝપાઝપી કરી અને ગાલ પર ઉપરા ઉપરી ચાર તમાચા તથા તેના હાથમાં પહેરેલ કડુ માથામાં મારી દેતા ચામડી ફાટી જતા લોહી નીકળતા તિલકવાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

# નાગવીરી પ્રાથમિક શાળાનાં બાળકોએ સિયોતની પ્રાચીન બૌદ્ધ ગુફાઓ સહિત ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી....

એમ.એલ. સોની | નખત્રાણા

નાગવીરી પ્રાથમિક શાળાના બાળકો કચ્છમાં આવેલાં ધાર્મિક સ્થળો તેમજ પ્રાચીન સ્થળોથી પરિચિત થાય તેવા હેતુસર શનિ-રવિ ના એમ બે દિવસીય સ્કૂલના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. બે દિવસીય પ્રવાસમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢ મા આશાપુરાજીના દર્શન તેમજ ડુંગર પર આવેલા ખટલા ભવાનીના દર્શન કર્યા હતા , તિર્થભૂમિ



મુરચબાણની પણ મુલાકાત લીધી હતી. કચ્છના છેવાડાના યાત્રા ધામ નારાયણ સરોવર તેમજ કોટેશ્વર ખાતે આવેલા દરિયાઈ વિસ્તાર થી વાકેફ થયા હતા. એક સમયે રોજ એક લાખ કોરીની આવક ધરાવતા લખપત કિલ્લા અંદર આવેલા શીખોના ધર્મ ગુરૂ નાનક દેવના ગુરૂદ્વારાના દર્શન કર્યા હતા તો ગામ ફરતે આવેલા વિશાળ કિલ્લાની વિશાળ પહોળાઈ ધરાવતી દિવાલો જોઈ અચંબિત થયા હતા.

લખપત તાલુકાના સિયોતથી ગુનેરી રોડ પર સિયોત થી પાંચ કીમીના અંતરે અટડા ગામ નજીક આવેલી અતી પ્રાચીન પાંચ બૌદ્ધ ગુફાઓની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી. આ ગુફામાં વર્ષ ૧૯૮૮- ૮૯ દરમ્યાન પુરાતત્ત્વ વિભાગ દ્વારા કરવામાં આવેલ ખોદકામ દરમ્યાન બૌદ્ધ ધર્મના લગતા અનેક અવશેષો મળી આવ્યા હતા.

પ્રવાસમાં શાળાનાં આચાર્યા શ્રીમતી છાયા બેન મોદી, શાળાના શિક્ષકો મહેશ ભાઈ પરમાર, નિલમબેન પટેલ, પાયલબેન ડોડીયા જોડાયા હતા.

# વઘઈમાં પતિની ગેરહાજરીમાં મહિલાને સાસુ - સસરા દ્વારા ત્રાસ આપવામાં આવતા 181 અભયમ ટીમ મદદે આવી.....

ડાંગ | તા.14

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકામાં એક મહિલાને સાસરી પક્ષના સભ્યો દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હતો.અને પતિ ઘરથી બહાર કામનાં સ્થળ પર જાય એટલે તરત સાસુ - સસરા દ્વારા મહિલાને ત્રાસ આપવામાં આવતો હતો.જોકે આખરે કંટાળીને પીડિતાએ 181 અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો.વઘઈ તાલુકામાં પતિ કામ અર્થે બહાર ગયેલ હોય જેનો લાભ લઈને સાસુ-સસરા દારૂના નશામાં રહીને પીડિતાને હેરાન પરેશાન કરતા હતા.આ સ્થિતિમાં પીડિત મહિલાએ 181 મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો અને પોતાની આપવીતી જણાવી હતી. જે બાદ 181 મહિલા હેલ્પલાઇન ટીમના નેહા મકવાણા, હેતલબેન અને પાયલોટ ચંદ્રકાંતભાઇ તત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા.તેમજ પીડિતાનું કાઉન્સેલિંગ કર્યું હતુ.ત્યારે પીડિતાએ જણાવ્યુ હતુ કે,તેના લગ્નને પાંચ વર્ષ થયા છે અને તેને એક ત્રણ વર્ષની દીકરી છે.પતિનાં ગેરહાજરીમાં સાસુ-સસરા તેને ઘરમાંથી કાઢી મૂકતા,અપશબ્દો બોલતા અને મારઝૂડ કરતા હતા.જે બાદ 181 અભયમ ટીમે પીડિતાના સાસુ-સસરા સાથે વાતચીત કરી અને તેમને ઘરેલુ હિંસા અધિનિયમ-2005 અને અપશબ્દો માટેની કલમો અંગે જાણ કરી હતી. પીડિતાને ભરણપોષણ સહિતના કાનૂની હકો અંગે માર્ગદર્શન આપ્યું હતુ. આમ 181 મહિલા કુશળ કાઉન્સિલિંગની મદદથી પીડિત મહિલાને સાસુ-સસરાના ત્રાસમાંથી મુક્તિ મળી હતી.

# આસ્થાના મહાકુંભથી અર્થવ્યવસ્થા મજબૂત થશે?



ધર્મ અને આસ્થાના સમન્વય એવા મહા કુંભ ૨૦૨૫ શરૂ થવા જઈ રહ્યું છે.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી એમ આ મહાકુંભ ૪૫ દિવસ સુધી ચાલશે.આ દરમિયાન હજારો ભક્તો અહીં પહોંચશે.એક ધાર્મિક તહેવાર હોવા ઉપરાંત, મહાકુંભ 2025 આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. ઉદ્યોગપતિઓ પણ મહાકુંભમાંથી મોટી કમાણીની આશા રાખી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગતરોજ એટલે કે શુક્રવારે પ્રયાગરાજ પહોંચ્યા હતા અને શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે રૂ.૫૫૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું.

## 2025ના મહાકુંભમાં લગભગ 40 કરોડ શ્રદ્ધાળુઓ હાજરી આપે તેવી અપેક્ષા

આ વખતે મહાકુંભ ખૂબ જ ભવ્ય થવાનો છે. પ્રયાગરાજમાં યોજાનાર 2025ના મહાકુંભમાં લગભગ 40 કરોડ શ્રદ્ધાળુઓ હાજરી આપે તેવી અપેક્ષા છે, જ્યારે 25 કરોડ ભક્તો 2019ના કુંભમાં પહોંચ્યા હતા.આ વખતે મેળાના મેદાનનો વિસ્તાર 4,000 હેક્ટર છે, જે 2019 કરતા 20% વધુ છે. આ વિસ્તારને 25 સેક્ટરમાં વહેંચવામાં આવશે. એ જ રીતે, આ વખતે ટેન્ટ સિટીનું કદ પણ 2019ની સરખામણીમાં બમણું છે, તેમાં કુલ 1.6 લાખ ટેન્ટ હશે. આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને જોતા અનેક ઘાટો કોંક્રીટ બનાવવામાં આવ્યા છે.

## સ્વચ્છતા સાથે ગ્રીન એનવાયરમેન્ટ મહાકુંભ

આ વખતે, સ્વચ્છતા અને ગટરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, મેળાના મેદાનમાં ૧.૫ લાખ શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે અને તેને સ્વચ્છ રાખવા માટે ૧૦,૦૦૦ સ્વચ્છતા કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.સરકારે ઈવેન્ટ પહેલા ૩ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરીને હરિયાળો કુંભ યોજવા માટે વધારાના પ્રયાસો કર્યા છે. જ્યારે ૨૦૧૯ માં, મોટાભાગની હરિયાળી પોટેડ છોડ હતી.અધિકારીઓએ જણાવ્યું કે શ્રદ્ધાળુઓની સુવિધા માટે ૫૫૦ થી વધુ શટલ બસો અને ૭૦૦૦ રોડવેઝ બસો ચલાવવામાં આવશે. બસ સ્ટેશનની સંખ્યા ગત વખતથી પાંચથી વધારીને સાત કરવામાં આવી છે.

## અર્થવ્યવસ્થા પર મોટી અસર પડશે

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું કહેવું છે કે મહાકુંભની રાજ્યની અર્થવ્યવસ્થા પર મોટી અસર પડશે. સરકારે ૨૦૨૪-૨૫ ના બજેટમાં મહા કુંભ માટે ૨,૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.તે જ સમયે, કેન્દ્રએ મહાકુંભ માટે ૨,૧૦૦ કરોડ રૂપિયાની વિશેષ ગ્રાન્ટને મંજૂરી આપી છે.એકંદરે આસ્થાનો મહાકુંભ આર્થિક પ્રવૃત્તિઓનો પણ મહાકુંભ સાબિત થવાનો છે.

## ભવ્ય આયોજનથી દરેકને મળી રહી છે રોજગારી

જોકે કુંભ મેળો એક આધ્યાત્મિક પ્રસંગ છે, પરંતુ તેનાથી સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓને કારણે ૨૦૧૯ માં વિવિધ ક્ષેત્રોમાં છ લાખથી વધુ કામદારો માટે રોજગારીની તકો ઊભી થઈ હતી.આ કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે વહીવટીતંત્ર અથાક પ્રયાસો કરી રહ્યું છે. આ વખતે પહેલા કરતા વધુ હંગામી પુલ બનાવવામાં આવી રહ્યા છે. ૨૦૧૯ માં તેની સંખ્યા ૨૨ હતી, જે આ વખતે ૩૦ થી વધુ છે.આ સિવાય ૪૦૦ કિલોમીટરના કામચલાઉ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે. સમગ્ર વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોનું નેટવર્ક ફેલાવવામાં આવી રહ્યું છે. તેની સંખ્યા ગત વખતના ૪૦,૦૦૦ થી વધારીને ૬૭,૦૦૦ કરવામાં આવી છે. આ રીતે આસ્થાના આ તહેવારે મોટી સંખ્યામાં લોકોને રોજગાર અને કામ પૂરું પાડ્યું છે.આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને જોતા અનેક ઘાટનું કોન્ક્રીટીંગ કરવામાં આવ્યું છે.આ બધામાં કાર્યમાં વિવિધ કંપનીઓ કામે લાગી છે જેથી તેઓ પણ કમાણી કરશે.





## માર્કેટિંગ પાછળ 3000 કરોડ ખર્ચાશે

ઉદ્યોગો મહાકુંભને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. ટુરિઝમ સહિત વિવિધ કંપનીઓને આશા છે કે તેઓને અહીંથી તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે અસંખ્ય તકો મળી શકે છે. તેથી,ઉદ્યોગ મહાકુંભમાં બ્રાન્ડિંગ અને માર્કેટિંગ પર ઓછામાં ઓછા ૩૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહ્યું છે. હિન્દુસ્તાન યુનિલિવરથી લઈને EV કંપનીઓએ પણ તેમાં રસ દાખવ્યો છે.એક અહેવાલ મુજબ કંપનીઓ વ્યવસાયિક લાભ માટે વિશ્વાસના આ સંગમમાં ડૂબકી મારવા માંગે છે.તે માર્કેટિંગ, સ્ટોલ લગાવવા માટે પહેલા કરતાં વધુ ખર્ચ કરી રહી છે, તેણે ડિસ્ટ્રીબ્યુટરની નિમણૂક પણ શરૂ કરી દીધી છે. એટલું જ નહીં, ઘણી કંપનીઓ આધ્યાત્મિક પેકેજ પણ લોન્ચ કરી રહી છે.ડાબર જેવી કંપનીઓએ આ ઈવેન્ટ માટે ખાસ તૈયારીઓ પણ કરી છે.

## ૨૦૧૯માં ૧.૨ લાખ કરોડ આવક કુંભમેળાના ભક્તોથી થઇ

ધર્મ અને આસ્થાના સમન્વય એવા મહા કુંભ ૨૦૨૫ શરૂ થવા જઈ રહ્યું છે.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી એમ આ મહાકુંભ ૪૫ દિવસ સુધી ચાલશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે મહાકુંભ દરમિયાન ભક્તોની સુવિધા માટે રેલવે ૩૦૦૦ વિશેષ ટ્રેનો સહિત લગભગ ૧૩,૦૦૦ ટ્રેનો દોડાવશે. તેમને આશા છે કે આ સમયગાળા દરમિયાન લગભગ ૧.૫ કરોડથી ૨ કરોડ મુસાફરો ટ્રેન દ્વારા પ્રયાગરાજ પહોંચશે.એક રિપોર્ટ અનુસાર, ૨૦૧૩ માં યોજાયેલા છેલ્લા મહાકુંભમાંથી કુલ રૂ. ૧૨,૦૦૦ કરોડની આવક થઈ હતી, જેમાં એરપોર્ટ અને હોટલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો સામેલ હતો, ૨૦૧૯ ના કુંભમાં આ આંકડો રૂ.૧.૨ લાખ કરોડ હતો.



# "ધી ફેમસ સોશિયલ વર્કર" અનુભૂતિ શર્માને સાંભળવા ઓડિટોરીયમમાં હજારોની સંખ્યામાં જનમેદની એકઠી થઇ

ઓડિયન્સમાં વિશાળ જન મેદની અનુભૂતિ શર્મા 'ધી ફેમસ સોશિયલ વર્કર' ને સાંભળવા હજારો માં જનમેદની એકઠી થઇ હતી. કોલેજ પૂર્ણ થાય બાદ upsc એક્ઝામ આપી ને આઈ એસ ઓફિસર બની ગયેલા અનુભૂતિ શર્મા એ લગ્ન ક્યારેય ના કરવાનું નક્કી કર્યું હતું.કોલેજ કાળ માં શરૂ કરેલી એન.જી. ઓ 'ફોરમ' પર લાઇફ ટાઇમ સેવા આપવા માંગતા હતા.ફોરમ એન.જી. ઓ નું મુખ્ય લક્ષ્ય ફૂટપાથ ઉપર જીવન બસર કરતી હજારો દિકરીઓને એડોપ્ટ કરીને ભણાવી પગભર કરવાનું હતું. વર્તમાન સમયમાં અનુભૂતિ શર્મા ની ફોરમ એન જી ઓ એ પાંચ હજાર થી વધારે દીકરીઓ ને પગભર કરવા માં મદદ કરી છે.

આજ સીતેર હજારની કેપિડિટી વાળા હોલ માં લોકો ખીચોખીચ બેસી ને અડધા કલાક થી અનુભૂતિ શર્મા ની રાહ જોઈ રહ્યા હતા. પોણા કલાક બાદ લાલ બોર્ડર વાળી સફેદ સાડી માં સજ્જ થઈ ને અનુભૂતિ શર્મા સભાખંડ ના સ્ટેજ પર પ્રવેશતા જ લોકો એ ઊભા થઈને એનું તાળીઓ ના ગડગડાટ થી અભિવાદન કર્યું.

આજના ખાસ દિવસે અનુભૂતિ શર્મા એની ડાયરી ના ખાસ પેજ ને લોકો સમક્ષ રજૂ કરવાના હતા.સભાખંડ મા એકઠા થયેલા લોકોમાં અનુભૂતિ શર્મા ની લાઇફ વિશે સંભાળવા ની ઉત્સુકતા હતી. આજ લોકો ખાસ અનુભૂતિ શર્મા ની લાઇફ વિશે સાંભળી ને જાણવા સમજવા મળશે.

પ્રારંભિક ઓળખાણ બાદ એંકર એ માઇક માં આઈ એસ ઓફિસર મીસ,અનુભૂતિ શર્મા બોલ્યું એ ભેગા લોકો એ તાળીઓ પાડી.

અનુભૂતિ શર્મા એ એની લાઇફ નું ખાસ પ્રથમ અને લાસ્ટ પેજ વાચવા નું શરુ કર્યું.

પ્રિય મિત્રો,

ડાયરી નું પ્રથમ પાનું મારી જીંદગી નું પ્રિય પાત્ર 'પપ્પા' વિશે લખવા જઈ રહી છું મારા પપ્પાને જાણશો તો તમને થશે કે સંતાન પ્રત્યેનો પ્રેમ પિતાનો કેવો હોઈ છે? આ પ્રેમનું ઋણ ચૂકવવું ખૂબ અઘરું છે કદાચ શક્ય નથી. ફેવરિટ પાત્ર એવા મારા પપ્પા એ મને જે આપ્યું છે એવું મે જીંદગીમાં ક્યારેય પ્રાપ્ત નથી કર્યું.પપ્પા ની ચોથા નબર ની દીકરી હોવા છતાંય અનેક બીમારીઓ અને સમસ્યા માં સતત પ્રોટેક્ટ કર્યા કરતા હતા.એ બે માળ મકાન પર પડી ને છ મહિના કોમાં માં રહેવું કે પછી સતત બાર મહિના ટાઈફોડ માંથી સતત સેવા અને સારવાર થી એના જીવ નો ટુકડો જેમ કેર કરવી....૩વર્ષે રમતા રમતા બે માળ ના મકાન પરથી પડી ગઈ ત્યારે ફર્શ પર લાદી ની હોવાના કારણે બે માળ પરથી પડ્યા બાદ બે ભાન થઈ ગઈ હતી.એ સમયમાં અમરેલી જેવા નાનકડા ગામમાં મેડિકલ ની સુવિધાઓ ખૂબ ઓછીને સમય વધારે પસાર થઈ જાય તો મૃત્યુ પણ થઈ શકે.પપ્પા તો ત્યારે ઓફિસમાં હતા ને મમ્મી સ્કૂલ માં શિક્ષિકા એટલે એ પણ નહતા.અમને સાચવવા વાળા બહેન ઘરનો દરવાજો બહારથી લોક કરીને ક્યાંક જતાં રહ્યા હતા.ઘરમાં હું અને મારી દીદી હતા. નીચેના ફ્લોર પર રહેતા રહીમ ચાચા એ ક્ષણ નો પણ વિલંબ કર્યા વગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા ત્યારે હું ઓલરેડી કોમાં માં સરી પડી હતી..... 6મહિના બાદ આંખો ખોલી ત્યારે મારા પપ્પાની આંખો માં ખુશીઓની ચમક હતી ને એણે નજીક આવીને મારા માથા પર બટા કહીને હાથ ફેરવ્યો ને બોલ્યાં હતા કે ધન્યવાદ ભગવાન તમે મારી કાકુ ને બચાવી લીધી. .....





ડાયરી ૨૦૨૨ જીંદગી

- રુપાલી દવે

તમને થતું હશે કે ૩વર્ષનાં બાળક ને તો કશી ખબર નથી પડતી હોતી છતાંય મને કેમ ખબર છે.મિત્રો,ઘટના ઓ તો ભૂતકાળ ની ગર્તામાં સમાઈ ને ગાઢ નિંદ્રા માં પોઢી જાય છે પરંતુ નિશાની ઓ અંત સુધી દૂર નથી થતી.

1વર્ષ અને 6મહિના ટાઈફોઈડ થતા બેડ પર સુતા રહેવાના કારણે ચલવાનું તદન ભૂલી ગઈ હતી.ત્યારે મમ્મી બિચારીહિંમત હારી ગઈ હતી પરંતુ પપ્પાએ તો પ્રયત્નશીલ રહીને ફરી મને દોડતા કરી દીધી. ટાયફોઈડમાં મારા માંથા પરના વાળ તો તદન ગાયબ થઈ ગયા હતા એટલે બધામને ટકલી ટકલી બોલીને ચીડવતા હતા ત્યારે મને રડતા જોઈને પપ્પા પણ ભાવુક થઈ જતાં હતાં. ત્યારે એ મને સમજાવતા હતા કે તારી મમ્મી તને રોજ જે તેલનું માથે મસાજ કરી દે છે ને એના કારણે તારા વાળ મસ્ત ઉગશે. જો બટા,મજાક કરનાર લોકોને રડીને મહત્વ આપીશ તો એની તાકાત વધી જશે,એના કરતાં પૂરી તાકત થી બોલી દે કે 'છું ટકલી તો'

મિત્રો,મે મારા પપ્પાની આ વાતને આજ પણ મક્કતાપૂર્વક સ્વીકારી છે. ખુદની ભૂલ અને નિર્બળતા કે ખામીને સ્વીકારી લેવાથી માનસિક મનોબળ મજબૂત થઈ જાય છે.. જ્યારે 'ફોરમ' ચાલુ કર્યું ત્યારે પપ્પા એ આશીર્વાદ આપતા કહ્યું હતું કે, 'મુશ્કેલીમાં ડર્યા વગર હિંમતપૂર્વક જીતવું એ તારી ખૂબી છે એટલું યાદ રાખજે '............

આઈ એસ ની એક્ઝામ દીધી ત્યારે પપ્પા નહતા એ ભગવાન ને મળવા જતા રહ્યા હતા પરંતુ એના આશીર્વાદ 'મુશ્કેલી માં ડર્યા વગર હિંમતપૂર્વક જીતવું..' યાદ હતા.

પપ્પા ના મૃત્યુ બાદ મમ્મી મારી સાથે રહતી હતી અચાનક મમ્મી ને બ્રેઈન સ્ટ્રોક આવતા એ કોમા માં સરી પડી.

ચારેય બહેનો એ નક્કી કર્યું કે મમ્મી ભલે કોમા માં સરી પડી એને આઈ.સી યુ ના સહારે છોડશું નહી. આઈ.સી યુ ની સોય થી મમ્મી ને ઝખમી થવા દઈશું નહી.

માન્યું કે કોમામાં સરી પડેલી વ્યક્તિ ને દર્દ નો એહસાસ નથી થતો હોતો.પરંતુ શરીરમાં ખૂચેલ સોય પીડાદાયક બની ને ઝખ્મ આપે છે. મમ્મી ને હોસ્પિટલમાં આઈ.સી.યુ માં દાખલ કરવાના બદલે ઘરે જ વોટર બેડ પર સુવડાવી ને સેવા કરવાનું નક્કી કર્યું હતું.જેટલા દિવસો મમ્મી જીવશે એટલા દિવસ મમ્મીની સેવા કરવાનું નક્કી કર્યુ.

મિત્રો,જીવન માં માબાપ ના હોય તો અને માબાપ નજર સામે રોગ ગ્રસિત થઈને બેભાન હાલત માં હોય ત્યારે માનસિક મનોદશા શું? એની કલ્પના કરતા આજ અનુભવું છું કે સંસાર માં બધું જ જ્યારે જોઈએ ત્યારે મળશે પરંતુ માતા પિતા ની હુંફ તળે બેફિકર જીવન કદાચ ફરી નહી મળે..અનુભૂતિ શર્મા ની ડાયરી ના પ્રથમ પેજ પર અને છેલ્લા પેજ પર માતાપિતા છે અને રહેવાના..

મમ્મી ની પુણ્ય તિથિ બાદ કાલ મે મારી ડાયરી કાયમ માટે લખવા નું બંધ કરવાનો નિર્ણય કર્યો છે, કેમ? કાલ થી મારી લાઇફ નું જૂનું ચેપ્ટર 'ફોરમ એન.જી. ઓ' ને નવેસર થી શબ્દો વડે શરૂ કરીશ..

અનુભૂતિ શર્મા નું નાનકડું પ્રવચન 'ડાયરી ૨૦૨૨ જીંદગી' પૂરું થતા જ બધા લોકો સીટ પરથી ઊભા થઇ ને તાળીઓ પાડતા બોલ્યા:

**તુમ હમારી જીત હો હારના તુમ્હારા કબૂલ નહી..**

## વાળમાં નિયમિત લગાવો આ છમાંથી કોઈપણ એક તેલ

### વાળ કમર સુધી ઝડપથી થશે

**ભૃંગરાજ** | બધી જ જડીબુટ્ટીઓનો રાજા છે ભૃંગરાજ. ભૃંગરાજ ના તેલને વાળમાં લગાડીને મસાજ કરવાથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે અને વાળ મજબૂત થાય છે. ભૃંગરાજમાં રહેલા તત્વ હેર ફોલિકલ્સને મજબૂત બનાવે છે અને નવા વાળના ગ્રોથને વધારે છે.

**આમળાનું તેલ** | આમળાનું તેલ વાળને લાંબા અને ચમકદાર બનાવવા માટે શ્રેષ્ઠ પ્રાકૃતિક ઉપાય છે. આમળા વિટામિન સી થી ભરપૂર હોય છે જે વાળને મજબૂત બનાવે છે. આમળાના તેલનો ઉપયોગ કરવાથી વાળનો રંગ પણ કાળો રહેશે અને વાળ ચમકદાર તેમજ મુલાયમ દેખાય છે.

**બ્રાહ્મી તેલ** | વાળની સંભાળ માટે બ્રાહ્મી તેલનો ઉપયોગ કરવો પણ લાભકારક સાબિત થશે. બ્રાહ્મી તેલ વાળના મૂળને મજબૂત બનાવે છે અને વાળના વિકાસને પ્રોત્સાહન આપે છે. તેનાથી સ્ટ્રેસ પણ ઓછો થાય છે અને ખરતા વાળની સમસ્યા અટકે છે.

**નાળિયેરનું તેલ** | નાળિયેરનું તેલ વાળને અંદરથી પોષણ આપે છે અને વાળને ડ્રાય થતા બચાવે છે. નાળિયેરના તેલનો ઉપયોગ કરવાથી વાળ મજબૂત થાય છે અને ઓછા ખરે છે. નાળિયેર તેલ વાળને ચમકદાર બનાવે છે અને ઝડપથી લાંબા કરવામાં મદદ કરે છે.

**લીમડાનું તેલ** | લીમડાનું તેલ વાળને લાંબા કરવામાં અને ચમકદાર બનાવવામાં મદદ કરે છે. લીમડાના તેલનો ઉપયોગ કરવાથી ડેન્ડ્રફ અને માથામાં આવતી ખંજવાળ જેવી સમસ્યાઓ દૂર થાય છે. તેમાં રહેલા એન્ટી ફંગલ ગુણ ખોડો દૂર કરે છે અને માથાની ત્વચાની સમસ્યાને પણ મટાડે છે.

**એરંડીનું તેલ** | એરંડીનું તેલ વાળને મજબૂત બનાવે છે અને વાળનો ગ્રોથ પણ વધારે છે. તેનાથી વાળ લાંબા અને કાળા થાય છે. આ તેલ વાળને મોશ્ચરાઈઝ કરે છે અને વાળને ચમકદાર પણ બનાવે છે.

# મિસ યુનિવર્સ હરનાઝ સંધુ બાગી-4થી બોલિવૂડ ડેબ્યૂ કરશે...

(એજન્સી) મુંબઈ | તા.14



ટાઈગર શ્રોફની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'બાગી-4' સમાચારોમાં રહે છે. હવે વર્ષ 2021માં મિસ યુનિવર્સ બનેલી હરનાઝ કૌર સંધુ પણ 'બાગી-4'માં જોવા મળશે. તાજેતરમાં, નિર્માતાઓએ પણ ફિલ્મમાં સોનમ બાજવા અને સંજય દત્તની એન્ટ્રીની પુષ્ટિ કરી હતી.મિસ યુનિવર્સ હરનાઝ સંધુ 'બાગી-4' થી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે.
આ ફિલ્મને સાજિદ નડિયાદવાલા પ્રોડયૂસ કરી રહ્યા છે. ફિલ્મના નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને હરનાઝની એન્ટ્રીની પુષ્ટિ કરી છે.
પોસ્ટ શેર કરતી વખતે, ટીમે કેપ્શનમાં લખ્યું છે -'મિસ યુનિવર્સથી લઈને બાગી યુનિવર્સ સુધી, હરનાઝ કૌરનું સ્વાગત છે. ટીમે હરનાઝને રિબેલ લેડી તરીકે પણ નામ આપ્યું છે.હરનાઝ સંધુ અગાઉ વર્ષ 2022માં રિલીઝ થયેલી પંજાબી ફિલ્મ 'બાઈ જી કુત્તંગે' અને વર્ષ 2023માં યારાં દીયાં પૌં બરન'માં જોવા મળી હતી. સોનમ બાજવા એ. હર્ષના નિર્દેશનમાં બની રહેલી 'બાગી-4'માં પણ જોવા મળશે. ટાઈગર શ્રોફે પોતે તાજેતરમાં સોનમ બાજવાની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. ફોટો શેર કરતા તેણે લખ્યું -'રિબેલ ફેમિલીમાં આપનું સ્વાગત છે, હું 'બાગી-4'માં સોનમની એન્ટ્રીને લઈને ખૂબ જ ઉત્સાહિત છું.'

# કન્નડ એક્ટર દર્શનને ફેન રેણુકાસ્વામી હત્યા કેસમાં જામીન મળ્યા

**કન્નડ એક્ટર દર્શન થુગુદીપાને ફેન રેણુકાસ્વામીની હત્યા કેસમાં જામીન મળી ગયા છે. શુક્રવારે કર્ણાટક હાઈકોર્ટે દર્શન અને તેના પાર્ટનર પવિત્રા ગૌડાને જામીન આપ્યા હતા. બંને આ કેસમાં મુખ્ય આરોપી છે.**

આખો મામલો જાણો છો? વાસ્તવમાં, કન્નડ અભિનેતા દર્શન થૂગુદીપા પર ચાહક રેણુકાસ્વામીની હત્યાનો આરોપ છે. રેણુકાસ્વામીનો મૃતદેહ 9 જૂનના રોજ બેંગલુરુના કામક્ષિપાલ્ય વિસ્તારમાં એક એપાર્ટમેન્ટ નજીકથી મળી આવ્યો હતો. પોલીસે જ્યારે ક્રાઈમ સીનની આસપાસ તપાસ કરી ત્યારે તેઓએ સીસીટીવી ફૂટેજમાં દર્શન અને અભિનેત્રી પવિત્રાને ક્રાઈમ સીન છોડીને જતા જોયા. રાત્રે 11 વાગ્યાથી સવારના 3 વાગ્યા સુધી બંનેના મોબાઈલ નંબર એક જ વિસ્તારમાં એક્ટિવ હતા.




આ પછી 11 જૂને દર્શન અને એક્ટ્રેસ પવિત્રાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં દર્શન અને પવિત્રા સહિત 19 લોકોની ધરપકડ કરી છે. 11 જૂનથી જેલમાં દર્શન પોલીસ તપાસ અનુસાર, 33 વર્ષીય મૃતક રેણુકાસ્વામી અભિનેતા દર્શનના ચાહક હતા. જાન્યુઆરી 2024 માં, કન્નડ અભિનેત્રી પવિત્રા ગૌડાએ દર્શન સાથે તેની 10મી વર્ષગાંઠની ઉજવણી કરી. આ કારણે તેમના સંબંધો વિવાદમાં આવ્યા કારણ કે દર્શન પહેલાથી જ પરિણીત હતા. રેણુકાસ્વામી પવિત્રાને વાંધાજનક મેસેજ મોકલતા હતા રેણુકાસ્વામી આ સમાચારથી ખૂબ ગુસ્સે થયા. તે પવિત્રાને દર્શનથી દૂર રહેવા માટે સતત મેસેજ કરી રહ્યો હતો. શરૂઆતમાં પવિત્રાએ તેના સંદેશાઓની અવગણના કરી, પરંતુ પાછળથી રેણુકાસ્વામીએ વાંધાજનક સંદેશાઓ મોકલવા અને તેને ધમકી આપવાનું શરૂ કર્યું.
આ પછી પવિત્રા દર્શનને રેણુકાસ્વામીને મારવા માટે ઉશ્કેરે છે. તેમજ તેને સજા કરવા જણાવ્યું હતું. દર્શને તેના સહયોગીઓની મદદથી રેણુકાસ્વામીનું અપહરણ કરાવ્યું. બધા તેને ગોડાઉનમાં લઈ ગયા. જ્યાં હત્યા કરતા પહેલા તેને ત્રાસ આપવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, દર્શન અને તેના સાથીઓએ રેણુકાસ્વામીને ગોડાઉનમાં ખૂબ માર માર્યો હતો.

# હું ખરેખર થાકી ગયો છું...: વિક્રાંત મેસીએ 'રિટાયરમેન્ટ'ની પોસ્ટ મુદ્દે આપ્યો જવાબ

(એજન્સી) મુંબઈ | તા.14

ટીવી દુનિયાની લઈને ફિલ્મી દુનિયામાં પણ પોતાની આગવી ઓળખ ઉભી કરનાર વિક્રાંત મેસી ગત મહિનાથી પોતાની 'રિટાયરમેન્ટ પોસ્ટને લઈને ચર્ચામાં છે. ગત મહિને 15મી નવેમ્બરે તેમની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' રિલીઝ થઈ હતી, જેને દર્શકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 2002માં ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં લાગેલી આગની ઘટના પર આધારિત આ ફિલ્મ પીએમ મોદીએ પોતાની કેબિનેટ સાથે બેસીને જોઈ . હતી અને ફિલ્મની ખૂબ પ્રશંસા કરી હતી. આ વચ્ચે વિક્રાંતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને બધાને ચોંકાવી દીધા હતા, જેમાં તેણે 2025માં એક્ટિંગમાંથી બ્રેક લેવાની વાત કરી હતી. જેને તેના ચાહકોએ એક્ટિંગમાંથી 'રિટાયરમેન્ટ' સમજી લીધી હતી. હવે તાજેતરમાં જ એક્ટરે આ ગેરસમજ પર વાત કરતા પોતાની સ્પષ્ટતા આપી અને જણાવ્યું કે, હું થોડા સમય માટે પોતાના કામમાંથી બ્રેક લઈ રહ્યો છું, રિટાયરમેન્ટ નથી લઈ રહ્યો. હું બસ થોડો સમય પરિવાર સાથે વિતાવવા માગુ છું, ત્યારબાદ હવે તેના ચાહકોએ રાહતનો શ્વાસ લીધો છે.



## મેં વધુ પડતું અંગ્રેજી લખી નાખ્યું

વિક્રાંતે આગળ પોતના કરિયર પર પડેલા ઈમોશનલ અને ફીઝિકલ પ્રભાવ વિશે ખુલીને વાત કરી. તેણે સ્વીકાર્યું કે, 'હું ખરેખર શારીરિક રીતે થાકી ગયો છું.' તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે, અંગ્રેજીમાં લખેલી તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં થોડું કન્ફ્યૂઝન ઊભું થઈ ગયું હતું. તેમણે કહ્યું, મને લાગ્યું કે આ જ યોગ્ય સમય છે જ્યારે માનનીય વડાપ્રધાન એક એવી ફિલ્મ જોવા જઈ રહ્યા છે જે મારા હૃદયની ખૂબ નજીક છે, અને મેં વિચાર્યું કે અહીંથી જ વસ્તુઓ સારી થઈ શકે છે.
પરંતુ જ્યારે વધારે ક્રિએટિવિટી નથી બચી તો તમારે રીકેલિબ્રેટ કરવાની જરૂર છે, મેં પણ તે જ કરવાનો પ્રયાસ કર્યો, સમસ્યા એ થઈ ગઈ કે મેં વધુ પડતું અંગ્રેજી લખી હું તે વ્યક્ત કરવા માગતો હતો, પરંતુ મેં અંગ્રેજીમાં ઘણું લખ્યું અને દરેક લોકો તેને સમજી ન શક્યા.

# શ્રીદેવીએ શૂટ પછી ક્રૂને પૈસા વહેંચ્યા...

**ફિલ્મ 'ચાલબાઝ'ના નિર્દેશકે વાર્તા સંભળાવી, કહ્યું- સની દેઓલ સેટ પરથી ગાયબ થઈ ગયો હતો**

શ્રીદેવી ફિલ્મ 'ચાલબાઝ'માં ડબલ રોલમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં એક્ટ્રેસ સાથે સની દેઓલ અને રજનીકાંત પણ જોવા મળ્યા હતા. આ ફિલ્મ વર્ષ 1989માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મના ડિરેક્ટર પંકજ પરાશરે તાજેતરમાં જ ફિલ્મના સેટ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો શેર કરી છે. તેણે કહ્યું કે સની દેઓલ ગીતના શૂટિંગ પહેલા ગુમ થઈ ગયો હતો અને અભિનેત્રીએ તાવમાં એકલા જ ગીતનું શૂટિંગ કર્યું હતું.

(એજન્સી) મુંબઈ | તા.14

ડાન્સ કરવાના નામે ગાયબ થઈ ગયો સની દેઓલ- પંકજ ફિલ્મ નિર્માતા પંકજ પરાશરે સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જ્યારે સની દેઓલને એક ગીતની સિક્વન્સના શૂટિંગ વિશે કહેવામાં આવ્યું હતું કે તેણે ડાન્સ કરવાનો છે, ત્યારે તે આ સાંભળીને બે કલાક સુધી સેટ પરથી ગાયબ થઈ ગયો હતો. શ્રીદેવી સેટ પર તેની રાહ જોતી રહી.



શ્રીદેવીએ પંકજને નવી ડાન્સ સિક્વન્સ બનાવવા માટે કહ્યું. ડિરેક્ટરે વધુમાં જણાવ્યું કે આ ગીત ત્રણ દિવસમાં શૂટ કરવામાં આવ્યું છે. શ્રીદેવી શૂટિંગ પહેલા ઘણા પૈસાની માંગણી કરતી હતી.
અભિનેત્રીએ કોરિયોગ્રાફર સરોજ ખાનને નવી ડાન્સ સિક્વન્સ ડિઝાઈન કરવાનો પડકાર ફેંક્યો હતો. જે આ પહેલા કોઈ ગીતમાં નથી કર્યું. આ ગીતમાં શ્રીદેવી સાથે સની દેઓલ પણ ડાન્સ કરશે તે નક્કી હતું.
તબિયત ખરાબ હોવા છતાં એક્ટ્રેસે શૂટિંગ કર્યું પંકજ પરાશરે કહ્યું- 'અમે ગીતનું શૂટિંગ શરૂ કર્યું, જ્યારે સનીનો ડાન્સ કરવાનો સમય આવ્યો ત્યારે તેણે બ્રેક લીધો અને કહ્યું કે હું હમણાં જ બાથરૂમમાંથી આવીશ. ત્યારબાદ તે 2 કલાક સુધી સેટ પરથી ગાયબ થઈ ગયો હતો. આ દરમિયાન શ્રીદેવી તેની રાહ જોતી રહી.

**રણબીર-આલિયાએ હાજરી આપી, પ્રેમ ચોપરા પણ જોવા મળ્યા; ત્રણ દિવસ સુધી સેલિબ્રેશન ચાલુ રહેશે**

# રાજ કપૂરની 100મી બર્થ એનિવર્સરીનું સેલિબ્રેશન...

(એજન્સી) મુંબઈ | તા.14

રાજ કપૂરની 100મી જન્મજયંતિનો કાર્યક્રમ ગઈકાલથી મુંબઈમાં શરૂ થયો છે. અંધેરીના પીવીઆર ઈન્ફિનિટી મોલમાં આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ તારીખ 13-15 ડિસેમ્બર સુધી ચાલશે. કપૂર પરિવાર સિવાય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા પ્રખ્યાત સ્ટાર્સ તેમાં ભાગ લેવા આવ્યા હતા.
આ ઈવેન્ટમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ, કરીના કપૂર, સૈફ અલી ખાન અને કરિશ્મા કપૂર જોવા મળ્યા હતા. પીઢ અભિનેતા પ્રેમ ચોપરા પણ ત્યાં જોવા મળ્યા હતા.
આ ઈવેન્ટનું આયોજન કપૂર પરિવાર દ્વારા બાકી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સહયોગથી કરવામાં આવ્યું છે. આ ખાસ અવસર પર રાજ કપૂરની 10 લોકપ્રિય ફિલ્મો 40 શહેરોના 135 થિયેટરોમાં બતાવવામાં આવશે. તમે આ ફિલ્મો માત્ર 100 રૂપિયામાં જોઈ શકો છો. આ ફિલ્મો ફક્ત PVR અને સિનેપોલિસ થિયેટરોમાં જ જોઈ શકાય છે.




# ઈન્ડિયન વિમેન આર્ટિસ્ટ પર ફિલ્મ બનાવવા માંગે છે શાલિની પાસી...



## મહિલાઓને હંમેશા યોગ્ય તકો મળવી જોઈએ; હાલમાં BB-18માં જોવા મળી છે...

(એજન્સી) મુંબઈ | તા.14

'બિગ બોસ 18' સ્પર્ધક અને ઈન્ટરનેટ સેન્સેશન શાલિની પાસી મહિલા કલાકારો પર ફિલ્મ બનાવવા ઈચ્છે છે. ચિત્રકાર અમૃતા શેરગિલ અને શિલ્પકાર મૃણાલિની મુખર્જી જેવા ભારતીય મહિલા કલાકારો પર ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.
શાલિનીએ કહ્યું, 'મારી આખી ટીમમાં માત્ર મહિલાઓ છે. હું હંમેશા મહિલાઓ સાથે જોડાણ અનુભવું છું. હંમેશા સ્ત્રીઓનો સંગાથ ગમે છે. આ એ જ વસ્તુઓ છે જે મને દરેક જગ્યાએ ખેંચે છે - પછી તે મિત્રો, સહકર્મીઓ અથવા મારા માટે કામ કરતી સ્ત્રીઓ હોય. મહિલાઓ પ્રત્યે મારો ઝુકાવ હંમેશા પ્રામાણિક અને નિષ્પક્ષ રહી છું. હું બીજાના સુખમાં સુખ શોધું છું. હું માનું છું કે મહિલાઓને હંમેશા યોગ્ય તકો મળવી જોઈએ.
વાતચીત દરમિયાન શાલિનીએ મહિલા કલાકારો પર ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, 'હું એક મહિલા કલાકાર પર ફિલ્મ બનાવવા માંગુ છું - જેમ કે ચિત્રકાર અમૃતા શેરગિલ અને શિલ્પકાર મૃણાલિની મુખર્જી. હું આવી ફિલ્મ કે સિરીઝ બનાવવા માંગુ છું. પણ પહેલા મારે માધ્યમ સમજવું પડશે. જો કે, મારી આ ઈચ્છા ચોક્કસપણે છે.
શાલિનીએ ટ્રાવેલ શો કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેણીએ કહ્યું, 'હું એક ટ્રાવેલ શો કરવા માંગતી હતી કારણ કે વારાણસી અને હૈદરાબાદ જેવા સ્થળોએ ઘણી રમુજી ઘટનાઓ બને છે. આપણા દેશમાં ઘણી સુંદર જગ્યાઓ છે, જે હું દુનિયાને બતાવવા માંગુ છું. આ મારું મોટું સપનું છે.
શાલિની 'બિગ બોસ 18' દ્વારા પોતાના અંદરના ઈગોને ખતમ કરવા માંગે છે. તેણે કહ્યું, 'મારી અંદર થોડો અહંકાર છે. હું ઈચ્છું છું કે તેનો અંત આવે. હું હંમેશા મારી જાતને સુધારનાર વ્યક્તિ માનું છું. હું આ શો દ્વારા મારી જાતને વધુ સુધારવા માંગુ છું. 'બિગ બોસ'માં આવવું એ માત્ર મનોરંજન નથી, પોતાને બદલવાની અને શીખવાની એક મોટી તક છે.

# થલપતિ વિજય અને ત્રિશા કૃષ્ણન વચ્ચે ડેટિંગની અફવા

**ચાર્ટર્ડ પ્લેનમાં સાથે સફર કરી: બંને કીર્તિ સુરેશનાં લગ્ન એટેન્ડ કરવા ગોવા સાથે પહોંચતાં અટકળો**



મુંબઈ: સાઉથનો હિરો થલપતિ વિજય અને ત્રિશા ક્રિષ્ણન ડેટિંગ કરી રહ્યાં હોવાની ચર્ચા છે. બંનેએ સાઉથની હિરોઈન કિર્તી સુરેશનાં ગોવામાં યોજાયેલાં લગ્નમાં સાથે હાજરી આપી હતી. તે પરથી આ અફવા શરુ થઈ છે.
બંને ચાર્ટ્ડ પ્લેનમાં સાથે ગોવા ગયાં હતાં. તેઓ પ્લેનમાં જતાં પહેલાં સાથે સિક્યોરિટી ચેકિંગ કરાવી રહ્યાં હોવાની તસવીરો વાયરલ થઈ છે. બંને સંખ્યાબંધ ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યાં છે. જોકે, ડેટિંગની અફવાઓ વિશે તેમણે કોઈ પ્રતિક્રિયા આપી નથી.
કિર્તી સુરેશે ૧૨ ડિસેમ્બરના રોજ પોતાના લોન્ગટાઈમ બોયફ્રેન્ડ એન્ટની થાટિલ સાથે ગોવામાં લગ્ન કર્યા હતા.

# રાધિકા લગ્નના 12 વર્ષ બાદ માતા બની...

(એજન્સી) મુંબઈ | તા.14

એક્ટ્રેસ રાધિકા આપ્ટે લગ્નના 12 વર્ષ બાદ માતા બની છે. તેણે એક સુંદર પુત્રીને જન્મ આપ્યો છે. તેણે સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરીને આ માહિતી આપી હતી, જેમાં તે તેની પુત્રીને ફીડિંગ કરાવતી જોવા મળી રહી છે. રાધિકાએ 2012માં બ્રિટિશ વાયોલિન પ્લેયર અને સિંગર બેનેડિક્ટ ટેલર સાથે લગ્ન કર્યા હતા.
વાસ્તવમાં, રાધિકા આપ્ટેએ તેની પુત્રીને સ્તનપાન કરાવતી વખતે એક ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો. આ ફોટોમાં તે લેપટોપ પર કામ કરતી જોવા મળી રહી છે, તે જ સમયે તે પોતાની દીકરીને સ્તનપાન કરાવી રહી છે. કેપ્શનમાં તેણે લખ્યું કે, 'બાળકના જન્મના એક અઠવાડિયા પછી પહેલી મુલાકાત.'
મિત્રોએ રાધિકાને અભિનંદન પાઠવ્યા રાધિકાના માતા બનવાની જાહેરાત સાથે જ તેને સોશિયલ મીડિયા પર ખૂબ અભિનંદન મળી રહ્યા છે. ફરહાન અખ્તરે લખ્યું, 'અભિનંદન અને જન્મદિવસની શુભકામનાઓ.' દિવ્યેન્દુ શર્મા, વિજય વર્મા, કોંકણા સેન શર્મા અને ઝોયા અખ્તર જેવા સ્ટાર્સની સાથે ઘણા ચાહકોએ પણ તેને માતા બનવા પર અભિનંદન પાઠવ્યા છે.



# ચેમ્પિયન્સ ટ્રોફીના હાઈબ્રિડ મોડલ પર ICCની મહોર:પાકિસ્તાન નહીં જાય ટીમ

## UAEમાં રમાશે ઈન્ડિયાની તમામ મેચ; ભારતના કડક વલણથી PAK ઝુક્યું પણ સામે રાખી શરત

(એજન્સી) દુબઈ | તા 14

ICCએ પુષ્ટિ કરી છે કે ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રિડ મોડલમાં જ યોજાશે. પાકિસ્તાન પણ બે દેશોમાં યજમાની કરવા માટે સંમત થયું. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગ્રુપ મેચ દુબઈમાં રમાશે. ભારત તેની તમામ મેચ યુએઈમાં જ રમશે, અહીં 2 નોકઆઉટ મેચ પણ રમાશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર પાકિસ્તાને શરત રાખી છે. 2026 T-20 વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ શ્રીલંકાના કોલંબોમાં રમાશે. ભારત અને શ્રીલંકાએ સંયુક્ત રીતે આ ટુર્નામેન્ટની યજમાની કરી છે. ટીમ ઈન્ડિયાએ હાઈબ્રિડ મોડલમાં ચેમ્પિયન્સ ટ્રોફી યોજવાની માગ કરી હતી. એટલા માટે પાકિસ્તાન પણ ભારતમાં યોજાનારી વર્લ્ડ કપની મેચ તટસ્થ સ્થળ પર જ રમશે.

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે, ટુર્નામેન્ટનું વિગતવાર શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. BCCI અને PCBની સંમતિ મળ્યા બાદ ICC શેડ્યૂલ જાહેર કરી શકે છે. પાકિસ્તાન ટુર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.

ટીમે 2017માં ફાઈનલમાં ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું. જય શાહ 5મી ડિસેમ્બરે અધ્યક્ષ બન્યા બાદ દુબઈમાં ICCના હેડક્વાર્ટર પહોંચ્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને આઈસીસી અને PCB વચ્ચે વાતચીત થઈ ગઈ છે. ટુર્નામેન્ટનું આયોજન હાઈબ્રિડ મોડલમાં કરવામાં આવશે. આજતકના સ્પોર્ટ્સ એડિટર વિક્રાંત ગુપ્તાના ટ્વીટ મુજબ ટીમ ઈન્ડિયા તેની તમામ મેચ દુબઈમાં રમશે. BCCI અને PCB વચ્ચે એ પણ નિર્ણય લેવામાં આવ્યો છે.



### PCBએ હાર સ્વીકારી

PCBએ ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન નહીં મોકલવાના BCCIના નિર્ણયની આકરી નિંદા કરી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે કહ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કોઈપણ સંજોગોમાં પાકિસ્તાનમાં જ થશે. જોકે, આખરે PCBએ આઈસીસી અને BCCI સમક્ષ હાર સ્વીકારી લીધી છે. હાઈબ્રિડ મોડલમાં ટુર્નામેન્ટ નક્કી થયા બાદ ચેમ્પિયન્સ ટ્રોફીનું શેડ્યૂલ પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. એવું માનવામાં આવે છે કે ટુર્નામેન્ટ ફેબ્રુઆરીના અંતમાં શરૂ થઈ શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી છેલ્લે વર્ષ 2017માં ઈંગ્લેન્ડ દ્વારા યોજાઈ હતી.

### તમામ 15 સભ્યો હાઈબ્રિડ મોડલ માટે સંમત

ICCના નવા અધ્યક્ષ જય શાહની હાજરીમાં 3 ડિસેમ્બરે બોર્ડના તમામ સભ્યોની બેઠક યોજાઈ હતી. શાહ આ મહિને દુબઈમાં હેડક્વાર્ટર પણ પહોંચ્યા હતા. બેઠકમાં બોર્ડના તમામ 15 સભ્યો હાઈબ્રિડ મોડલ માટે સંમત થયા હતા. પાકિસ્તાને પણ બેઠકમાં નિર્ણયનો વિરોધ કર્યો ન હતો.

**15માંથી 5 મેચ યુએઈમાં યોજાશે :** 8 ટીમ વચ્ચે 15 મેચની ટૂર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે અને 9 માર્ચ સુધી ચાલશે, જોકે સત્તાવાર શેડ્યૂલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. ભારત તેની ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચ UAEમાં રમશે. અહીં સેમીફાઈનલ અને ફાઈનલ પણ રમાશે. જ્યારે ટૂર્નામેન્ટની બાકીની 10 મેચ પાકિસ્તાનમાં યોજાશે. PCBએ મીટિંગમાં 4-5 માગણીઓ રજૂ કરી હતી, પરંતુ ICCએ મોટાભાગની માગણીઓ ફગાવી દીધી હતી.

**પાકિસ્તાન ભારતના ગ્રુપમાં રહેવા માગતું નથી :**PCBએ એવી પણ માગણી કરી હતી કે જો ભારત તટસ્થ સ્થળે રમવા માગે છે તો પાકિસ્તાનને તેના ગ્રુપમાંથી હટાવી દેવું જોઈએ. જેથી પાકિસ્તાને તેની તમામ ગ્રુપ મેચ હોમ ગ્રાઉન્ડ પર જ રમવી જોઈએ, પરંતુ બ્રોડકાસ્ટર્સ સાથે આઈસીસી અને બીસીસીઆઈએ પણ આ માગનો વિરોધ કર્યો, કારણ કે કોઈપણ ટૂર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાનની મેચ બ્લોકબસ્ટર ઈવેન્ટ જેવી હોય છે. 1 માર્ચે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં બંને ટીમ સામસામે આવી શકે છે.

**PCB ઈચ્છે છે કે તેની નાણાકીય વર્ષની આવકમાં 5.75 ટકાનો વધારો થાય.**
2031 સુધી, ભારતમાં યોજાનારી તમામ મોટી ઈવેન્ટ્સ માત્ર હાઈબ્રિડ મોડલમાં જ હોવી જોઈએ. ભારતે આ ટૂર્નામેન્ટ માટે પોતાની ટીમ પાકિસ્તાન મોકલવાની ના પાડી દીધી હતી. શરૂઆતમાં પાકિસ્તાન મક્કમ હતું કે ભારતે પાકિસ્તાનમાં આવવું પડશે, પરંતુ ભારતના કડક વલણ બાદ આખરે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હાઈબ્રિડ મોડલ માટે સંમતિ આપી છે.

**ટીમ ઈન્ડિયા કોઈપણ પરિસ્થિતિમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમવા પાકિસ્તાન નહીં જાય.**
BCCIનાં સૂત્રોએ જણાવ્યું કે, જો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ હાઈબ્રિડ મોડલ માટે સહમત નહીં થાય તો ટીમ ઈન્ડિયા ટુર્નામેન્ટ નહીં રમે. જો PCB ટુર્નામેન્ટનું આયોજન નહીં કરે તો ભારત તેની યજમાની કરવા પણ તૈયાર છે. ICCએ 29 નવેમ્બરે બેઠક બોલાવી છે, જેમાં સ્થળ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

# અફઘાનિસ્તાને બીજી T20માં ઝિમ્બાબ્વેને 50 રને હરાવ્યું

(એજન્સી) હરારે | તા 14

અફઘાનિસ્તાને બીજી T20માં ઝિમ્બાબ્વેને 50 રનથી હરાવ્યું હતું. હરારે સ્પોર્ટ્સ ક્લબમાં શુક્રવારે અફઘાનિસ્તાને ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે 6 વિકેટ ગુમાવીને 153 રન બનાવ્યા હતા. જવાબમાં હોમ ટીમ 103 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.



ઝિમ્બાબ્વેએ પ્રથમ T20 મેચ 4 વિકેટે જીતી લીધી હતી. હવે બીજી મેચના પરિણામ બાદ સિરીઝ 1-1થી બરાબર થઈ ગઈ છે. ત્રીજી T20 શનિવારે હરારેમાં સાંજે 5 વાગ્યાથી રમાશે. રસૂલીએ ફિફ્ટી ફટકારી ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવા આવેલી અફઘાનિસ્તાનની ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે માત્ર 33 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. રહેમાનુલ્લાહ ગુરબાઝ 11 રન, સેદીકુલ્લાહ અટલ 18 અને ઝુબેદ અકબરી 1 રન બનાવીને આઉટ થયા હતા. અહીંથી દરવિશ રસૂલી અને અઝમતુલ્લા ઓમરઝાઈએ દાવ સંભાળ્યો હતો. રસૂલી અને ઓમરઝાઈએ 50+ રનની ભાગીદારી કરી, બંને ટીમના સ્કોર 86 રન સુધી લઈ ગયા.

# રજત પાટીદાર સામે ઝૂક્યું દિલ્હી

(એજન્સી) નવી દિલ્હી તા 14

આ ટુર્નામેન્ટમાં મધ્યપ્રદેશની કેપ્ટનશીપ કરી રહેલા રજત પાટીદારે સેમીફાઈનલમાં શાનદાર ઈનિંગ રમી હતી અને ટુર્નામેન્ટમાં તેની ચોથી અડધી સદી ફટકારી ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. હવે તેનો મુકાબલો મુંબઈ સામે થશે, જેમણે બરોડાને હરાવ્યું હતું. સૈયદ મુશ્તાક અલી T20 ટ્રોફી માટે મુંબઈ અને મધ્યપ્રદેશ વચ્ચે મેચ રમાશે. તેનો નિર્ણય શુક્રવાર 13મી ડિસેમ્બરે લેવામાં આવ્યો હતો, જ્યાં પ્રથમ સેમીફાઈનલમાં મુંબઈએ બરોડાને હરાવ્યું હતું, જ્યારે બીજી સેમીફાઈનલમાં મધ્યપ્રદેશે દિલ્હીને એકતરફી રીતે હરાવ્યું હતું. એમપીએ દિલ્હીને 16 ઓવરમાં 7 વિકેટે હરાવ્યું અને આ રીતે ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવ્યું. એમપીની આ શાનદાર જીતનો સ્ટાર ટીમનો કેપ્ટન રજત પાટીદાર હતો. રજત પાટીદારે ટુર્નામેન્ટમાં પોતાની ચોથી અડધી સદી ફટકારીને સિક્સર અને ફોર ફટકારીને ટીમને આસાન વિજય અપાવ્યો હતો. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં શુક્રવારે રમાયેલી બીજી સેમીફાઈનલમાં દિલ્હીએ મધ્યપ્રદેશને જીતવા 146 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં કેપ્ટન પાટીદારની વિસ્ફોટક બેટિંગની મદદથી એમપીએ જીત સુનિશ્ચિત કરી હતી. IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા પાટીદારે આ હોમ ગ્રાઉન્ડ પર માત્ર 29 બોલમાં 66 રન બનાવીને ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. પાટીદારે પોતાની ઈનિંગમાં 6 છગ્ગા અને 4 ચોગ્ગા ફટકાર્યા હતા.

# શુભમન ગિલ: નવી પેઢી બોલને જુએ છે, બોલરોને નહીં

(એજન્સી) બ્રિસ્બેન | તા 14



ભારતીય બેટર શુભમન ગિલે કહ્યું- 'જો તમે નહીં જીતો તો તમને ડર લાગશે. અમે છેલ્લી વખત અને ભારતમાં પણ જીત્યા હતા. આ પેઢી કોણ બોલિંગ કરી રહ્યું છે તે વિશે વિચારતી નથી અને માત્ર બોલને જુએ છે.' બ્રિસ્બેનના ગાબા મેદાન પર શનિવાર, 14 ડિસેમ્બરથી શરૂ થઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી મેચ પહેલા ગિલ મીડિયા સાથે વાત કરી રહ્યો હતો. તેણે એક દિવસ અગાઉ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતનાર ડી ગુકેશને પણ અભિનંદન પાઠવ્યા હતા. ગિલે કહ્યું- 'હું ભારતીય ક્રિકેટ ટીમ વતી ગુકેશને અભિનંદન આપું છું. સૌથી યુવા વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનવું એ પોતાનામાં એક સિદ્ધિ છે.' ગુકેશે ગુરુવારે રાત્રે ચીનના ડિંગ લિરેનને 7.5-6.5થી હરાવ્યો હતો. ગાબાઃ ગિલમાં જૂની યાદો તાજી થઈ ગિલે કહ્યું કે 2021માં ગાબામાં ઓસ્ટ્રેલિયા જીત્યા બાદ જ્યારે અમે પહેલીવાર ગાબા ખાતે પ્રેક્ટિસ કરવા આવ્યા ત્યારે જૂની યાદો તાજી થઈ ગઈ હતી. અહીં ભારતીય ટીમે ગત ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં 3 વિકેટે વિજય નોંધાવ્યો હતો. વિકેટ કેવી છે તે એક વખત રમ્યા બાદ ખેલાડીને ખબર પડશે. વિકેટ સારી દેખાઈ રહી છે. પિંક બોલ અલગ છે. આ થોડું મુશ્કેલ છે. અમે રેડ બોલ માટે વધુ ટેવાયેલા છીએ. રાત્રે રમતી વખતે તેની સ્પીડ, સીમ અને ગ્રિપનો અંદાજ લગાવવો થોડો મુશ્કેલ છે. ગાબામાં ભારતીય ટીમે ગાબા મેદાનનું ચક્કર લગાવ્યું હતું.

# કોહલી 'વિરાટ' ઈતિહાસ રચવાની નજીક



(એજન્સી) બ્રિસ્બેન | તા 14

ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં વિરાટ કોહલી ઈતિ હાસ રચવા જઈ રહ્યો છે. આ મેચ સાથે તે કાંગારુઓ સામે 100 આંતરરાષ્ટ્રીય મેચ રમનારો બીજો ખેલાડી બની જશે.સચિન તેંડુલકરે ઓસ્ટ્રેલિયા સામે 110 મેચ રમી છે.વિરાટે ઓસ્ટ્રેલિયા સામે 99 મેચમાં 17 સદી ફટકારી હતી, જેમાંથી તે 9 વખત પ્લેયર ઑફ ધ મેચ રહ્યો હતો. વિરાટે ઓસ્ટ્રેલિયાના 7માંથી 6 શહેરમાં સદી ફટકારી છે, બ્રિસ્બેન એકમાત્ર શહેર છે, જ્યાં તે સદી ફટકારી શક્યો નથી. ત્રીજી ટેસ્ટમાં સદી ફટકારીને વિરાટ ઓસ્ટ્રેલિયાનાં તમામ ક્રિકેટ શહેરોમાં સદી ફટકારનારો એકમાત્ર ખેલાડી બની શકે છે.

ઓસ્ટ્રેલિયા સામે 5000+ રન બનાવ્યા વિરાટે ઓસ્ટ્રેલિયા સામે 27 ટેસ્ટ, 49 વન-ડે અને 23 T20 રમી છે, જેમાં તેણે 50થી વધુની એવરેજથી 5326 રન બનાવ્યા હતા. તેના નામે 17 સદી અને 27 ફિફ્ટી છે. ખાસ વાત એ હતી કે વિરાટે પોતાના દેશમાં ઓસ્ટ્રેલિયા સામે 17માંથી 10 સદી ફટકારી હતી. વિરાટની હાજરીમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 47% મેચમાં હરાવ્યું વિરાટની હાજરીમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 10 ટેસ્ટ, 21 વન-ડે અને 15 T20માં હરાવ્યું હતું, જ્યારે પણ વિરાટ ત્રણેય ફોર્મેટમાં પ્લેઈંગ-11નો ભાગ હતો ત્યારે ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા સામે 47% જીત મેળવી હતી. ટીમ 44% મેચમાં હારી હતી, જ્યારે બાકીની મેચ અનિર્ણીત અથવા ડ્રો રહી હતી.વિરાટને ઓસ્ટ્રેલિયામાં રમવાનું પસંદ છે. ઓસ્ટ્રેલિયાનાં 7 શહેરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ છે, જેમાંથી 6માં વિરાટે 12 સદી ફટકારી છે. તેણે એડિલેડમાં વિદેશી ખેલાડીઓમાં સૌથી વધુ 5 સદી ફટકારી છે. તેણે મેલબર્ન અને પર્થમાં 2-2 સદી ફટકારી છે.તેણે હોબાર્ટ, કેનબેરા અને સિડનીમાં પણ 1-1 સદી ફટકારી છે. વિરાટ માત્ર બ્રિસ્બેનના ધ ગાબા સ્ટેડિયમમાં સદી ફટકારી શક્યો નહોતો. જો તે ત્રીજી ટેસ્ટમાં સદી ફટકારશે તો તે ઓસ્ટ્રેલિયન ક્રિકેટના સાતેય શહેરમાં સદી ફટકારનારો પ્રથમ વિદેશી ખેલાડી બની જશે.

2018માં ઓસ્ટ્રેલિયાને હરાવીને ઈતિહાસ રચ્યો હતો વિરાટે 2018માં ઓસ્ટ્રેલિયાની ધરતી પર ઈતિહાસ રચ્યો હતો, જ્યારે તેની કેપ્ટનશિપમાં તેણે ટીમ ઈન્ડિયાને ટેસ્ટ સિરીઝ 2-1થી જીતી હતી. ક્રિકેટ ઈતિહાસમાં પહેલીવાર ભારતે ઓસ્ટ્રેલિયાને ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાં હરાવ્યું હતું.ભારતે 2021માં અજિંક્ય રહાણેની આગેવાનીમાં ઓસ્ટ્રેલિયામાં ફરી ટેસ્ટ સિરીઝ જીતી હતી. હવે રોહિત શર્માના નેતૃત્વમાં ટીમ 5 ટેસ્ટ સિરીઝમાં 1-1થી આગળ છે. વિરાટ આ ટીમનો મહત્ત્વનો ભાગ છે, તેની પાસે એક ખેલાડી તરીકે ઓસ્ટ્રેલિયામાં સતત ત્રીજી ટેસ્ટ શ્રેણી જીતવાની તક છે. વિરાટ કોહલીની આગેવાની હેઠળ ભારતે 2018માં પહેલીવાર ઓસ્ટ્રેલિયાને તેમના હોમગ્રાઉન્ડમાં ટેસ્ટ શ્રેણીમાં હરાવ્યું હતું. વિરાટે ઈંગ્લેન્ડ સામે 85 મેચ રમી.

**સચિને ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કરતાં વધુ સેન્ચુરી ફટકારી :** માત્ર સચિન તેંડુલકરે જ ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કરતાં વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. ઓસ્ટ્રેલિયા સામે 110 મેચમાં તેના નામે 6707 રન છે, જેમાં 20 સદી અને 31 અડધી સદી સામેલ છે. ટેસ્ટમાં સચિને 11 સદીની મદદથી 3630 રન બનાવ્યા છે, જ્યારે વન-ડેમાં તેણે 9 સદીની મદદથી 3077 રન બનાવ્યા છે. સચિને ઓસ્ટ્રેલિયા સામે એકપણ T20 રમી નથી. જો વિરાટ ઓસ્ટ્રેલિયા સામે વધુ 4 સદી ફટકારે છે તો તે પ્રતિસ્પર્ધી સામે સૌથી વધુ સદી ફટકારનારો ખેલાડી બની જશે. હાલમાં સચિન ઓસ્ટ્રેલિયા સામે 20 સદી ફટકારીને ટોચ પર છે. વિરાટ ત્રીજા નંબર પર છે. બીજા નંબર પર રહેલા ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેને ઈંગ્લેન્ડ સામે 19 સદી ફટકારી છે.વિરાટ ગાબામાં એક જ ટીમ સામે 100થી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનારો વિશ્વનો માત્ર ચોથો ખેલાડી બનશે. તેના પહેલાં શ્રીલંકાના સનથ જયસૂર્યા, મહેલા જયવર્દને અને ભારતના સચિન તેંડુલકર 2-2 ટીમ સામે આ કરી ચૂક્યા છે. જયસૂર્યા અને જયવર્દને ભારત અને પાકિસ્તાન સામે 100થી વધુ મેચ રમ્યા છે. સચિને ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા સામે 100+ મેચ રમી છે.

# વેસ્ટ ઈન્ડિઝે બાંગ્લાદેશને ક્લીન સ્વીપ કર્યું: ત્રીજી વન-ડે પણ 4 વિકેટે જીતી




(એજન્સી) સેન્ટ કિટ્સ | તા 14

વેસ્ટ ઈન્ડિઝે બાંગ્લાદેશ સામેની 3 મેચની વન-ડે સિરીઝમાં ક્લીન સ્વીપ કરી લીધું છે. ગુરુવારે રાત્રે રમાયેલી ત્રીજી વન-ડેમાં કેરેબિયન ટીમે 4 વિકેટે જીત મેળવી હતી. બેસેટેરે, સેન્ટ કિટ્સમાં રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બાંગ્લાદેશે 50 ઓવરમાં 5 વિકેટે 321 રન બનાવ્યા હતા. કેરેબિયન બેટર્સે 45.5 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 322 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. અમીર જંગુએ 104 રનની અણનમ ઈનિંગ રમી હતી. તેણે 83 બોલની ઈનિંગમાં 6 ફોર અને 4 સિક્સર ફટકારી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કર્યો હતો. વેસ્ટ ઈન્ડિઝનો શેરફેન રધરફોર્ડ પ્લેયર ઓફ ધ સિરીઝ રહ્યો હતો. બાંગ્લાદેશની ખરાબ શરૂઆત, 9 રનમાં બે વિકેટ ગુમાવી ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા બાંગ્લાદેશની શરૂઆત ખરાબ રહી હતી.

ટીમે 9 રનના સ્કોર પર બે વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર તન્ઝીદ હસન અને લિટન દાસ પોતાનું ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. અલ્ઝારી જોસેફે ઈનિંગની ત્રીજી ઓવરમાં બંનેને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. બંને વચ્ચે 150 રનની અણનમ ભાગીદારી થઈ હતી. મહમુદુલ્લાહે 63 બોલમાં અણનમ 84 રન બનાવ્યા હતા જ્યારે ઝાકિર અલીએ 57 બોલમાં 62 રનનું યોગદાન આપ્યું હતું.9 રનમાં બે વિકેટ ગુમાવ્યા બાદ ઓપનર સૌમ્ય સરકારે મેહદી હસન મિરાજ સાથે મળીને બાંગ્લાદેશી ઈનિંગ્સની કમાન સંભાળી હતી.

### સૌમ્ય સરકાર અને મેહદી હસને બાજી સંભાળી

9 રનમાં બે વિકેટ ગુમાવ્યા બાદ ઓપનર સૌમ્ય સરકારે મેહદી હસન મિરાજ સાથે મળીને બાંગ્લાદેશી ઈનિંગ્સની કમાન સંભાળી હતી. બંનેએ ત્રીજી વિકેટ માટે 127 બોલમાં 136 રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારી ગુડાકેશ મોતીએ તોડી હતી. 73 રનના સ્કોર પર સૌમ્ય સરકારને LBW આઉટ કર્યો હતો.

### રન ચેઝમાં વેસ્ટ ઈન્ડિઝની ખરાબ શરૂઆત, 31ના સ્કોર પર 3 વિકેટ ગુમાવી

322 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત પણ ખરાબ રહી હતી. ટીમે 31 રનના સ્કોર પર 3 વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર બ્રેન્ડન કિંગ 15 રનના સ્કોર પર રનઆઉટ થયો હતો જ્યારે એલેક એથેનાઝ (7 રન) નસુમ અહેમદની બોલિંગમાં બોલ્ડ થયો હતો. કેપ્ટન શાઈ હોપને હસન મહેમૂદે સૌમ્ય સરકારના હાથે કેચ આઉટ કરાવ્યો હતો.

### સૌમ્ય સરકાર 73 રન બનાવીને આઉટ થયો હતો.

સૌમ્ય સરકારના આઉટ થયા બાદ કેપ્ટન મેહદી હસન મિરાજ 73 બોલમાં 77 રન બનાવીને રનઆઉટ થયો હતો. ત્યારપછી શેરફેન રધરફોર્ડે અફીફ હુસૈનને બ્રેન્ડન કિંગના હાથે કેચ કરાવ્યો હતો. ઓપનર સૌમ્ય સરકારે મેહદી હસન મિરાજ સાથે 136 રનની ભાગીદારી કરી હતી. 171ના સ્કોર પર 5 વિકેટ ગુમાવ્યા બાદ મિડલ ઓર્ડરમાં મહમુદુલ્લાહ અને ઝાકિર અલીએ બાંગ્લાદેશનો સ્કોર 321 સુધી પહોંચાડ્યો હતો.

# વેસ્ટ ઈન્ડિઝ સામે સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત


(એજન્સી) નવી દિલ્હી | તા 14

વેસ્ટ ઈન્ડિઝ સામેની ODI અને T-20 સિરીઝ માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી છે. શેફાલી વર્મા ફરી એકવાર ટીમમાં પોતાની જગ્યા બનાવવામાં નિષ્ફળ રહી છે. તે જ સમયે, ટીમ ઈન્ડિયા દ્વારા પ્રથમ વખત ત્રણ અનકેપ્ડ ખેલાડીઓને બોલાવવામાં આવ્યા છે. T-20 સિરીઝ 15 ડિસેમ્બરથી શરૂ થવાની છે, જ્યારે 50 ઓવરના ફોર્મેટમાં બંને ટીમો વચ્ચે ટક્કર 22 ડિસેમ્બરથી શરૂ થશે. અરુંધતી રેડ્ડીને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી વનડે સિરીઝમાં હરમનપ્રીત એન્ડ કંપનીને 3-0થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરવા માટે ભારતીય ટીમની T-20 અને ODI ટીમોની જાહેરાત કરવામાં આવી છે. ટીમ ઈન્ડિયાએ પ્રથમ વખત નંદની કશ્યપ, રાઘવી બિષ્ટ અને પ્રતિકા રાવલને સ્થાન મળ્યું છે. રાઘવી અને નંદાનીનો T-20 ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે જ પ્રતિકાને ODI ટીમમાં જગ્યા આપવામાં આવી છે. શેફાલી વર્માને બંને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. ઓસ્ટ્રેલિયા સામે તાજેતરમાં રમાયેલી વનડે સિરીઝમાં પણ શેફાલી ભારતીય ટીમનો ભાગ ન હતી. શેફાલીનું બેટ છેલ્લા કેટલાક સમયથી સાવ શાંત છે. આ સાથે અરુંધતિ રેડ્ડીને પણ ટીમમાં રાખવામાં આવી નથી.

# બાબર એ તોડ્યો ક્રિસ ગેલનો મહારેકોર્ડ, વિરાટ અને રોહિત આસપાસ પણ નહીં

(એજન્સી) સેન્ચુરિયન | તા 14

પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન બાબર આઝમે T20 ક્રિકેટમાં વધુ એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. શુક્રવારે, 13 ડિસેમ્બરે, સેન્ચુરિયનના સુપરસ્પોર્ટ પાર્કમાં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી બીજી T20 મેચમાં બાબરે સૌથી ઝડપી 11 હજાર રન પૂરા કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. આ મામલે તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ બેટ્સમેન ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે. બાબરે આ સિદ્ધિ માત્ર 298 ઈનિંગ્સમાં હાંસલ કરી હતી, જ્યારે ગેઈલને 314 ઈનિંગ્સની જરૂર હતી. T20માં સૌથી ઝડપી 11,000 રન બનાવનાર બેટ્સમેન આ યાદીમાં ડેવિડ વોર્નર અને



વિરાટ કોહલી અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને છે. બાબર આઝમની આ સિદ્ધિ તેને T20 ક્રિકેટના ઈતિહાસમાં નવી ઊંચાઈએ લઈ ગઈ છે.

ટી20માં સૌથી ઝડપી 7,000, 9,000 અને 10,000 રન પૂરા કરવાનો રેકોર્ડ પણ બાબર આઝમના નામે છે. હવે તે સૌથી ઝડપી ગતિએ 11,000 રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે. આ રેકોર્ડ સાથે બાબરે ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ ચમક્યો બાબર બાબર આઝમે હાલમાં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 14,000 રન પૂરા કર્યા છે. આ સિદ્ધિ મેળવનાર તે પાંચમો પાકિસ્તાની બેટ્સમેન છે. તેમના પહેલા ઈન્ઝમામ-ઉલ-હક, યુનિસ ખાન, મોહમ્મદ યુસુફ અને જાવેદ મિયાંદાદ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. બાબર આઝમે 55 ટેસ્ટ ક્રિકેટ મેચ રમી છે. આ 55 મેચોમાં બાબરે 43.92ની એવરેજથી 3997 રન બનાવ્યા છે. આ સિવાય બાબર આઝમે 120 ODI મેચ રમી છે. આ 120 મેચોમાં બાબરે 56.95ની એવરેજથી 5809 રન બનાવ્યા છે.

### ભારતીય કંપનીઓએ ત્યાં 10% વધુ ટેક્સ ચૂકવવો પડશે, નેસ્લે વિવાદ બાદ કાર્યવાહી

# સ્વિટ્ઝર્લેન્ડે ભારતનો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો ખતમ કર્યો



(એજન્સી) બર્ન | તા 14

સ્વિટ્ઝર્લેન્ડ સરકારે ભારત પાસેથી મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)નો દરજ્જો પાછો ખેંચી લીધો છે. સ્વિસ સરકારના આ નિર્ણય બાદ હવે ત્યાં કાર્યરત ભારતીય કંપનીઓએ 1 જાન્યુઆરી 2025થી 10 ટકા વધુ ટેક્સ ચૂકવવો પડશે. ડબલ ટેક્સ એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA) હેઠળ સ્વિટ્ઝર્લેન્ડે ભારતને MFN રાષ્ટ્રનો દરજ્જો આપ્યો હતો.

શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડે કહ્યું કે ભારતીય સુપ્રીમ કોર્ટના નિર્ણયને કારણે તેણે આ પગલું ભરવું પડ્યું. હકીકતમાં, ગયા વર્ષે, નેસ્લે સંબંધિત એક કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે જ્યાં સુધી આવકવેરા કાયદા હેઠળ સૂચિત ન થાય ત્યાં સુધી DTAA લાગુ કરી શકાય નહીં. આ નિર્ણયનો અર્થ એ થયો કે નેસ્લે જેવી કંપનીઓએ તેમના ડિવિડન્ડ પર વધુ ટેક્સ ચૂકવવો પડશે. આ પહેલા દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે વિદેશી સંસ્થાઓ માટે અથવા તેમાં કામ કરતી કંપનીઓ અને વ્યક્તિઓએ ડબલ ટેક્સ ચૂકવવો જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે આ નિર્ણયને રદ કર્યો હતો.

## તમને જણાવી દઈએ કે નેસ્લે સ્વિસ કંપની છે. તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના વેવે શહેરમાં છે

**ડબલ ટેક્સ ટાળવા માટે DTAA છે**

ક્લિયર ટેક્સ અનુસાર, બે દેશો તેમના નાગરિકો અને કંપનીઓને ડબલ ટેક્સથી બચાવવા માટે પોતાની વચ્ચે ડબલ ટેક્સ એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA) કરે છે. આ હેઠળ, કંપનીઓ અથવા વ્યક્તિઓએ તેમની સેવાઓ અથવા ઉત્પાદનો માટે બે અલગ-અલગ દેશોમાં ટેક્સ ચૂકવવો પડતો નથી. શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડે કહ્યું કે ભારતીય સુપ્રીમ કોર્ટના નિર્ણયને કારણે તેણે આ પગલું ભરવું પડ્યું. હકીકતમાં, ગયા વર્ષે, નેસ્લે સંબંધિત એક કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે જ્યાં સુધી આવકવેરા કાયદા હેઠળ સૂચિત ન થાય ત્યાં સુધી DTAA લાગુ કરી શકાય નહીં.

### શા માટે અને કેવી રીતે MFN સ્ટેટસ છીનવી લેવામાં આવે છે?

સામાન્ય રીતે, WTOની કલમ 21B હેઠળ, કોઈપણ દેશ સુરક્ષા સંબંધિત વિવાદોને કારણે અન્ય દેશ પાસેથી આ દરજ્જો પાછો ખેંચી શકે છે. રિપોર્ટ અનુસાર, તેને પાછી ખેંચવા માટે કેટલીક મુખ્ય શરતો પૂરી કરવી પડશે. પરંતુ વાસ્તવમાં તેને દૂર કરવાની કોઈ ઔપચારિક પ્રક્રિયા નથી. સ્વિટ્ઝર્લેન્ડે શા માટે આ પગલું ભર્યું? તમને જણાવી દઈએ કે ભારતમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સ્વિત્ઝરલેન્ડે આ નિર્ણય લીધો છે. નેસ્લે કંપની વિરૂદ્ધ ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે ટેક્સ વધારવાની વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જ્યાં સુધી આવકવેરા કાયદા હેઠળ DTAને સૂચિત કરવામાં નહીં આવે ત્યાં સુધી નેસ્લે સહિત તમામ સ્વિસ કંપનીઓને ડબલ ટેક્સ ચૂકવવો પડશે.

### ભારતે 2019માં પાકિસ્તાન પાસેથી MFN સ્ટેટસ છીનવી લીધું હતું

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં 2019માં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પાસેથી MFN સ્ટેટસ પણ છીનવી લીધું હતું. જે અંતર્ગત પાકિસ્તાનથી આયાત થતી ઘણી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી વધારી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ સ્વિસ સરકારે પણ MFN રદ કરવાની જાહેરાત કરી હતી., ભારતની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે જ્યાં સુધી આવકવેરા કાયદા હેઠળ સૂચિત ન થાય ત્યાં સુધી DTAA લાગુ કરી શકાય નહીં. આ નિર્ણયનો અર્થ એ થયો તો ચાલો જાણીએ MFN શું છે? આ કારણે ભારતમાં ઘણી વસ્તુઓની કિંમતો ઝડપથી વધી શકે છે. અમને જણાવો કે કેવી રીતે?

### મોસ્ટ ફેવર્ડ નેશન શું છે?

મોસ્ટ ફેવર્ડ નેશન એ બે દેશો વચ્ચેનો પરસ્પર કરાર છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) અનુસાર, MFN હેઠળ બંને દેશો વચ્ચેના વેપારમાં કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં. ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે ડબલ ટેક્સેશન એગ્રીમેન્ટ (DTA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત બંને દેશોની કંપનીઓને ટેક્સમાં છૂટ મળી છે. આ કારણે ભારતીય કંપનીઓ સ્વિટ્ઝર્લેન્ડ અને સ્વિસ કંપનીઓ ભારતમાં જંગી નફો કમાતી હતી.

### ભારતીય કંપનીઓએ કેટલો ટેક્સ ચૂકવવો પડશે?

સ્વિટ્ઝર્લેન્ડના આ આદેશ બાદ ભારતીય કંપનીઓને ભારે આંચકો લાગ્યો છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય કંપનીઓ માટે 1 જાન્યુઆરી, 2025થી નવા નિયમો અમલમાં આવશે. આ હેઠળ, ભારતીય કંપનીઓએ સ્વિટ્ઝર્લેન્ડમાં જે પણ નફો કરે છે તેના 10 ટકા સ્વિસ સરકારને ટેક્સ તરીકે ચૂકવવાનું ફરજિયાત રહેશે.નેસ્લે સંબંધિત એક કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો.

### ભારત પર શું અસર થશે?

હવે સ્વિટ્ઝર્લેન્ડે MFN રદ કરવાની જાહેરાત કરી છે. જેના કારણે ભારતીય કંપનીઓએ સ્વિત્ઝર્લેન્ડમાં ભારે ટેક્સ ચૂકવવો પડશે. તેની અસર સ્વિત્ઝર્લેન્ડથી આવતા માલસામાન પર પણ જોવા મળશે. ઉદાહરણ તરીકે, નેસ્લે એક સ્વિસ કંપની છે, જેની મેગી, મંચ અને કિટકેટ ચોકલેટ્સ, ડેરી ઉત્પાદનો, કોફી જેવા ઉત્પાદનો ભારતમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. પરંતુ 1 જાન્યુઆરીથી આ વસ્તુઓ મોંઘી થઈ શકે છે. ભારત માટે સ્વિત્ઝર્લેન્ડથી એક ખરાબ સમાચાર આવ્યા હતા. સ્વિટ્ઝર્લેન્ડે ભારતનો મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)નો દરજ્જો પાછો ખેંચવાની જાહેરાત કરી છે. આની ભારત પર ભારે અસર થવાની છે. સ્વિટ્ઝર્લેન્ડનો આ આદેશ 1 જાન્યુઆરી, 2025થી અમલમાં આવશે.

# ટ્રમ્પ 18,000 ભારતીયોને અમેરિકામાંથી હાંકી કાઢશે

(એજન્સી) ન્યૂયોર્ક | તા 14

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સોગંદવિધિ બાદ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામે સખત કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. ચૂંટણીપ્રચાર દરમિયાન તેમણે વારંવાર અમેરિકાને પ્રવાસી મુક્ત બનાવવાની વાત કરી હતી. આ મુદ્દે તેમણે યુદ્ધના ધોરણે તૈયારી શરૂ કરી છે.

આ યોજનાને સાકાર કરવા માટે અમેરિકન ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) એ દેશમાંથી હાંકી કાઢવા માટે 15 લાખ લોકોનું લિસ્ટ તૈયાર કરી દીધું છે. સમાચારો અનુસાર, આ લિસ્ટમાં 18,000 ગેરકાયદે ભારતીય પ્રવાસીઓનો પણ સામેલ છે.ગયા મહિને બહાર પડાયેલા આઈસીઈના ડેટા અનુસાર, અમેરિકામાં દેશ છોડવાના આદેશવાળા ડોકેટે 15 લાખ લોકોમાં 17,940 ભારતીય સામેલ છે.

તેમણે ટૂંકા ગાળામાં સ્વદેશ પાછા જવું પડી શકે છે. ભારતના એક મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકામાં અત્યારે ભારતમાંથી ગયેલા 7,25,000 ગેરકાયદે પ્રવાસી છે. મેક્સિકો અને અલ-સાલ્વાડોર પછી અમેરિકામાં સૌથી વધારે ગેરકાયદે પ્રવાસી ભારતના છે. જ્યારે, હોમલેન્ડ સિક્યોરિટી વિભાગના રિપોર્ટ અનુસાર, જાન્યુઆરી 2022માં અમેરિકામાં લગભગ 11 મિલિયન ગેરકાયદે પ્રવાસી વસવાટ કરે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર કહ્યું છે કે તેઓ ઈલ્લીગલ ઈમિગ્રન્ટ્સને દેશમાંથી બહાર કાઢી મૂકવા માટે કંઈ પણ કરશે. તેમણે કહ્યું કે જરૂરિયાત ઊભી થશે તો તેના માટે અમેરિકાની સેનાનો પણ ઉપયોગ કરશે. તેમણે ગુરુવારે પ્રકાશિત એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે તેઓ આ વાતનું પુનરાવર્તન કરશે. ટ્રમ્પે કહ્યું કે કોઈ દેશમાં ગેરકાયદે ઘૂસવું કે આક્રમણ કરવા બરાબર છે, તેને અટકાવવાની જરૂર છે. ટ્રમ્પે પોતે ટાઈમ પર્સન ઓફ ધ યર બનવાની જાહેરાત બાદ કહ્યું કે, હું આપણા દેશ પર આક્રમણ માનું છું. હું નથી ઈચ્છતો કે તેઓ આગામી 20 વર્ષ સુધી શિબિરમાં બેસી રહે. હું ઈચ્છું છું કે તેઓ બહાર નીકળે અને તેમણે પોતાના દેશમાં પાછા જવું પડશે.

### કોને નહીં એ અમારો અધિકાર; કેનેડાએ કહ્યું હતું- ભારત અમારા નાગરિકોને વિઝા નથી આપી રહ્યું

# 'કેનેડિયન મીડિયા અમને બદનામ કરી રહ્યું છે'

(એજન્સી) ટોરેન્ટો | તા 14

વિદેશ મંત્રાલયે શુક્રવારે કેનેડિયન મીડિયા પર ભારતને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કેનેડિયન મીડિયાના અહેવાલોને ફગાવી દીધા છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતે કેટલાક કેનેડિયન નાગરિકોને વિઝા આપ્યા નથી. હકીકતમાં, તાજેતરમાં કેનેડિયન મીડિયામાં આક્ષેપો કરવામાં આવ્યા હતા કે ભારત વિઝા નીતિનો દુરુપયોગ કરીને



કેનેડાના મામલામાં દખલ કરી રહ્યું છે. ખાલિસ્તાની એજન્ડાને સમર્થન આપવાને કારણે ભારતે ઘણા કેનેડિયન નાગરિકોને વિઝા આપવાનો ઈનકાર કર્યો હતો. તેના પર ભારતે કેનેડિયન મીડિયા પર ખોટી માહિતી દ્વારા દેશના આંતરિક મામલામાં હસ્તક્ષેપ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. જયસ્વાલે કહ્યું કે, અમે કેનેડાના મામલામાં દખલ નથી કરી રહ્યા, પરંતુ તેઓ અમારી બાબતોમાં દખલ કરી રહ્યા છે.વિશ્વમાં સૌથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં છે. લગભગ સાડા ચાર લાખ ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરે છે. અમે તેમને કેનેડામાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વચ્ચે સતર્ક રહેવા અપીલ કરીએ છીએ. અમે કેનેડામાં રહેતા ભારતીયો માટે એડવાઈઝરી પણ જારી કરી છે.ટોરોન્ટો, ઓટાવા અને વાનકુવરમાં કેનેડાના કોન્સ્યુલેટ માર્યા ગયેલા વિદ્યાર્થીઓના પરિવારજનોના સંપર્કમાં છે અને તેમને સંપૂર્ણ મદદ કરી રહ્યા છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, કેનેડાએ ત્યાં થઈ રહેલી ભારત વિરોધી ગતિવિધિઓને રોકવી પડશે.આ સાથે જ ભારતે એવી ભારત વિરુદ્ધ થઈ રહેલી ગતિવિધિઓ સામે પગલાં લે.

# જો બાઈડેને જતા જતા 1500 લોકોની સજા ઘટાડી

(એજન્સી) વોશિંગ્ટન | તા 14

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને ગુરુવારે તેમના કાર્યકાળના અંત પહેલા 1500 કેદીઓની સજા ઘટાડવાની જાહેરાત કરી છે. આ તમામ કેદીઓને કોરોના રોગચાળા દરમિયાન જેલમાંથી મુક્ત કર્યા હતા અને તેઓ નજરકેદ હતા. બાઈડેને 39 ગુનેગારોની સજા માફ કરી જેઓ હિંસક ગુનાઓમાં સામેલ ન હતા. હકીકતમાં, કોરોના દરમિયાન, અમેરિકામાં કેટલાક કેદીઓને જેલમાંથી ખસેડીને નજરકેદ કર્યા હતા. એસોસિએટેડ પ્રેસ અનુસાર, તે સમયે જેલમાં દર 5માંથી 1 કેદીને કોરોના હતો. જે બાદ બાઈડન સરકારે આ નિર્ણય લીધો હતો. મોટાભાગના ગુનેગારો ડ્રગ્સના ગુનાઓમાં સંડોવાયેલા છે બાઈડેને જારી કરેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા લોકોને નવી તક આપે છે. રાષ્ટ્રપતિ તરીકે, મને તેમની ભૂલો સુધારવાની હિંમત દાખવનારાઓ પ્રત્યે દયા બતાવવાની તક મળી છે. આ લોકોને તેમના જીવનને સુધારવા અને સમાજમાં યોગદાન આપવાની ફરી તક મળી છે. અમે જે લોકોને માફ કર્યા છે તેમાંથી મોટાભાગના લોકો ડ્રગના ગુનામાં સામેલ હતા.જો બાઈડેને ગયા અઠવાડિયે તેમના પુત્ર હંટર બાઈડેનની સજા માફ કરી દીધી હતી.

### વીજળીની નિકાસ પણ રોકી શકે છે; ટ્રમ્પે 25% ટેરિફની ધમકી આપી હતી

# અમેરિકન દારૂ પર પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં કેનેડા

(એજન્સી) ટોરોન્ટો | તા 14

નવા ચૂંટાયેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાથી આવતા તમામ સામાન પર 25% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. હવે તેના જવાબમાં કેનેડાનો સૌથી વધુ વસતી ધરાવતો પ્રાંત ઓન્ટારિયો અમેરિકન આલ્કોહોલ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. આ સિવાય તે અમેરિકન રાજ્યો મિશિગન, ન્યૂયોર્ક અને મિનેસોટામાં વીજળીની નિકાસ રોકવા પર પણ વિચાર કરી રહી છે. ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડ આ વાતની પુષ્ટિ કરી છે.




### ફોર્ડે કહ્યું- આ અમારો છેલ્લો વિકલ્પ, આશા છે

ઑન્ટારિયો પ્રીમિયર ડગ ફોર્ડે વીજળી ન વેચવાના નિર્ણયને છેલ્લો વિકલ્પ ગણાવ્યો છે. ફોર્ડે કહ્યું- મને નથી લાગતું કે ટ્રમ્પ આ ઈચ્છે છે. તેમણે કહ્યું કે અમે અમેરિકાને સંદેશ આપવા માંગીએ છીએ કે, જો તમે અમારા લોકોના રોજગારને નિશાન બનાવશો તો અમે તમામ સંભવિત પગલાં લઈશું. જો કે, હું આશા રાખું છું કે આવું કરવાની કોઈ જરૂર રહેશે નહીં.ટ્રમ્પના નિવેદનનો વિરોધ કરતા મેક્સિકોના અર્થતંત્ર મંત્રીએ કહ્યું- અમેરિકામાં વેચાતી 88% પિક-અપ ટ્રક માત્ર મેક્સિકોમાં જ બને છે. આ અમેરિકાના ગ્રામીણ વિસ્તારોમાં મોટાપાયે વેચાય છે.

**જો મેક્સિકો અને કેનેડાને સબસિડી જોઈતી હોય તો તેમણે યુએસ સ્ટેટ્સ બનવું જોઈએ. :** થોડા દિવસો પહેલા ટ્રમ્પે NBC ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, અમે દર વર્ષે કેનેડાને 100 બિલિયન ડૉલર અને મેક્સિકોને લગભગ 300 બિલિયન ડૉલરની સબસિડી આપીએ છીએ. આપણે સબસિડી બંધ કરવી જોઈએ. જો તેમને સબસિડી જોઈતી હોય તો તેમણે અમેરિકન રાજ્ય બનવું જોઈએ.

**આના પર ટ્રમ્પે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે,** જો ફોર્ડ આવું કરે તો સારું છે. યુએસ કેનેડાને સબસિડી આપી રહ્યું છે અને એવું ન થવું જોઈએ. ઑન્ટારિયોએ 2023 સુધીમાં અમેરિકામાં 1.5 મિલિયન ઘરોને વીજળી પૂરી પાડી હતી. આ સિવાય કેનેડા અમેરિકાને તેલનો સૌથી મોટો સપ્લાયર છે. કેનેડાથી દરરોજ 45 લાખ બેરલ તેલ અમેરિકા જાય છે, જે અમેરિકામાં ક્રૂડ ઓઈલની નિકાસના 60% છે.

# ગુરુના ચંદ્ર પર જ્વાળામુખી ફાટ્યો : અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ વીડિયો જાહેર કર્યો

(એજન્સી) વોશિંગ્ટન | તા 14

અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ સૌરમંડળના સૌથી મોટા ગ્રહ ગુરુનો ત્રીજો સૌથી મોટો ચંદ્ર IO પર જ્વાળામુખી ફાટવાનો વીડિયો જાહેર કર્યો છે. આ વીડિયો નાસા દ્વારા તેના જુનો મિશનના અવકાશયાનમાંથી રેકોર્ડ કરવામાં આવ્યો છે. આ વીડિયો સ્પેસ એજન્સીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં ચંદ્ર IOની સપાટી પરથી લાવા નીકળતો જોવા મળે છે. IOને આપણા સૌરમંડળમાં સૌથી સક્રિય જ્વાળામુખી ચંદ્ર માનવામાં આવે છે. તેની સપાટી પર 400થી વધુ સક્રિય જ્વાળામુખી છે, જેમાં સતત વિસ્ફોટ થાય છે અને લાવા બહાર આવે છે. નાસાના જુનો મિશનના સંશોધનથી IO પર જ્વાળામુખીની પ્રવૃત્તિના 44 વર્ષ



જૂના રહસ્યને સમજવામાં મદદ મળી છે. IO પર જ્વાળામુખી વિસ્ફોટનો પ્રથમ ફોટો 1979 માં લેવામાં આવ્યો હતો. અહીં ઘણા તળાવો છે જેમાં પીગળેલા લાવા છે. વૈજ્ઞાનિક ગેલિલિયો ગેલિલીએ સૌપ્રથમ ચંદ્ર IOની શોધ કરી હતી. જ્વાળામુખીનો લાવા જે ગુરુના ચંદ્ર IO પર ફાટી નીકળે છે તે મેગ્માના મહાસાગરોને બદલે મેગ્મા ચેમ્બરમાંથી આવે છે. નેચર ડોટ કોમ અનુસાર, તેની સપાટી પર જ્વાળામુખી ફાટવાને કારણે તેનો આકાર બદલાતો રહે છે.ચંદ્ર IO પરના જ્વાળામુખીમાંથી ફાટી નીકળેલા લાવાની પ્રથમ તસવીર નાસાના વોયેજર 1 અવકાશયાન દ્વારા 1979માં લેવામાં આવી હતી. ચંદ્ર IO ગુરુની આસપાસ લંબગોળ ભ્રમણકક્ષામાં ફરે છે. ગુરુનું ગુરુત્વાકર્ષણ તેના પર દબાણ લાવે છે, જેના કારણે તે કદમાં સંકોચાય છે.

# અમેરિકનો જીવન દરમિયાન 13 વર્ષ બીમાર રહે છે : રિપોર્ટ




વોશિંગ્ટન | તા 14

અમેરિકન પુરુષ તેમના જીવનના સરેરાશ 12.4 વર્ષ બીમારી સાથે વિતાવે છે. આ આંકડો 2000માં 10.9 વર્ષ હતો, જે હવે વધીને 12.4 વર્ષ થયો. જે વૈશ્વિક સરેરાશ કરતાં 29 ટકા વધુ છે. અમેરિકન મેડિકલ એસોસિએશનની નવા રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. મહિલાઓ માટે આ સ્થિતિ વધુ ગંભીર છે. અમેરિકન મહિલાઓ જીવનકાળ દરમિયાન સરેરાશ 13.7 વર્ષ બીમાર રહે છે. જે વૈશ્વિક સરેરાશ કરતા 32 ટકા વધુ છે.

### અમેરિકામાં માનસિક અને ડ્રગ-સંબંધિત સમસ્યાઓ,

તેમજ મસ્ક્યુલોસ્કેલેટલ બીમારીઓ (જેમ કે સંધિવા અને પીઠનો દુખાવો) મૃત્યુદરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. અમેરિકા પછી ઓસ્ટ્રેલિયાના લોકો 12.1 વર્ષ, ન્યુઝીલેન્ડના લોકો 11.8 વર્ષ, બ્રિટનના લોકો 11.3 વર્ષ, નોર્વેના લોકો 11.2 વર્ષ અને લેસોથોના લોકો 6.5 વર્ષ બીમારી સાથે જીવે છે.પુરૂષોની સરખામણીમાં મહિલાઓ 1.3 વર્ષ વધુ બીમાર રહે છે. સમગ્ર વિશ્વમાં આરોગ્ય-આયુષ્યના અંતરમાં પણ વધારો થયો છે. 2000માં તે 8.5 વર્ષ હતું, જે હવે 2024માં 9.6 વર્ષ થશે. જોકે, આ તફાવત અમેરિકામાં સૌથી વધુ છે.

# દુશ્મની ભૂલીને ટ્રમ્પે ચીનને મોકલ્યું આમંત્રણ, શું જિનપિંગ શપથ ગ્રહણમાં આવશે?

(એજન્સી) વોશિંગ્ટન | તા 14

ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ ફરી એકવાર અમેરિકાની કમાન સંભાળવા જઈ રહ્યા છે. તેમણે જાન્યુઆરીમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ જિનપિંગ આવતા મહિને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા નથી. ગુરુવારે, ટ્રમ્પના પસંદ કરેલા પ્રેસ સેક્રેટરી, કેરોલિન લેવિટે, ફોક્સ ન્યૂઝ પર શી જિનપિંગને આમંત્રણ મોકલવાના અહેવાલની પુષ્ટિ કરી. તેમણે તેને લાંબા સમયથી પ્રતિસ્પર્ધી ગણાતા બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

ટ્રમ્પનું આમંત્રણ, શું કરશે જિનપિંગ? નિષ્ણાંતોનું કહેવું છે કે જિનપિંગ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ સ્વીકારવાનું ખૂબ જોખમી ગણશે. ઉપરાંત, ટ્રમ્પના આ વર્તનથી બંને દેશો વચ્ચેના વધતા સ્પર્ધાત્મક સંબંધો પર કોઈ ખાસ અસર નહીં પડે, કારણ કે વ્હાઈટ હાઉસમાં સત્તા બદલાઈ રહી છે.પૂર્વ એશિયન અને પેસિફિક બાબતોના રાજ્યના સહાયક સચિવ તરીકે ફરજ બજાવતા ડેની રસેલ કહે છે, 'શું તમે કલ્પના કરી શકો છો કે શી જિનપિંગ જાન્યુઆરીમાં વોશિંગ્ટન ડીસીમાં પોડિયમની નીચે બેઠા હોય. અને તેમના ઉદ્ઘાટન ભાષણ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ તરફ જોતા હતા?' રસેલે કહ્યું નેતા, ખાસ કરીને અમેરિકી રાષ્ટ્રપતિની જીતની ઉજવણી કરતા સામાન્ય મહેમાન તરીકે મર્યાદિત રહેવા દેશે નહીં.

# MP-UP સહિત 11 રાજ્યોમાં પારો 5°થી નીચે : પંજાબના આદમપુરમાં તાપમાન -0.4 ડિગ્રીએ પહોંચ્યું


બારામુલ્લા


તંગમાર્ગ


સોનમર્ગ

મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢ સહિત 11 રાજ્યોમાં આજે કોલ્ડવેવનું એલર્ટ છે. આ રાજ્યોના ઘણા જિલ્લાઓમાં પારો 5થી નીચે છે. રાજસ્થાનમાં સીકર અને માઉન્ટ આબુમાં છેલ્લા 3 દિવસથી પારો 0 પર યથાવત છે. મધ્યપ્રદેશમાં 5 દિવસથી ઠંડીનું મોજું ચાલી રહ્યું છે. આજે પણ તેની અસર 25થી વધુ જિલ્લાઓમાં રહેશે. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં જમીન પર હિમ પડવાની પણ સંભાવના છે. પંજાબના સંગરુરમાં સૌથી ઓછું તાપમાન 1.1 ડિગ્રી સેલ્સિયસ હતું અને હરિયાણાના હિસારમાં સૌથી ઓછું તાપમાન 1.7 ડિગ્રી સેલ્સિયસ હતું. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા 7 દિવસથી તાપમાન માઈનસમાં છે. શ્રીનગરમાં આજે માઈનસ 3 નોંધાયું હતું. દક્ષિણ ભારતના તમિલનાડુ અને પુડુચેરીમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડના આઈપીઓને અગ્રણી બ્રોકરેજ હાઉસ તરફથી લીલીઝંડી મળી

(એજન્સી) અમદાવાદ । તા. 14

પબ્લિક ઈશ્યૂ શુક્રવાર, 13 ડિસેમ્બર, 2024ના રોજ ખુલ્યો અને મંગળવાર, 17 ડિસેમ્બર, 2024ના રોજ બંધ થશે ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડે 12 ડિસેમ્બર, 2024ના રોજ 68 એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂ. 1,900 કરોડ એકત્રિત કર્યા હતા

ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડના આઈપીઓને આનંદ રાઠી, બજાજ બ્રોકિંગ, કેનેરા બેંક સિક્યોરિટીઝ, ચોઈસ સિક્યોરિટીઝ, એયુએમ કેપિટલ, બીપી વેલ્થ વગેરે જેવા અગ્રણી બ્રોકરેજ હાઉસીસ તરફથી સબ્સ્ક્રાઈબની ભલામણ મળી છે. આનંદ રાઠી આઈપીઓ રિપોર્ટમાં જણાવાયું છ કે અપર પ્રાઈઝ બેન્ડ પર કંપની 43.75 ગણા પીઈ પર વેલ્યુ કરી રહી છે જેનું માર્કેટ કેપ ઈક્વિટી શેર્સના ઈશ્યૂ પછી રૂ. 1,80,208 મિલિયનનું છે અને નેટ વર્થ પર વળતર 76.58 ટકા છે. અમે માનીએ છીએ કે આઈપીઓ યોગ્ય કિંમતે છે અને આઈપીઓ માટે લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઈબ કરવાના રેટિંગની ભલામણ કરીએ છીએ. ચોઈસ સિક્યોરિટીઝ આઈપીઓ રિપોર્ટમાં જણાવાયું છે કે આઈજીઆઈ ઈન્ડિયા એ નેચલ ડાયમંડ્સ, લેબોરેટરીમાં બનાવાતા ડાયમંડ્સ, સ્ટેડડ જ્વેલરી અને કલર્ડ સ્ટોન્સને સર્ટિફાઈ કરવા અને ગ્રેડિંગ કરવામાં વિશ્વભરમાં માન્યતા પ્રાપ્ત અગ્રણી છે અને એજ્યુકેશન પ્રોગ્રામ્સ પણ ઓફર કરે છે. કંપનીએ રિપોર્ટેડ સમયગાળામાં આવક અને નફા બંનેમાં સતત સારા આંકડા દર્શાવ્યા છે અને ડિવિડન્ડ પણ ચૂકવે છે. આઈજીઆઈના જેવું બિઝનેસ મોડલ ધરાવતા સરખામણી કરી શકાય તેવા કોઈ સમકક્ષો નથી. ઉદ્યોગનો પોઝિટિવ ગ્રોથ ટ્રેન્ડ આઈજીઆઈના ભવિષ્યની સંભાવનાઓને ટેકો આપી શકે છે. એટલે અમે આ ઈશ્યૂ માટે લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઈબ કરવાના રેટિંગની ભલામણ કરીએ છીએ.

## ધ ગ્રેટ ઈન્ડિયન આઈપીઓ સમિટ એન્ડ એવોર્ડ્સ 2024માં બ્રાઈટ આઉટડોર મીડિયાને "ગ્રેટ ઈન્ડિયન આઈપીઓ ગેમ ચેન્જર" તરીકે સન્માનિત કરાઈ

(એજન્સી) મુંબઇ । તા. 14




બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ, (બીએસઇ - 543831), જે ભારતના આઉટ-ઓફ-હોમ (OOH) જાહેરાત ઉદ્યોગમાં અગ્રણી છે, તેને ધ ગ્રેટ ઈન્ડિયન આઈપીઓ સમિટ એન્ડ એવોર્ડ્સ 2024માં 'ગ્રેટ ઈન્ડિયન આઈપીઓ ગેમ ચેન્જર'નું પ્રતિષ્ઠિત ટાઈટલ એનાયત કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ રેડિસન બ્લુ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યોજાઈ હતી, જેમાં એવી સંસ્થાઓને સમ્માનિત કરવામાં આવી હતી, જેમણે નવીન વ્યૂહરચનાઓ, ટેક્નોલોજી અને અભૂતપૂર્વ બજાર અભિગમ સાથે આઈપીઓ પિરદશ્યને પરિવર્તિત કર્યું છે. આ પ્રતિષ્ઠિત સમ્માન આઉટડોર એડવર્ટાઈઝિંગ ઉદ્યોગને પુન: આકાર આપવામાં બ્રાઈટ આઉટડોર મીડિયાના નેતૃત્વ અને યોગદાનને રેખાંકિત કરે છે. 2023માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) પર સૂચિબદ્ધ થનારી ભારતમાં પ્રથમ આઉટડોર મીડિયા કંપની તરીકે, બ્રાઈટ આઉટડોર મીડિયાએ આ ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કર્યા છે. ડિજિટલ આઉટ-ઓફ-હોમ (DOOH) સ્પેસમાં કંપનીની પ્રભાવશાળી પ્રગતિમાં 3 લાખ ચોરસ ફૂટથી વધુ ડિજિટલ બિલબોર્ડ સ્પેસનું સંચાલન કરવાનો સમાવેશ થાય છે, આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, કાનૂની અને બજાર વ્યૂહરચના ક્ષેત્રોમાંથી સીઈઓ, ફાઉન્ડર્સ અને ઉદ્યોગના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.

## એમજી નર્ચર પ્રોગ્રામ હેઠળ ઑટોમોટિવ ટેકનોલોજીના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં એમજી હેક્ટરને રજૂ કરી

(એજન્સી) અમદાવાદ । તા. 14




જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ એમજી હેક્ટરને રજૂ કરીને તેના એમજી નર્ચર પ્રોગ્રામ હેઠળ ઉદ્યોગજગત-શૈક્ષણિક ક્ષેત્રની પહેલને મજબૂત બનાવાની દિશામાં પગલું ભર્યું છે. એમજી નર્ચર પહેલે ભારતમાં વિદ્યાર્થીઓનું સશક્તિકરણ કરવાના અને ઉદ્યોગજગત અને શૈક્ષણિક ક્ષેત્રની વચ્ચેના અંતરાલને ઘટાડવાના તેના વ્યાપક પ્રયાસો ચાલું રાખ્યાં છે. 40થી વધારે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ સાધીને આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને ઝડપથી બદલાઈ રહેલા ઑટોમોટિવ સેક્ટરમાં સફળ થવાના આવશ્યક ટેકનિકલ કૌશલ્યો પૂરાં પાડવા માંગે છે. જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયામાં હ્યુમન રીસોર્સિસના સીનિયર ડિરેક્ટર શ્રી યશવિન્દર પટિયાલે જણાવ્યું હતું કે, 'અમારી એમજી નર્ચર પહેલ વિદ્યામૂલક શિક્ષણ અને વાસ્તવિક વિશ્વના ટેકનોલોજી સંબંધિત નવીનીકરણોની વચ્ચે સેતુ બનાવીને ઑટોમોટિવ ક્ષેત્રના પરંપરાગત શિક્ષણ સિવાય બીજી ઘણી બધી જાણકારી પૂરી પાડે છે. અમારું માનવું છે કે, વિદ્યાર્થીઓને નવા યુગની ઑટોમોટિવ ટેકનોલોજીનું સીધું ઍક્સેસ પૂરું પાડીને અમે વર્કફોર્સની આગામી પેઢીને ઘડી રહ્યાં છીએ. અમે ભવિષ્ય માટે સજ્જ હોય તેવી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છીએ, જે સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારુ કુશળતાની સાથે જોડે છે.' ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પદ્મ શ્રી ડૉ. એચ. એમ. દેસાઈએ જણાવ્યું હતું કે, 'જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાની સાથે સાધવામાં આવેલો સહયોગ અમારા વિદ્યાર્થીઓને અત્યાધુનિક ઑટોમોટિવ ટેકનોલોજીનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરવાની મૂલ્યવાન તક પૂરી પાડે છે. ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી હંમેશા વિદ્યાર્થીઓને નવી અત્યાધુનિક ટેકનોલોજી શીખવા પર ભાર મૂકે છે. આ પ્રકારની કૌશલ્ય વિકાસની તકો મારફતે અમારા વિદ્યાર્થીઓ સફળ થવા અને ઉભરી રહેલી તકોને ઝડપી લેવા માટે જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યાં છીએ.' જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ઈલેક્ટ્રિક વ્હિલકના શિક્ષણ પર કેન્દ્રીત એક અગ્રણી ઓનલાઈન પ્લેટફૉર્મ EVPEDIAને લૉન્ચ કરીને કૌશલ્યવિકાસ પ્રત્યેની તેની કટિબદ્ધતાને વિસ્તારી છે.

## અડવાણી દાખલ: હાલ સ્વાસ્થ્ય સ્થિર, જે.પી નડ્ડાએ ડોકટરો સાથે વાત કરી

### એલ. કે. અડવાણીને ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 14



ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત ફરી એક વખત લથડી છે. તેમને શનિવારે (14મી ડિસેમ્બર) દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. આ દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ અપોલો હોસ્પિટલમાં દાખલ લાલકૃષ્ણ અડવાણીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. તેણે એપોલો હોસ્પિટલના ડૉક્ટર સાથે ફોન પર વાત પણ કરી છે.લાલકૃષ્ણ અડવાણીને એક મહિના પહેલા 26મી જૂન રાત્રે વાગ્યે તેમને દિલ્હી એમ્સના યુરોલૉજી વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ડૉ. અમલેશ શેઠની દેખરેખ હેઠળ તેની સારવાર કરવામાં આવી હતી અને બીજા દિવસે રજા આપવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ લાલકૃષ્ણ અડવાણી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝઝુમી રહ્યા છે. આ જ કારણ છે કે આ દિવસોમાં તેઓ પોતાના ઘરે જ રહે છે અને કોઈ પણ જાહેર કાર્યક્રમમાં હાજરી આપતા નથી. એલ. કે. અડવાણીને આ વર્ષે દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી પણ નવાજવામાં આવ્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતેના કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. તેમને તેમના નિવાસસ્થાને જ ભારત રત્ન આપવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 30મી માર્ચે તેમના નિવાસસ્થાને ગયા હતા અને તેમને 'ભારત રત્ન' એનાયત કર્યો હતો. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ તેમના નિવાસસ્થાને હાજર હતા. વર્ષ 2015માં પદ્મ વિભૂષણ ઍવૉર્ડ પણ આપવામાં આવ્યો હતો.

### બંગાળના પૂર્વ મંત્રી પાર્થ ચેટરજીના જામીન મુદ્દે સુનાવણી

## મંત્રી હોવાથી જામીન માટે વિશેષ છૂટ નથી મળી જતી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

સુપ્રીમ કોર્ટે જામીન અંગે મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું હતું કે કોઈ વ્યક્તિ મંત્રી હોય તો તેના જામીન માટે વિશેષ સુવિધા નથી મળી હતી. બંગાળના પૂર્વ મંત્રી પાર્થ ચેટરજીની જામીન અરજીની સુનાવણી વખતે સુપ્રીમે આ ટિપ્પણી કરી હતી. અને પોતે મંત્રી રહી ચુક્યા હોવાની પાર્થ ચેટરજીની દલીલોને ફગાવી હતી. જોકે સાથે જ તેમના જામીન અંગે સમય મર્યાદા પણ નક્કી કરી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સુર્યકાંત અને ન્યાયાધીશ ઉજ્જલ ભુયાનની બેંચ સમક્ષ પૂર્વ મંત્રી પાર્થ ચેટરજીના વકીલે એવી દલીલ કરી હતી કે અરજદાર મંત્રીપદ પર રહી ચુક્યા છે માટે તેમની જામીન અરજી અંગે અલગથી વિચારણા કરવામાં આવે. જેને ફગાવતા સુપ્રીમે કહ્યું હતું કે કેસની સ્થિતિને ધ્યાનમાં રાખીને જ આ અંગે વિચારણા કરી શકાય, કોઈ મંત્રી પદ પર હોવાથી તેને જામીન અંગે વિચારણા માટે કોઈ વિશેષ છૂટ નથી મળી જતી. નાણાના બદલામાં નોકરી કૌભાંડમાં મની લોન્ડરિંગ કેસમાં ઝડપાયેલા પાર્થ ચેટરજીના જામીન અંગે સુપ્રીમ કોર્ટે સમય મર્યાદા નક્કી કરી હતી, સાથે જ ટ્રાયલ કોર્ટને ઝડપથી નિકાલ કરવા પણ કહ્યું હતું. બેંચે કહ્યું હતું કે આ મામલામાં મામલાની ઝડપથી સુનાવણી કરવામાં આવે અને સાક્ષીઓની યોગ્ય રીતે તપાસ કરવામાં આવે તો પાર્થ ચેટરજીને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં જામીન આપી શકાય. સુપ્રીમે આદેશ આપ્યો હતો કે જો ટ્રાયલ કોર્ટ ૩૦મી જાન્યુઆરી સુધીમાં આરોપો ઘડે અને સાક્ષીઓની તપાસ કરે તો ૧ ફેબ્રુઆરીના રોજ તેમને છોડી શકાય.

## ક્રોમ્પ્ટનએ વિશિષ્ટતા અને કલાત્મકતાનું સંપૂર્ણ મિશ્રણ પૂરુ પાડતી ડેકોરેટીવ વોલ લાઇટ્સની નવી શ્રેણી લોન્ચ કરી

(એજન્સી) મુંબઇ । તા. 14



ગુણવત્તાયુક્ત અને નવીન લાઈટીંગ ઉકેલો પૂરા પાડવામાં પોતાની સમર્પિતતા માટે જાણીતી ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ પોતાની તાજેતરની ડેકોરેટીવ લાઇટ્સ - વોલ્સમાઈલ વોલ લાઈટ સિરીઝનું અનાવરણ કરતા રોમાંચ અનુભવે છે. ચાહે તમે તમારા ઘરને શણગારતા હોય કે ખૂબસુરતીમાં ફક્ત એક સ્પર્શનો ઉમેરો કરવા માગતા હોય તો આ કલેક્શનને DIY ઉત્સાહીઓ અને વ્યાવસાયિક ડેકોરેટર્સ માટે લિવીંગ સ્પેસને વધુ ઉન્નત બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યુ છે. ન્યૂનતમવાદી અને લક્ઝુરિયસ ઈન્ટેરિયર્સ એમ બન્ને માટે સંપૂર્ણ આ વોલ લાઇટ્સ ખૂબસુરતીના સ્પર્શનો ઉમેરો કરશે અને કોઈપણ રુમમાં આનંદમાં વધારો કરશે.

ઉપભોક્તાઓ એવા લાઈટીંગ ઉકેલોની વધુને વધુ ઈચ્છા રાખતા હોય છે જેમાં સુંદરતા અને ફંકશનાલિટી એમ બન્નેનો સમાવેશ થતો હોય. ક્રોમ્પ્ટનની વોલ લાઇટ્સ ખૂબસુરતી અને સ્ટાઈલ કે જે કોઈપણ જગ્યામાં સ્થાપિત થાય છે તે ઓફર કરીને ગ્રાહકોની જરૂરિયાતોને સંતોષે છે. આ લાઇટ્સ અલગ પ્રકારનું આસપાસના વાતાવરણનું સર્જન કરે છે. ચાહે તમે લક્ઝરીનો સ્પર્શ ઉમેરવા માગતા હોય કે યોગ્ય મૂડ સ્થાપિત કરવા માગતા હોય, ક્રોમ્પ્ટનની વોલ લાઇટ્સ વિવિધ પ્રકારના આકારમાં આવે છે, જે પ્રત્યેક લાગણી સાથે બંધ બેસે છે, સરળતાથી ઉષ્માનું ઉમેરણ કરે છે અને તમારા ઘરમાં આનંદનો ઉમેરો કરે છે. કોરિડોર્સ, ગાર્ડન વોલ્સ તેમજ ઈન્ડોર જગ્યા માટે ઉત્તમ આ લાઇટ્સ એવા આમંત્રિત વાતાવરણનું સર્જન કરવામાં મદદ કરે છે જે તમારા વિશિષ્ટ વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડે છે. તે કોઈપણ જગ્યામા ઊંડાણ અને દાર્શનિક રુચિનો ઉમેરો કરતા તમારા લિવીંગ પર્યાવરણને વિસ્તૃત બનાવે છે. ક્રોમ્પ્ટનની ડેકોરેટીવ વોલ લાઈટીંગ રેન્જમાં વિવિધ રેન્જની પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે જે ઉપભોક્તાના એકંદરે અનુભવને ઉન્નત બનાવે છે: વોલ લેમ્પ્સ: આ ચારેય સમકાલીન ડિઝાઈન ટકાઉ બનાવવામાં આવી છે અને ઈન્સ્ટોલ કરવામાં સરળ છે. એક વર્ષની વોરંટી સાથે, આ લાઈટો ક્રોમ્પ્ટનનું શ્રેષ્ઠતા માટેનું સમર્પણ દર્શાવે છે. બોલ લાઇટ્સ: લાઈટિંગ માત્ર એક જરૂરિયાત કરતાં વધુ છે; તે ડિઝાઈનનું આવશ્યક તત્વ છે જે જગ્યાઓને પરિવર્તિત કરે છે. દિવાલની લાઇટનો આ સંગ્રહ કલાત્મકતા અને કાર્યક્ષમતાને જોડે છે, જે માત્ર રોશની જ નહીં પરંતુ કોઈપણ રૂમ માટે ખૂબસુરતીનો સ્પર્શ પણ પ્રદાન કરે છે. K લાઇટ્સ: વન-વે અને અપ એન્ડ ડાઉન K લાઇટ તમને જ્યાં જરૂર હોય ત્યાં ચોક્કસ રીતે પ્રકાશને દિશામાન કરવા માટે રચવામાં આવી છે. ભલે તમે કલાના એક ભાગને પ્રકાશિત કરવા માંગતા હોય, માર્ગને પ્રકાશિત કરવા માંગતા હોય, અથવા આરામદાયક ખૂણામાં વાતાવરણ બનાવવા માંગતા હોય, આ ફિક્સ્ચર તેજસ્વી, કેન્દ્રિત લાઈટિંગ પ્રદાન કરે છે જે તમારા પર્યાવરણને વધારો કરે છે. ટેલિસ્કોપિક અપ એન્ડ ડાઉન લાઇટ્સ: ટુ-વે ટેલિસ્કોપિક લાઇટ્સ તમારી લાઈટિંગ જરૂરિયાતો માટે ઉન્નત સર્વપરીતા પ્રદાન કરીને, ઉપર અને નીચે બંને તરફ પ્રકાશને પ્રોજેક્ટ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તમે આર્કિટેક્ચરલ સુવિધાઓને હાઈલાઈટ કરવા માંગો છો અથવા વસવાટ કરો છો વિસ્તારમાં ગરમ વાતાવરણ બનાવવા માંગો છો, આ ફિક્ચર બંને દિશામાં સુંદર રીતે સંતુલિત પ્રકાશ પહોંચાડે છે. જગ્યાના એકંદર લાઈટિંગ અનુભવને અપગ્રેડ કરવા માટે રચાયેલ, ડેકોરેટિવ વોલ લાઇટ્સ રેન્જ તેમના ઘરની સજાવટના કલાત્મકતાને અપગ્રેડ કરવા માગતા કોઈપણ માટે વિશ્વસનીય લાઈટિંગ સોલ્યુશન્સ ઑફર કરે છે. લાઇટ્સની આ શ્રેણી પાણી પ્રતિરોધક અને ધૂળ-મુક્ત છે, જે તેમને ઘરની અંદર તેમજ બહારના વાતાવરણ બંને માટે યોગ્ય બનાવે છે કારણકે તેઓ ઉત્પાદનની ઉત્પાદકતા અને કાર્યપ્રણાલીને અસર કર્યા વિના પાણીના છાંટાને સ્વીકારી શકે છે. વધુમાં, આ વોલ લાઇટ્સની સમગ્ર શ્રેણી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) સાથે નોંધાયેલ છે, જે ખાતરી કરે છે કે સલામતી, ગુણવત્તા અને કામગીરીના ધોરણો ચકાસવામાં આવે છે.

## દિલ્હીની શાળાઓમાં 7 દિવસમાં ત્રીજીવાર ધમકી

નવી દિલ્હી: આ વિઝ્યુઅલ દિલ્હીના આરકે પુરમ સ્થિત DPS સ્કૂલના છે. પોલીસ ટીમ તપાસ માટે શાળા પરિસરમાં પહોંચી હતી. 7 દિવસમાં ત્રીજી વખત દિલ્હીની ઘણી શાળાઓમાં બોમ્બની ધમકી મળી છે. પોલીસ ટીમ તપાસ માટે DPS આરકે પુરમ પહોંચી છે. સવારે 6 વાગ્યે ધમકીભર્યો મેઈલ આવ્યો હતો. દિલ્હીની શાળાઓમાં ધમકીનો બે દિવસમાં આ બીજો મામલો છે. શુક્રવારે દિલ્હીની 30 શાળાઓને ધમકીઓ પણ મળી હતી. સ્કૂલોને ઈમેલ મોકલનાર વ્યક્તિએ લખ્યું હતું કે 13-14 ડિસેમ્બરે પેરેન્ટ્સ મીટિંગ અને સ્પોર્ટ્સ ડે પર બોમ્બ બ્લાસ્ટ થશે. તપાસમાં બહાર આવ્યું છે કે ઈમેલ દેશ બહારથી આવ્યા હતા. જ્યારે તેમણે ધમકીભર્યો ઈ-મેલ જોયો ત્યારે તેમણે પોલીસ, માતા-પિતા અને સ્કૂલ બસ ડ્રાઈવરોને જાણ કરી.

## પુત્રી ઢોર નથી, તેણે પુખ્ત વયે મરજીથી કરેલા લગ્ન સ્વીકારો

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

પુખ્ત વયની પુત્રીને મરજી મુજબ લગ્ન કરતા રોકવા મામલે સુપ્રીમ કોર્ટે માતા પિતાને ટકોર કરતા કહ્યું હતું કે સંતાનો ઢોર નથી, પુખ્ત વયની તમારી પુત્રીના લગ્નનો સ્વીકાર કરો. માતા પિતાએ પુત્રીને ભગાડી જવાના આરોપ લગાવી યુવક સામે ફરિયાદ કરી હતી, જેને હાઈકોર્ટે રદ કરી દેતા મામલો સુપ્રીમ પહોંચ્યો હતો. સુપ્રીમે પણ હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં માતા પિતાએ હાઈકોર્ટના ફરિયાદ રદ કરી દેવાના નિર્ણયને પડકાર્યો હતો. જેની સુનાવણી વખતે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમારની બેંચે કહ્યું હતું કે જ્યારે તમારી પુત્રીએ લગ્ન કર્યા ત્યારે તે સગીર વયની નહીં પરંતુ પુખ્ત વયની હતી, તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા છે. અમે હાઈકોર્ટના ચુકાદામાં કોઈ જ દખલ દેવા નથી માગતા. મધ્ય પ્રદેશના માતા પિતાએ મહિદપુરના રહેવાસી યુવક સામે યુવતીને ભગાડી જવાનો, અને જાતિય શોષણ કરવાનો આરોપ લગાવી ફરિયાદ દાખલ કરાવી હતી. ફરિયાદમાં એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે યુવતીને ભગાડી જવામાં આવી ત્યારે તે ૧૯ વર્ષની હતી. આ મામલે બાદમાં આરોપી યુવકે મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવાની અપીલ કરી હતી, હાઈકોર્ટે ફરિયાદ રદ કરી આપી હતી, સાથે નોંધ્યું હતું કે યુવતી પુખ્ત વયની છે અને મરજીથી લગ્ન કર્યા છે.

બાદમાં યુવતીના પિતા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે પિતાને સલાહ આપતા કહ્યું હતું કે સંતાનો ઢોર નથી, તેમને કેદ કરીને રાખવાનો તમને કોઈ જ અધિકાર નથી. તમે તમારી પુત્રી સાથે ઢોર જેવો વ્યવહાર કર્યો, અને તેના સંબંધોનો સ્વીકાર ના કર્યો. જ્યારે ફરિયાદ દાખલ કરાઈ ત્યારે યુવતી સગીર વયની નહોતી, હાઈકોર્ટના નિર્ણયમાં દખલ દેવા જેવુ કઈ નથી. સુપ્રીમ કોર્ટે બાદમાં પિતાની અરજીને ફગાવી હતી.

### બહુમતીઓથી દેશ ચાલશેનું નિવેદન કરનારા ન્યાયાધીશ સામે કાર્યવાહી

## અલ્લાહાબાદ હાઈકોર્ટે જજ શેખર યાદવને મહત્ત્વના કેસોમાંથી હટાવાયા

નવી દિલ્હી: આ દેશ કઠમુલ્લાઓ મુજબ નહીં, બહુમતીઓની ઈચ્છાથી ચાલશે એવું નિવેદન કરીને વિવાદાસ્પદ બનેલા અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ શેખર યાદવ સામે અંતે પગલાં લેવાયા છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે ગુરુવારે ન્યાયાધીશ શેખર કુમાર યાદવને મહત્વપૂર્ણ કેસોમાંથી હટાવ્યા હતા અને રોસ્ટરમાં મોટા ફેરફારની જાહેરાત કરી હતી. તેઓ હવે સિવિલ કેસો સંભાળશે. બીજીબાજુ ન્યાયાધીશ શેખર કુમાર યાદવ વિરુદ્ધ મહાભિયોગ ચલાવવા વિપક્ષે રાજ્યસભામાં નોટિસ આપી છે.

દેશનો કાયદો બહુમતીઓની ઈચ્છા મુજબ ચાલશે, કઠમુલ્લાઓના કહ્યા મુજબ નહીં જેવું વિવાદાસ્પદ નિવેદન કરીને પ્રકાશમાં આવેલા અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ શેખર કુમાર યાદવ વિરુદ્ધ પગલાં લેવાની માગ કરાઈ રહી હતી. જોકે, હવે અલ્લાહાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે ન્યાયાધીશ શેખર કુમાર યાદવની બેન્ચ બદલી નાંખી છે. અલ્લાહાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરુણ ભણસાલીના આદેશથી ગુરુવારે મોડી સાંજે જાહેર કરાયેલ સપ્લીમેન્ટરી રોસ્ટર ૧૬ ડિસેમ્બરથી અમલી બનશે. શેખર યાદવ હવે વર્ષ ૨૦૧૦ સુધીના જૂના સિવિલ કેસોની પ્રથમ અપીલનું કામ સંભાળશે.

શેખર યાદવ અત્યાર સુધી ૧૫ ઑક્ટોબરથી અમલી બેન્ચ રોટેશનમાં આઈપીસીની કલમ ૩૭૬, ૩૭૬-એ, ૩૭૬-ઈ (અન્ય ગૂનાઓ સાથે અથવા તેના વિના (૩૦૨ અને ૩૦૪-બી આઈપીસી સિવાય) હેઠળ જામીન અરજી, બળાત્કાર, જાતીય સતામણી, મોટા ગુનાઈત કેસોમાં જામીનના કેસ સાંભળતા હતા. જોકે, એક અહેવાલ મુજબ રોસ્ટરમાં આ સુધારા સામાન્ય પ્રક્રિયા છે. મુખ્ય ન્યાયાધીશ અરુણ ભણશાલીની કાર્યવાહી વચ્ચે સુપ્રીમ કોર્ટે આ કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટ પાસેથી શેખર યાદવ અંગે રિપોર્ટ માગ્યો છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 15 DECEMBER-2024
AHMEDABAD



## અમદાવાદ સિવિલ પાસેથી પિસ્તોલ સાથે બે ઝડપાયા

અમદાવાદ | શાહીબાગ સિવિલ હોસ્પિટલ પાસે બે આરોપીઓ પોતાની સાથે પિસ્તોલ અને કારતૂસ લઈને ફરતા હતાં. જોકે, ATS એ પોતાને મળેલી બાતમીના આધારે બંને આરોપીને કોઈ અઘટિત ઘટના બને તે પહેલાં જ ઝડપી પાડ્યા છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલ્યું કે, પોતાના ભાઈની હત્યાનો બદલો લેવા માટે આ હથિયાર સાથે રાખ્યા હતાં. સિરાજ ડૉન અને અફઝલ નામના શખસે તેના ભાઈની હત્યા કરી હતી. આ હત્યાના કેસમાં આરોપી પોતે પણ ઈજાગ્રસ્ત થયો હતો.

## બનાસકાંઠામાં ભાજપી નેતાઓનો તાયફો, ખેડૂતોમાં રોષ

ડીસા | બનાસકાંઠામાં ડીસા અને ધાનેરાના ધારાસભ્ય સહિત ભાજપના નેતાઓનો તાયફો સામે આવતા ખેડૂતોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. થરાદથી સીપુ સુધીની કાર્યરત પાઈપલાઈન થકી સીપુ કેનાલમાં પાણી છોડાતા જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તીસિંહજી વાઘેલા સહિત ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી અને ધાનેરા ધારાસભ્ય માવજી દેસાઈની ઉપસ્થિતિમાં ઢોલ નગારા સાથે ઉત્સાહભેર પાણીના વધામણા કર્યા હતા. જો કે ભાજપના આગેવાનો ઘરે પહોંચે તે અગાઉ જ નહેરનું પાણી બંધ કરતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે.

**ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો આદેશ....** રાજ્યની હોસ્પિટલમાં જેનો મેડિકલ સ્ટોર છે તેણે બોર્ડ લગાવવું પડશે કે દર્દીઓ ઈચ્છે ત્યાંથી દવાની ખરીદી કરી શકશે

# મનમાની નહીં ચાલે...હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાંથી દવા લેવી ફરજિયાત નથી

(એજન્સી) અમદાવાદ | તા.14

આજકાલ મોટા ભાગની હોસ્પિટલો પોતાની હોસ્પિટલમાં જ ઈનહાઉસ મેડિકલ ચલાવતી હોય છે. દર્દીઓ બ્રાન્ડેડ દવાના બદલે જિનરિક દવા ખરીદવા ઈચ્છતો હોય તો પણ તેને જે તે હોસ્પિટલમાં આવેલા મેડિકલમાંથી દવાની ખરીદી કરવા માટે મજબૂર કરાતો હોય છે. જો કે, હવે હોસ્પિટલની અંદર જ ચાલતા મેડિકલ સ્ટોર પરથી દવાની ખરીદી કરવા માટે દર્દીને મજબૂર કરી શકાશે નહીં. રાજ્યમાં જે પણ હોસ્પિટલની અંદર ઈનહાઉસ મેડિકલ સ્ટોર આવેલા છે તેમણે બોર્ડ લગાવવાનું રહેશે કે આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજિયાત નથી.

### હોસ્પિટલમાં આવેલા મેડિકલ સ્ટોર પરથી જ દવા ખરીદવા ફરજ પડાતી હતી



ખોરાક અને ઔષધ નિયમનતંત્રના કમિશ્નર ડૉ.એચ.જી.કોશિયા જણાવે છે કે તંત્રના ધ્યાન ઉપર આવ્યા મુજબ રાજ્યમાં આવેલ હોસ્પિટલો દ્વારા તેઓના હોસ્પિટલ ખાતે સારવાર કરાવવા આવતા દર્દીઓને ઈન હાઉસ મેડીકલ સ્ટોર ખાતેથી જ દવા ખરીદવા ફરજ પાડવામાં આવતી હોય છે. જેથી દર્દીઓ જેનરિક દવાઓ કે અન્ય સસ્તી દવાઓ મેળવી શકતા નથી અને આર્થિક બોજો સહન કરવો પડે છે.

**હોસ્પિટલોની ઈન હાઉસ મેડિકલમાં બોર્ડ લગાવવાનું રહેશે :** જાહેર જનતાના હિતમાં તંત્ર દ્વારા તમામ હોસ્પિટલોની ઈન હાઉસ મેડિકલ સ્ટોરના સંચાલકોને –"આ હોસ્પીટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી " તેવા સાઈન બોર્ડ પ્રસિદ્ધ કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવેલ છે. જેથી દર્દીઓ સરળતાથી કોઈપણ મેડીકલ સ્ટોર ખાતેથી દવા ખરીદી શકે.

**દર્દીઓ જિનરિક દવા ખરીદવી હોય તોપણ ખરીદી શકતા ન હતા :** બજારમાં બ્રાન્ડેડ દવા જેવું જ કન્ટેન્ટ ધરાવતી જિનરિક દવા પણ મળી રહે છે. જે સસ્તામાં મળે છે. પરંતુ, ડોકટર દ્વારા લખવામાં આવતી દવા ત્યાંથી ખરીદવાનો આગ્રહ રખાતો હોવાના કારણે દર્દીઓ જેનરિક દવા ખરીદી શકતા ન હતા. શહેરોમાં અનેક મેડીકલ એવા હોય છે કે, જ્યાં દર્દીઓને ડિસ્કાઉન્ટ મળતું હોય છે તે પણ જતું કરવું પડતું હતું.

**પરિપત્રમાં કરાયો આદેશ :** આ પરિપત્ર મુજબ તંત્રના તાબા હેઠળના તમામ મદદનીશ કમિશનરને તકેદારી રાખવા સૂચના અપાઈ છે કે, રાજ્યમાં આવેલી હોસ્પિટલો સરકારના આ આદેશનુ કડક પાલન કરે તેનું ધ્યાન રાખવામાં આવે. આ સાથે "આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી " તેવા સાઈન બોર્ડ દરેક ઈન હાઉસ મેડિકલ સ્ટોરની બહાર લગાવાયા છે કે નહીં તેની તકેદારી રાખવા પણ કેહવાયું છે. આ સૂચના વ્યક્તિ સ્પષ્ટ રીતે વાંચી શકે તે મુજબ લગાવવાની રહેશે.

# ખ્યાતિ હોસ્પિટલની ડાયરેક્ટર રાજશ્રી કોઠારીની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનથી કરી ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં વધુ એક આરોપીની રાજસ્થાનથી ધરપકડ કરવામાં આવી છે,મહિલા આરોપી રાજશ્રી કોઠારી કે જેઓ હોસ્પિટલના ડિરેકટરમાં હતા અને તેમની ધરપકડ કરવામાં આવી છે,આ કેસમાં કુલ 8 આરોપીની ધરપકડ કરવામાં આવી છે,હોસ્પિટલનું તંત્ર ઉભુ કરનાર મુખ્ય આરોપી કાર્તિક પટેલ ફરાર છે તે સિવાયના તમામ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં આરોપી રાજશ્રી કોઠારી ધરપકડથી બચવા માટે ત્રણ કેસમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે અંગે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં ગુરુવારે સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં તેમના વકીલ દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે, હું નિર્દોષ છું, મારે આ કેસ સાથે કોઈ જ લેવાદેવા નથી, મને ખોટી રીતે ફસાવી દેવામાં આવી છે, ક્યાંય નાસી કે ભાગી જાઉં તેમ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું. તેથી જામીન પર મુક્ત કરવા જોઈએ.



**■ હોસ્પિટલમાં ડિરેક્ટર રાજશ્રી અને પ્રદીપનો 3.61 ટકા હિસ્સો**

હોસ્પિટલમાં ડિરેક્ટર રાજશ્રી અને પ્રદીપનો 3.61 ટકા હિસ્સો છે, હોસ્પિટલના ડિરેક્ટરો અને ચેરમેનની મીટિંગ મળતી હતી. જેમાં તેઓ વધુને વધુ ગામોમાં ફ્રી કેમ્પ યોજવાનું નક્કી કરતા હતા. ત્યારબાદ તેઓ ગામમાંથી જે દર્દીઓના PMJAY કાર્ડ હોય તેવા દર્દીઓ શોધી કાઢતા હતા. તેઓ દર્દીઓને બીમારીના ઓથા હેઠળ ડરાવતા હતા અને ત્યારબાદ હોસ્પિટલ લાવતા હતા. જ્યાં તેમનું ઓપરેશન કરી દેવામાં આવતું હતું.

**આરોપી કાર્તિક પટેલ હજી ફરાર :** ક્રાઈમ બ્રાન્ચ તરફથી એવો મોટો ખુલાસો કોર્ટ સમક્ષ કરવામાં આવ્યો હતો કે, આરોપી ચેરમેન કાર્તિક પટેલ દ્વારા જ માર્કેટીંગ ટીમને વધુમાં વધુ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવા અને વધુમાં વધુ અમદાવાદ શહેર અને તેની આસપાસના ગામડાઓના વિસ્તારોના ક્લીનીક્સના ડોક્ટર્સનો સંપર્ક કરી PMJAY કાર્ડધારક વ્યક્તિઓને મોટી સંખ્યામાં સારવારના બહાને ખ્યાતિ હોસ્પિટલમાં લાવવા ફરમાન કરાતું હતું.

## ઠંડીમાં ઉત્તર ગુજરાતનું જનજીવન ઠુંઠવાયું

(એજન્સી) અમદાવાદ | તા.14

કચ્છ વિસ્તારમાં હીટવેવની આગાહીના પગલે ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં જોરદાર પલટો આવ્યો છે. લઘુત્તમ તાપમાનનો પારો ગગડતાં હાડ થીજાવતી કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. શુક્રવારે લઘુત્તમ તાપમાનમાં 1 ડિગ્રીનો ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન 10.4 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સતત ફૂંકાઈ રહેલા ઠંડા પવનને કારણે મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શીતલહેર ફેલાઈ છે. નજીકમાં આવેલ રાજસ્થાનના હિલસ્ટેશન માઉન્ટ આબુમાં -3 ડિગ્રી તાપમાન થતાં સર્વત્ર ટાઢ ફરી વળ્યું છે. તેમજ ચોતરફ બરફની ચાદર ફેલાઈ જતાં રમણીય દ્દશ્યો જોવા મળી રહ્યા છે. જેને માણવા કડકડતી ઠંડીમાં પણ ગુજરાત તેમજ રાજસ્થાન પંથકના સહેલાણીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

**ટ્રોમિંગ મશીન ઓછા મૂકી મોટું કૌભાંડ આચર્યું**

# AMCના સત્તાધીશો પર કચરામાંથી કરોડોનું કૌભાંડ કરતા હોવાનો આરોપ

*ગણતરીના વર્ષોમાં કચરાનો નિકાલ થઈ જશે તેવો વાયદો કરાયો હતો*

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદ મનપાના સત્તાધીશો કચરામાં પણ કરોડો રૂપિયાના કૌભાંડ કરતા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પીરાણા ખાતે આવેલા ડમ્પીંગ સાઈટમાં કચરાના નિકાલ માટે 65ના બદલે 25 ટ્રેનિંગ મશીન મુકાયા અને પૈસા પૂરા ચૂકવ્યા હોવાનો આરોપ થઈ રહ્યો છે.

શહેરના નારોલમાં આવેલી પીરાણા ડમ્પીંગ સાઈટના કારણે શહેરની ચમક પર તો દાગ લાગે જ છે, પરંતુ તે કચરાને બાળવામાં આવે છે જેના કારણે આસપાસના લોકોને ચામડીના રોગ થઈ રહ્યા છે, શુદ્ધ હવામળી રહી નથી. જેથી એ કચરાનો નિકાલ કરવા આયોજન કરાયું હતું, જેના માટે 65 જેટલા ટ્રોપિંગ મશીન મૂકવામાં આવ્યા અને હવે ગણતરીના વર્ષોમાં જ કચરાનો નિકાલ થઈ જશે તેવો વાયદો કરાયો હતો. પરંતુ તેમાં હવે કચરાનો નિકાલ નહીં, પરંતુ તેમાં કૌભાંડ થયું હોવાના આરોપ લાગી રહ્યા છે.

વિપક્ષ નેતા શહેઝાદખાનના કહેવા મુજબ 4 વર્ષમાં જ 100 કરોડ રૂપિયાની ચુકવણી તો કરી દેવામાં આવી છે, પરંતુ કામ બરાબર થતું નથી. 65 મશીન મૂકી કચરાની સફાઈ કરી તેનો નિકાલ કરવાનો હતો, પરંતુ 65 પૈકી 25 મશીન જ મૂકવામાં આવ્યા છે અને પેમેન્ટ 65નું કરાઈ દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કહી રહ્યા છે કે અહીં 1980થી આજ સુધીનો કચરો એકઠો થયો છે. 2016માં સ્વચ્છ ભારત મિશન હેઠળ આ કચરાના નિકાલ માટે આયોજન કરાયું અને 500 રૂપિયા મેટ્રિક ટન મુજબ ટેન્ડર અપાયું છે.

